'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર સમ્યક્ શ્રદ્ધા હિતકાર

॥૧૧॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ


અંધશ્રદ્ધા, સંશય, નિષ્ઠા, આસ્તિકતા-નાસ્તિકતા, સમતા

શ્રદ્ધા = પાર્વતી, વિશ્વાસ = શિવ.

શિવની કૃપા વિના ન સિદ્ધિ મળે, ન બ્રહ્મવિદ્યા ફળે.
'શિવ-શિવ એક જ તત્ત્વ' એ શ્રદ્ધા જ કૃપાનું મૂળ છે.
શ્રદ્ધા અને સદ્ભાવ વડે જીવાત્માના હૃદયમાં
બિરાજેલા સાક્ષાત્ શિવમૂર્તિની સેવા કરવી જોઈએ.
જીવનમાં શ્રદ્ધા એ જીવાદોરી છે અને
વિશ્વાસ એ આધારસ્તંભ છે.
શ્રદ્ધા અને વિશ્વાસ એકબીજાનાં પૂરક-પોષક અંગો છે.
આત્મશ્રદ્ધા એ જીવનવિકાસનું ગૂઢતમ રહસ્ય છે.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સંવત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)












**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર સમ્યક્ શ્રદ્ધા હિતકાર

|| ૧૧ ||



પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ

અંધશ્રદ્ધા, સંશય, નિષ્ઠા, આસ્તિકતા-નાસ્તિકતા, સમતા

- **PARAM BHADRANKAR SAMYAK SHRADHDHA HITKAR**

  Personal Diaries comprising of Divine thoughts regarding Faith and its impacts by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 11**

  Year 2025 • સંવત્ ૨૦૮૧ • 500 Copies / 216 Pages • For Private Circulation only.

---

- **PUBLISHER**

  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot

  team@mindfiesta.com

---

- **SPONSOR**

  Smt. Jayaben Chunilal Dodhia (Parasbhai)
  Halar | London

---

- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

  www.bhadrankar.com
  www.navkarday.com
  Amazon Kindle
  Telegram : HastaksharNuAkshayPatra




પરમ કૃપાળુ પ્રભુની અસીમ કૃપાવૃષ્ટિથી પૂજ્ય સાહેબજીના અનુપમ ચિંતનોની ૨૨૪ હસ્તલિખિત ડાયરીઓમાંથી શ્રદ્ધા અને સમતાવિષયક ચિંતનો લઘુભાગ રૂપે આપણા હાથમાં છે. હાં...'શ્રદ્ધા' એટલે આત્મશ્રદ્ધા ઉપરાંત દેવ-ગુરૂ-ધર્મ એવં ૯ તત્ત્વો ઉપરની શ્રદ્ધા. જે જીવો તત્ત્વોનો નિર્ણય કરવા માટે આત્માના જ્ઞાનમાં પુરૂષાર્થ કરે, તેને સાચી શ્રદ્ધા થાય. જ્ઞાન બુદ્ધિ ઉપર નિર્ભર છે, શ્રદ્ધા અનુભવ ઉપર સ્થિત છે. શ્રદ્ધાથી ૭ વસ્તુ ફળે: મંત્ર-ઔષધ-જ્યોતિષ-વિદ્યા-દેવ-ગુરૂ અને ધર્મ. શ્રદ્ધાવાનને જ સાચું જ્ઞાન થાય. ક્રિયાનો ઉદ્દેશ સમજવો તે જ્ઞાન, શ્રદ્ધા એનો પ્રાણ છે. જ્ઞાનપ્રાપ્તિમાં શ્રદ્ધા મુખ્ય તથા તેમાં પણ સર્વજ્ઞના વચન ઉપરની શ્રદ્ધા મુખ્ય છે. ધર્મ તથા માનવીનું દરેક કાર્ય શ્રદ્ધા ઉપર નભે છે. તે વિના કોઈ કાર્ય થઈ શકતું નથી. જ્યાં બુદ્ધિ અટકે, ત્યાંથી શ્રદ્ધા શરૂ થાય. શ્રદ્ધા પરગુણ જૂએ, બુદ્ધિ પરદોષોને શોધે. માનવીના હૃદયની અડગ શ્રદ્ધા એ અહિંસા-કરૂણા ઉપરાંત માનવસુખનો પ્રધાન પાયો છે.

જરા-મરણરૂપી દાવાનળમાં સળગતાં ભવારણ્યમાં અમૃતમેઘની વૃષ્ટિ જેવી સમતા જ સુખનું કારણ છે. તેના બે લક્ષણો: જીવો પ્રત્યે મૈત્રી અને પુદ્ગલ પ્રત્યે માધ્યસ્થ્ય. આવા ઉત્તમ ચિંતનોનો ખજાનો આપણા સુધી પહોંચાડવામાં નિમિત્ત બનેલ સુશ્રાવિકા માતુશ્રી **જયાબેન ચુનીલાલ દોઢીયા** પરિવાર એવં તેમના વિનયી સુપુત્રરત્ન **પારસભાઈ**ની આર્થિક ઉદારતા તથા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**નો જ્ઞાન-ભક્તિપૂર્વકનો અણથક પુરૂષાર્થ પણ અત્યંત પ્રશસ્ય છે!

આ. મનમોહનસૂરિ

હેમપ્રભ વિ.

# મારા ઉપકારીના ઉપકારીનો
# કરું હું ઋણસ્વીકાર,
# કરી નતમસ્તકે નમસ્કાર!



પ.પૂ. અધ્યાત્મયોગી દાદાગુરૂદેવ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીગણિવર્યના જીવન અને જ્ઞાન વિશે મોટાગુરૂદેવ પં.વજ્રસેનવિજયજી મહારાજ ઘણી વાતો કરતા. અમને પૂજ્યશ્રીનાં દર્શન-વંદન-વાણીનો લાભ તો નથી મલ્યો, કિન્તુ ગુરૂદેવ પૂ.હેમપ્રભસૂરિજી મહારાજે જણાવેલ વાતો સુણી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નું વાંચન થતું, એટલે એ લેખિત હિતશિક્ષા ઉપર અહોભાવ તથા બહુમાન વધતાં જ ગયાં.' તેમાં પૂજ્ય ગુરૂદેવે વાત કરી કે: 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ ગ્રંથોમાંથી હવે વિષયવાર શ્રેણીઓ પ્રકાશિત થનાર છે, તેમાં લાભ લેવા જેવો છે. મને તત્ત્વજ્ઞાનથી ભરેલા સાહિત્ય માટે તો ખૂબ જ ભાવ, તેથી પૂર્વે 'આત્મસાધના માર્ગ', ૪૫ આગમ પેટી, ગુજરાતી 'શ્રી ઉપમિતિપ્રપંચ કથા' તથા મંત્રના ૭ ભાગનો લાભ મળેલ છે, તેમાં આ અંતિમ ૧૪ ભાગનો લાભ કેમ જતો કરાય?

પરમ દાદાગુરૂદેવ મારા ઉપકારીના ઉપકારી છે. તેઓની ઉત્તમ વાણી અનેકનું કલ્યાણ કરી રહી છે. આપણને ગમતી વાણી વધુમાં વધુ આત્માઓ સુધી પહોંચે, તેનો અનહદ આનંદ આનંદ છે. પરમાત્મા, પૂજ્ય દાદાગુરૂદેવ, પૂજ્ય મોટાગુરૂદેવ અને પૂજ્ય ગુરૂદેવના ઉપકારોમાં આ એક બહુ જ મોટા ઉપકારનો ઉમેરો થયો છે. આ ગ્રંથના વાંચન દ્વારા સૌને સમકિતની પ્રાપ્તિ થઈ આત્મવિકાસ થાય, તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.



લંડન/હાલાર

પારસભાઈ ચુનીલાલ દોઢીયા

## 'શ્રદ્ધા' એટલે...

પરમાત્મા આપણું કાંઈક કરી શકે છે, એવો વિશ્વાસ.

આવી શ્રદ્ધા હોય, ત્યાં જ સાચી ભક્તિ જાગે.

શ્રદ્ધા એ કોઈ માળાનો મણકો,

કાષ્ઠ-પાષાણની મૂર્તિ અથવા કોઈ પૌરાણિક ગ્રન્થ નથી.

પ્રામાણિકતા, નીતિમત્તા, પ્રેમ, લાગણી અથવા

એવા કોઈ એક શબ્દથી શ્રદ્ધા કરી શકાતી નથી, પરંતુ

આકાશ કે વાયુની જેમ તે સર્વ પાછળ વીંટળાયેલ છે.

પોતાને જે સત્યનું દર્શન થયું હોય,

તેને માનવાના, તદ્રુપ થવાના, જીવનમાં ઉતારવાના,

ક્રિયા દ્વારા તેને આવિર્ભાવ કરવાના

સાધકના સંકલ્પનું નામ છે 'શ્રદ્ધા'.

તે પ્રત્યેક કર્મની પાછળ ગતિ આપનારું બળ છે.

તે વિચાર અને ક્રિયાનું અનુસંધાન કરનારી સાંકળ છે.

શ્રદ્ધા જો સાચી હોય, તો તેની સાથે જ

પ્રેમ, મમતા, વિનય, વિવેક, નમ્રતા ભરેલાં હોય છે.

શ્રદ્ધા = બુદ્ધિને શાસ્ત્રમાં જોડવી.

શ્રદ્ધા = પ્રભુએ કહેલાં ધર્મનું સેવન કરવાનો અભિલાષ.
શ્રદ્ધા = શાસ્ત્ર + ગુરુવચનની સત્યતા ઉપર વિશ્વાસ.
શ્રદ્ધા = સમ્યગ્ જ્ઞાન - દર્શન આદિ મોક્ષમાર્ગની રુચિ.
શ્રદ્ધા = ચિત્ત રૂપી ગુંદરનું શ્રદ્ધેય વસ્તુ સાથે વળગાવું.
શ્રદ્ધા = શુદ્ધ અનુષ્ઠાન પ્રત્યે તીવ્ર રુચિ + અભિલાષા.

'શ્રદ્ધા' એટલે આત્મશ્રદ્ધા,

દેવ - ગુરુ - ધર્મ ઉપરાંત નવ તત્ત્વો ઉપરની શ્રદ્ધા.

શ્રદ્ધા = ગુરુ, ગ્રન્થ અને સૌ મહાપુરુષોના વચન,
વિચાર અને આચરણ ઉપર પૂર્ણ વિશ્વાસ રાખવો તે.
શ્રદ્ધા = શાસ્ત્રોના વાક્યોમાં અખંડ વિશ્વાસ અને
તે પ્રમાણે વર્તન કરવાનો અડગ નિશ્ચય.
'શ્રદ્ધા' એટલે જેના પ્રત્યે શ્રદ્ધા હોય, તે શ્રદ્ધેય મારું
કાર્ય કરશે કે નહીં કરે, એ રૂપ જે વિકલ્પ - સંશય,
તેનાથી રહિત બની મારું કાર્ય અવશ્ય કરશે જ,
એવા નિશ્ચય સાથે વિકલ્પરહિત થવું તે.

જે જીવો તત્ત્વોનો નિર્ણય કરવા માટે
પોતાના જ્ઞાનમાં પુરુષાર્થ કરે, તેને સાચી શ્રદ્ધા થાય.

જેઓ પરજ્ઞેયોને જ જાણવા માટે જ્ઞાનને રોકે છે,
તેઓને જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન થતું નથી.
ક્ષયોપશમ જ્ઞાન જ્યાં લાગે, ત્યાં એક વિષયમાં જ લાગે છે.
પરદ્રવ્યો અનંતાનંત છે.
એકેએક વિષયમાં રોકે, તો કદી તેનો અંત આવે નહીં.
એક સ્વને યથાર્થપણે જાણ્યા વગર પરનું યથાર્થ જ્ઞાન
થતું નથી, તેથી જે જે સંસારી જીવો પોતાનો પુરુષાર્થ
સ્વવિષય તરફ વાળતાં નથી, તે સૌ સંસારી જીવોને
યથાર્થ શ્રદ્ધા અને યથાર્થ જ્ઞાન થતાં નથી.
જ્ઞાન ન વધે, તો પણ શ્રદ્ધાને છોડો નહીં.
જ્ઞાન એ બુદ્ધિ (intellect) ઉપર નિર્ભર છે,
શ્રદ્ધા એ અનુભવ (experience) ઉપર સ્થિત છે
તથા ધર્મ એ વિશ્વાસ (faith) ઉપર નિર્ભર છે.
શ્રદ્ધા અને વિશ્વાસમાં આટલો ફેર છે.

શ્રદ્ધા = ભગવાન આપણું કાંઈ કરી શકે છે, એ વિશ્વાસ.

દેવ-ગુરુમાં વિશ્વાસથી જ ભક્તિ જાગે.

શ્રદ્ધા = અંતરંગ પ્રીતિ, જે objective છે.

વિશ્વાસ = આત્મવિશ્વાસ, જે Subjective છે.

'વિશ્વાસ' એટલે શાસ્ત્રવચનમાં શ્રદ્ધા, ઇચ્છા અથવા

કામના નહીં હઠ અથવા વારંવાર પ્રયત્ન.

શ્રદ્ધાપૂર્વક પ્રશસ્ત વિષયમાં એકાગ્રતા લાવવી,

એ જ ફળની ઉત્પત્તિમાં મુખ્ય હેતુ છે.

એકાગ્રતા તો જ આવે કે 'જેની સ્તુતિ કરીએ છીએ,

તેની સ્તુતિ જરૂર ફળશે' એવો વિશ્વાસ હોય.

માટે વિશ્વાસ સહિત શ્રદ્ધા જ સાધકના લક્ષ્યની

પ્રાપ્તિમાં અસાધારણ કારણ તરીકે મુખ્ય મનાય છે.

પૂર્ણ વિશ્વાસનું નામ 'પૂર્ણ શ્રદ્ધા' છે અને

અપૂર્ણ વિશ્વાસનું નામ 'અપૂર્ણ શ્રદ્ધા' છે.

ધર્મમાં શ્રદ્ધા એટલે ધર્મનું સેવન કરનારને

કદી પણ દુઃખ ન જ આવે, તેવો પરિપૂર્ણ વિશ્વાસ.

## શ્રદ્ધા = પાર્વતી, વિશ્વાસ = શિવ.

શિવની કૃપા વિના ન સિદ્ધિ મળે, ન બ્રહ્મવિદ્યા ફળે.
'શિવ-શિવ એક જ તત્ત્વ' એ શ્રદ્ધા જ કૃપાનું મૂળ છે.
શ્રદ્ધા અને સદ્ભાવ વડે જીવાત્માના હૃદયમાં
બિરાજેલા સાક્ષાત્ શિવમૂર્તિની સેવા કરવી જોઈએ.
જીવનમાં શ્રદ્ધા એ જીવાદોરી છે અને
વિશ્વાસ એ આધારસ્તંભ છે.
શ્રદ્ધા અને વિશ્વાસ એકબીજાનાં પૂરક-પોષક અંગો છે.
આત્મશ્રદ્ધા એ જીવનસાફલ્યનું ગૂઢતમ રહસ્ય છે.

## શ્રદ્ધા = યોગ-યોગાંગના યથાર્થપણાં ઉપરનો વિશ્વાસ.

હૃદયનો ઉચ્ચતમ વિકાસ તે શ્રદ્ધા અને
બુદ્ધિનો ઉચ્ચતમ વિકાસ તે વિશ્વાસ.
જ્યાં સ્નેહ ત્યાં વિશ્વાસ, જ્યાં વિશ્વાસ ત્યાં સ્નેહ.
શ્રદ્ધા ટકાઉ વસ્તુ ઉપર હોય છે અને
આત્માનો દૈવિક અંશ સૌથી અધિક ટકાઉ છે, માટે
તેના ઉપર ધ્યાન આપવાથી વિશ્વાસ કે શ્રદ્ધા જાગે છે.

શ્રદ્ધા એટલે સત્યને ધારણ કરનારી અંતઃકરણ પ્રજ્ઞા,
વિશ્વાસ એટલે વિશ્વને બેસવાનું સ્થાન (વિશ્વં આસ્તે).

<u>એ વાત નિશ્ચિત છે કે...</u>

જેમ ચાણક્ય ઉપરની શ્રદ્ધાથી ચંદ્રગુપ્તને રાજ્ય પ્રાપ્ત થયું,
તેમ ગુરુજનો ઉપરના વિશ્વાસથી
સાધક જીવને અનંત ગુણોનો મહાન લાભ પ્રાપ્ત થાય.
પરમેશ્વર ઉપર વિશ્વાસ રાખવો અને
શ્રદ્ધાપૂર્વક એની ઉપાસના કરવી.

<u>શ્રદ્ધા = સત્યનો પ્રેમ, તીવ્ર રુચિ કે આત્મકલ્યાણની ઉત્કંઠા.</u>

<u>શ્રદ્ધાથી વિશ્વાસ અને વિશ્વાસથી આહ્લાદ આવે છે.</u>

શ્રદ્ધાથી તીવ્રતા, વિશ્વાસથી સૂક્ષ્મતા અને
એકાગ્રતાથી પવિત્રતા વધે છે.
દૃઢ શ્રદ્ધા એટલે પોતાના કર્તૃત્વ ઉપર વિશ્વાસ નહીં,
સામેની વ્યક્તિના માર્ગદર્શન ઉપર વિશ્વાસ.
સ્વની શક્તિનો વિશ્વાસ તે શ્રદ્ધા નહીં,
પરની શક્તિ ઉપર શ્રદ્ધા કે પ્રેમ તે વિશ્વાસ.

## સર્વ ગુણોમાં પાંચ પ્રધાન ગુણો

શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિ, વૈરાગ્ય અને પ્રેમ છે.

શ્રદ્ધા બધા ગુણોની મૂળભૂત છે તથા
વાસના એ વિશ્વાસની પ્રતિબંધક છે.
વિશ્વાસ એ વિશિષ્ટ શ્વાસ છે.
વિશ્વાસનું જ બીજું નામ શ્રદ્ધા છે.
વિશ્વાસ આવે, ત્યારે આપણો વિવેકદીપક
વિષયાદિની ઇચ્છાના પવનથી ન ડરે, તેથી વિવેકચંદ્ર
અચળ બનીને પછી સાધક રહેનાર વિવેકસૂર્ય બને છે.
શ્રદ્ધા એ ભાવપ્રાણ છે, શ્વાસ એ દ્રવ્યપ્રાણ છે.
શ્વાસ દ્રવ્યપ્રાણને ટકાવે, શ્રદ્ધા ભાવપ્રાણને ટકાવે છે.
શ્વાસરૂપી બાહ્ય પ્રાણ વિના મનુષ્ય જીવી શકતો નથી,
તેમ શ્રદ્ધારૂપી ભાવપ્રાણ વિના
આત્મા એક ક્ષણ પણ ન જીવી શકે, કિન્તુ
આપણ ઈશ્વરના શ્રદ્ધાબળે જ જીવ જીવે.
ટકાવનાર ભાવના = ભક્તિ, શ્રદ્ધા, વિશ્વાસ.

શ્રદ્ધાનું સ્થાન મન છે, વિશ્વાસનું સ્થાન બુદ્ધિ છે.

એ બંને પ્રભુને સમર્પિત થઈ જાય, ત્યારે
તે બંનેના દોષો બળીને ભસ્મીભૂત થઈ જાય છે.
વિશ્વાસ બુદ્ધિમાં અને શ્રદ્ધા મનમાં રાખવા જોઈએ.

શ્રદ્ધાનું લક્ષણ : અપ્રત્યક્ષમાં પ્રત્યક્ષવત્ વિશ્વાસ.

પોતાનામાં અડગ શ્રદ્ધા પેદા કરવા માટે
નિશ્ચળતા અને વિશ્વાસને જીવનમાં અપનાવવા પડશે.
એ નિશ્ચળતા - શુદ્ધચિત્તતા મેળવવા પરહિતચિંતા જરૂરી.

આપણામાં અપરિમિત શક્તિનો પ્રવાહ
ફેલાવા તથા પ્રસરવાને માટે સદા તૈયાર જ રહે છે.
આપણે એ અપરિમિત શક્તિને શ્રદ્ધાથી ઓળખી અને
એના પ્રચંડ વેગને આપણી મનઃસ્થિતિમાં સંભાળીએ
તથા સત્કર્મમાં જોડીએ, તો પોતે આપણને તો સુખ
મળશે જ ઉપરાંત અન્યને પણ સુખ આપી શકીશું.

શ્રદ્ધા - વિશ્વાસ ને આસ્તિક બુદ્ધિ એ
એકાગ્રતા, પ્રકાશ અને શક્તિની જન્મભૂમિ છે.

# પ્રગતિ માટે જરૂરી અચલ શ્રદ્ધાની ૪ શરતો

ધ્યેયની સાથે તાદાત્મ્ય એ શ્રદ્ધાની પહેલી શરત છે. બીજી શરત અભય છે. મનમાં ભય હોય, ત્યાં સુધી લક્ષ્ય સાધી શકાતું નથી. નિર્ભય બનીને જ સ્વલક્ષ્ય પ્રતિ ગતિ કરી શકાય. નિર્ભય હંમેશા નિઃશંક હોય છે. લક્ષ્ય ઉપર અનુરાગ, વૈચારિક સ્થિરતા તેના ચિહ્ન છે. સાધનોની સફળતામાં વિશ્વાસ શ્રદ્ધાનું ત્રીજું અંગ છે. સાધકના સાધનમાં શ્રદ્ધા ન હોય, તો ધ્યેયસિદ્ધિ ન થાય.

શ્રદ્ધાની ચોથી શરત વિનમ્રતા છે, કિન્તુ તેનો અર્થ 'બધું સમાન છે' એમ નથી.

સામાન્ય માનવીને જેટલો વિશ્વાસ પોતાના દેહના અસ્તિત્વ અને તેની ક્ષણભંગુરતા ઉપર હોય, તેટલો જ આસ્તિકને આત્માના અસ્તિત્વ અને આત્માની શાશ્વતતા કે અમરતા પ્રત્યે હોય. 'દેહાધ્યાસથી જીવ સંસારમાં ભમે, આત્માધ્યાસથી મોક્ષ' એવી તેને અટલ શ્રદ્ધા હોય છે.

## શ્રદ્ધાને સ્થિર કરવાના ચાર અંગ:
## વિધિ, વિશ્વાસ, ઇચ્છા અને પ્રયત્ન.

વિધિમાં અર્હંત અને પવિત્ર સ્થળ, સ્વચ્છ શરીર, શુદ્ધ વસ્ત્રો, પવિત્ર - બહુમાનયુક્ત મન, ઉત્તમ વસ્તુ, ત્રિસંધ્યા સમયે શાસ્ત્રોક્ત ક્રિયાપૂર્વક સર્વ જીવોના કલ્યાણની ભાવના અને આત્મહિત માટે સમાધિ.

શ્રદ્ધા વિના સમકીત નહિ. શંકા = સમકીતમાં શલ્ય.

વિશ્વાસ, ઇચ્છા, પ્રયત્ન વિના એ શ્રદ્ધા સ્થિર ન બને.

શ્રદ્ધા અને વિશ્વાસ ઇચ્છાશક્તિ જન્માવે છે.

ઇચ્છાથી પ્રયત્ન થાય. શ્રદ્ધા, વિશ્વાસ, ઇચ્છા અને પ્રયત્ન - એ ચારે જ્યારે મળે, ત્યારે 'ધ્યાન' ગણાય છે.

## વિશ્વાસ અને શ્રદ્ધાની જુગલબંધી શું કરે?

વિશ્વાસ ગુરુના વચન ઉપર, શ્રદ્ધા સ્વપ્રયત્ન ઉપર. બન્ને મળવાથી જ અભ્યંતર કાર્યની સિદ્ધિ થાય છે. ગુરુનું બળ ગુરુવચન ઉપર વિશ્વાસ રાખનારને મળે, જે શ્રદ્ધાને જન્માવવાને સફળ પ્રયત્ન કરાવે છે.

# શ્રદ્ધાથી ૭ વસ્તુઓ ફળે

મંત્ર[1], ઔષધ[2], જ્યોતિષ[3], વિદ્યા[4], દેવ[5], ગુરુ[6] અને ધર્મ[7].

સમગ્ર સંસાર સંશયથી ચાલે છે.

જેણે સંશય જાણ્યો, તેણે સંસાર જાણ્યો. તેને સાધ્યમાં ટંકશા સંશય રહેય પણ સાધન ના હેતુમાં શ્રદ્ધા રહેય.

શ્રદ્ધા બે રીતે જાગે છે: ભયથી અને લોભથી.

તેના વળી બે-બે પ્રકાર છે: ઇહલૌકિક, પારલૌકિક.

ભય કાર્ય તો કરાવે છે પણ તેનું ફળ મળશે કે નહીં, તેનો સંશય પણ રખાવે છે. દુઃખનો ભય એ ભયને વધારનારો છે, પાપનો ભય દુઃખના ભયને નિવારે છે. આ બંને ભય જીવને ધર્માભિમુખ બનાવવા જરૂરી છે.

ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મ પણ શ્રદ્ધાપ્રધાન, ભક્તિપરાયણ છતાં ય જ્ઞાનપરાઙ્મુખ છે.

'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં, સંશયાત્મા વિનશ્યતિ ।'

અર્થાત્: શ્રદ્ધાવાન મનુષ્ય જ્ઞાન પામે છે, સંશય રાખે, તો નુકસાન થાય - નાશ પામે છે.

જ્ઞાનના વિકાસ માટે શ્રદ્ધા એ પહેલું પગથિયું છે.

એનાથી જો જીવન સફળ થાય, માનેલી વસ્તુઓ ભવિષ્યમાં બુદ્ધિગમ્ય થાય, 'આ જગતની દરેક પ્રવૃત્તિ અસ્તવ્યસ્ત નથી, પરન્તુ એક સનાતન નિયમથી છે' એવી પ્રતીતિ થાય, તો શ્રદ્ધા યથાર્થ, અન્યથા એ શ્રદ્ધાને અયથાર્થ માનીને તેને છોડી શકાય છે.

પૌદ્ગલિક વસ્તુઓનું જ્ઞાન કરાવવા ભૌતિક ઇંદ્રિયો છે, તેમ 'શ્રદ્ધાન' એ આત્માની દિવ્ય દર્શનની શક્તિ છે, જે દ્વારા આધ્યાત્મિક વસ્તુઓનું ભાન થાય છે.

શ્રદ્ધાનો પાયો આત્મદર્શન - આત્માનુભવ છે.

આત્માનુભવ થાય, તેનામાં જ ખરી શ્રદ્ધા પરિણમે.

ત્રણ અને ત્રણ મળીને છ થાય અથવા બિંદુ એ છે કે જેને લંબાઈ કે પહોળાઈ ન હોય, એ બાબત - વિદ્યાર્થી માટે કેવળ શ્રદ્ધાનો વિષય છે.

સિદ્ધિ રેલ્વે સ્ટેશન છે, સાધન ટ્રેન છે. શ્રદ્ધા અને સમજણ એ બે પાટાની જેમ એકનિષ્ઠ સમજણ છે.

પ્રશ્ન : જ્ઞાનાવરણાદિ ક્ષયોપશમને ચક્ષુ કહેવા જોઈએ,
કેમકે તેથી જ જોઈ શકાય, તો મિથ્યાત્વમોહ ક્ષયોપશમ
સાધ્ય તત્ત્વરુચિ રૂપ શ્રદ્ધાને 'ચક્ષુ' કેમ કહી ?

ઉત્તર : ચક્ષુહીન જેમ નીલાદિ રૂપને ન જોઈ શકે,
તેમ શ્રદ્ધાવિહીન જીવાદિ તત્ત્વને ન જોઈ શકે.
શ્રદ્ધાવિહીન તો જોવા છતાં ન જોયાં બરાબર થાય છે,
કેમકે તદનુરૂપ વર્તન કરી શકાતું નથી.
આવી શ્રદ્ધા પ્રાપ્ત થવી દુષ્કર કે વગર ક્લેશે મળી શકે
તેવી સુલભ નથી, તે ભગવત્કૃત અનુગ્રહ કે ભગવાનનો
પ્રસાદ પ્રાપ્ત કર્યા વિના ન મળે, જે ભક્તિથી લભ્ય છે.
ભગવાન પ્રત્યે ભક્તિ જાગ્યા વિના
ભગવદનુગ્રહ થતો નથી, અનુગ્રહજન્ય ફળ મળતું નથી.
શ્રદ્ધારૂપી ચક્ષુ - દર્શન યા અવલોકન શક્તિ ભગવત્
કૃપા વિના સાધ્ય થતી નથી. કાળ પણ આ શ્રદ્ધા પ્રાપ્ત
થવામાં પ્રતિબંધક થતો નથી, કિન્તુ સહાયક થાય છે.
આવી શ્રદ્ધા થવામાં કાળ ઉપયોગી બને છે.

## શ્રદ્ધા દૃષ્ટિ ચક્ષુ સહિત લાગણી.

લાગણીશૂન્ય જોવું એ જોવું નહિ, છતી આંખે આંધળાપો છે.

'દર્શન' શબ્દ - મૂળ ચાક્ષુષ અનુભવ પછી અતિંદ્રિય
અતિસ્પષ્ટ અથવા ચક્ષુનિરપેક્ષ મનોગત અનુભવ.
અતિસ્પષ્ટ મનોગત અનુભવની શ્રદ્ધા એનાં સાધન
તર્ક, ઉત્પત્તિ અને તેને નિરૂપતા ગ્રન્થો માટે વપરાય.
કલ્પનાનો ભગવાન નહીં - 'ભગવાન છે જ' તેવી
કલ્પના કરવી જોઈએ. તો જ અસલી ભગવાનનો
પ્રથમ અનુભવ અને તે પછી સ્મરણ શક્ય બને.
સર્વશક્તિમત્તાનું ભાન, શ્રદ્ધા સાથે ક્રિયા,
ક્રિયા દ્વારા સ્મરણ અને કલ્પના શાશ્વત રહે છે.
કલ્પનાની જે શક્તિ દ્વારા મનુષ્ય સ્થળ, કાળ, વસ્તુ
પ્રત્યે દૃષ્ટિ ફેરવી ગમે તે ભૂમિકા સુધી પહોંચી શકે,
તે કલ્પનાની શક્તિનું મહત્વ ઘણું નાનું - સૂનું નહિ.
એ કલ્પનાશક્તિ શ્રદ્ધાની જ એક વિભૂતિ છે.
અંગ્રેજીમાં તેને 'faith cure' કહે છે.

# શ્રદ્ધા અને સ્વરૂપજ્ઞાન

શ્રદ્ધા એટલે સુદૃઢતા, એકનિષ્ઠતા, પરિપૂર્ણ નિશ્ચળતા.
તેના અભાવે સ્વરૂપજ્ઞાન નબળાઈ કે અર્થહીન બને.
શ્રદ્ધા વિના માત્ર દૃષ્ટિ કે જ્ઞાન તેટલાં ઉપયોગી નથી,
જેમ કે વિષ મારે, અગ્નિ બાળે, તેમ પાપ દુઃખ આપે,
એ નિશ્ચય હોવા છતાં શ્રદ્ધાની ખામીને કારણે
વિષ અને અગ્નિની જેમ પાપથી પાછા ફરાતું નથી.
પ્રવૃત્તિમાં દૃઢતા લાવવા માટે શ્રદ્ધાના બળની જરૂર છે.
જ્ઞાન અને વિવેકને સક્રિય કરાવનાર શ્રદ્ધા છે.
અહીં શ્રદ્ધાનો અર્થ પરિપક્વ જ્ઞાન - પરિપક્વ વિવેક.
જે જ્ઞાન અને વિવેક જીવનમાં ઉપયોગી ન બને,
તેની ઉપર પૂર્ણ શ્રદ્ધા પ્રગટી નથી, એ સાબિત થાય.
જ્ઞાન અને વિવેક કરતાં પણ
શ્રદ્ધાની અગત્ય કેટલી છે, તે હવે સમજાશે.
એવી શ્રદ્ધા યથાર્થ વક્તાનાં વિશ્વાસથી, શ્રદ્ધાળુ પુરુષોના
સંસર્ગથી તથા, તેઓના ચારિત્ર સાંભળવાથી આવે છે.

વિવેક અને પરીક્ષા વિના શ્રદ્ધા સંભવતી જ નથી.
ખરી વાત એ છે કે શ્રદ્ધાને દર્શનજ્ઞાનનો પાયો માનવાથી
વિવેક કે કસોટી બધું ઉડી જતું નથી.
એકલો વિવેક કે તર્કવાદ આર્થિક વેપારીની જેમ
કમાણી કરશે, પરન્તુ સંચય કે ઉપભોગ નહીં કરી શકે.
જો એને જ જ્ઞાનનો પાયો બનાવવામાં આવે,
તો તેના ઉપર આધ્યાત્મિકતાની મહેલાત ન ચણી શકાય.
શ્રદ્ધા જ એ મહેલાતના પાયાને મજબૂત બનાવે છે.
સમ્યગ્ દર્શનને જ્યારે કેવળ શ્રદ્ધા ઓળખાવાય,
ત્યારે પોતાના શુદ્ધ રૂપને ઉપાદેય માની,
અશુદ્ધ રૂપનો ત્યાગ કરવાનો નિશ્ચય, એ શ્રદ્ધા છે.
'હું શુદ્ધ ચૈતન્યમય આત્મા છું, બાકી બધા પ્રપંચજાળ છે'
એ શ્રદ્ધાનું શુદ્ધ સ્વરૂપ છે. આત્મસ્વરૂપને વિષે
જેને પાકી શ્રદ્ધા છે, તેને ત્રણ ભુવનનું રાજ્ય મળે, તો
પણ એમ માને કે એ રાજ્ય મારું નથી, કર્મજનિત છે,
તેથી લાભ-હાનિ પ્રસંગે તીવ્ર હર્ષ-શોક કરે નહીં.

# <u>શ્રદ્ધા એ નગદ મૂડી છે.</u>

'વસ્તુમાત્રની પરીક્ષા કરો પણ જે સુવર્ણ સિદ્ધ થાય, તેને કથીર માનીને ફેંકી ન દેશો' એમ શ્રદ્ધાવાદીઓનું કહેવું છે. વારસામાં મળેલી શ્રદ્ધા એ અમૂલ્ય ધન છે. શ્રદ્ધાને જો ચિન્તન, મનન, અભ્યાસ કે પરીક્ષા દ્વારા સંગીન કે સ્થિર ન બનાવાય, તો તે નાણું હોવા છતાં ખરેખરી ભીડ વખતે કામમાં આવતું નથી.

શ્રદ્ધા ધૈર્ય - સાહસ અને બળ પ્રગટાવે છે.

ઐશ્વર્ય અથવા આફત વચ્ચે પણ જેને 'હું તો આત્મસ્વરૂપ જ છું' એવી અચલ શ્રદ્ધા રહે છે, એને સૌ પોતાના આત્માના જ અંશ દેખાવા લાગે છે, તેથી તેના દિલ રૂપ જ્ઞાન પ્રધાન થાય છે, તો પણ હેયોપાદેયની જાગૃતિ ન થાય, ત્યાં સુધી નિરર્થક છે. તે છતાં શ્રદ્ધા જ તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન બની જાય છે.

<u>જેની પાસે શ્રદ્ધા છે, તેને જ સાચું જ્ઞાન થાય છે.</u>

<u>ક્રિયાનો ઉદ્દેશ સમજવો તે જ્ઞાન, શ્રદ્ધા એનો પ્રાણ છે.</u>

'શ્રદ્ધા પછી વિશેષ જ્ઞાન જોઈએ છે' તેનો અર્થ એ કે:

શ્રદ્ધા તો માત્ર સામાન્ય જ્ઞાન છે,
પ્રવૃત્તિ માટે તો વિશિષ્ટ જ્ઞાન જોઈએ.
વિશિષ્ટ જ્ઞાન = સ્વરૂપ, ગુણ, કર્મ, ધર્મ વગેરેનું જ્ઞાન.
શાસ્ત્રો પણ ઈશ્વરનો સામાન્ય બોધ જ કરાવે છે,
વિશિષ્ટ બોધ તો સાધનાની જ અપેક્ષા રાખે છે.
શ્રદ્ધાવાનને ઈશ્વરની પ્રાપ્તિમાં વિલંબ નથી.
શ્રદ્ધાથી અંતરજ્ઞાન - આત્મજ્ઞાન વધે છે.

બુદ્ધિથી બાહ્ય અથવા ભૌતિક જ્ઞાનની વૃદ્ધિ થાય છે.
જે માણસમાં શુદ્ધ શ્રદ્ધા હોય, તેની બુદ્ધિ જાગૃત હોય.
આત્મશ્રદ્ધા એ અહંકાર નથી પણ જ્ઞાન છે. વિશ્વની
તમામ સંસ્કૃતિ આત્મશ્રદ્ધા ઉપર જ અવલંબી રહેલી છે.
'આરાધ્યત્વેન જ્ઞાનં ભક્તિઃ ।' ભક્તિ એક પ્રકારે જ્ઞાન
જ છે, જેમાં આરાધ્ય તત્ત્વની વિશેષતાનું ગ્રહણ થાય છે.
શ્રદ્ધા અને ભક્તિ બંને આરાધકમાં હોવા જરૂરી છે,
છતાં બંનેમાં જે તફાવત છે, તે એના જ્ઞાનમાં જ છે.

શ્રદ્ધા સ્ત્રી છે, જ્ઞાન પુરુષ છે.

બંનેના યોગથી ભગ-જ્ઞાન-તેજ-બળ ઉત્પન્ન થાય છે.
જ્ઞાનમય નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાય આત્માનું સ્વરૂપ છે.
તેનો સ્વામી આત્મા છે. એ વિરાટ જ્ઞાન વસ્તુનું
સ્વામીપણું જ્યારે શ્રદ્ધા અને જ્ઞાનમાંથી ખસી જાય,
ત્યારે તે શ્રદ્ધા અને જ્ઞાન સમ્યક્ બને છે.

મહાવીર પ્રભુએ ચીંધેલા માર્ગે ચઢેલા પ્રબળ વીર છે,
તેમની વીરતા જ તેમને આ માર્ગે આગળ વધવા
જરૂરી વૈરાગ્ય, શ્રદ્ધા, જ્ઞાન અને ઉત્સાહ આપે છે.

જ્ઞાન માટે આત્મવાદ, શ્રદ્ધા માટે કર્મવાદ અને
ચારિત્ર માટે સ્યાદ્વાદ આવશ્યક છે.

તીવ્ર ઇચ્છાશક્તિ પ્રગટે ત્યારે ઉત્પન્ન થાય, જ્યારે
સમ્યક્ જ્ઞાનના પ્રયોગમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોય.
શ્રદ્ધા વગર માણસમાં આત્મવિશ્વાસ આવતો નથી અને
આત્મવિશ્વાસ વગરનો મનુષ્ય આ દુનિયામાં
કાંઈ જ મેળવી શકતો નથી.

'આત્મા માણિક્ય છે' એવું જ્ઞાન થાય છે, કિન્તુ
એ જ્ઞાનને શ્રદ્ધાથી પોતે સ્વીકારે, તો જ ફળપ્રદ બને.

સ્વીકાર કર્યા બાદ જેનું પરિણામ નજરે પડે છે,
ત્યારે આપોઆપ તેના કદર, તેના પ્રત્યે દૃઢ વિશ્વાસ,
આદર અને બહુમાન જાગે છે.

શાસ્ત્ર કરતાં શાસ્ત્રકાર તથા જ્ઞાન કરતાં ગુરુ જ્ઞાની
વધુ આદરણીય છે, અન્યથા શ્રદ્ધા જો ન કેળવાય, તો
જીવ એક ડગ ગુરુ વિશ્વાસમાં આગળ વધી શકે નહીં.
જ્ઞેય અનંત - જ્ઞાન અનંત - ગુરુ જ્ઞાતા એક છે,
જેમ શાસ્ત્ર અસંખ્ય છે, તેમાં કહેલ વસ્તુ અનંત છે,
કિન્તુ શાસ્ત્રકાર એક જ છે.

જેમ કે ઔષધ અનેક છે, દવા અગણિત છે,
વૈદ્ય કે ડૉક્ટર શ્રદ્ધા મૂકવા લાયક છે અને
એ એક ઉપરની શ્રદ્ધા - સર્વ ઔષધનું,
દવાઓનું કાર્ય જે રોગ હરવાનું, તે કરવા સમર્થ છે.
શ્રદ્ધામાં જ્ઞાન - જ્ઞાનમાં શ્રદ્ધા અંતર્ગત રહેલાં જ છે.

જ્ઞાનસમાધિવાનનો સંયોગ અને શ્રદ્ધાની વૃદ્ધિ થાય છે.

જ્ઞાન વિના શ્રદ્ધા થવાની નહિ,
તો પણ આરાધ્ય-મૂર્તિઓમાં તે જ જ્ઞાન આવે,
કે જે જ્ઞાન પવિત્ર માન્યતાવાળું હોય, જેમ કે:
'આસ્રવ હેય અને સંવર ઉપાદેય - આદરણીય છે.'
અહિંસામાં પ્રેમ, જ્ઞાનનો પ્રકાશ, વાત્સલ્ય ભરેલાં છે,
તેમાં સદાચરણની સુવાસ - શ્રદ્ધાનું સંગીત રહેલું છે.
આપણે જો માનસિક વિચારોને દૈવી રૂપ આપવા માટે
ચાહતાં હોઈએ, તો જ્ઞાનદર્શનો આશ્રય લેવો જોઈએ.
શ્રદ્ધાપૂર્વક ઉપરાંત ઈર્ષારહિત ભાવથી જ
તેનું પરિપૂર્ણ ફળ મેળવી શકાય છે.
વિદ્વત્તા અહંકારની જનની બની શકે, જ્યારે જ્ઞાન
સદ્‌ગુરુ પાસેથી પ્રાપ્ત થયું હોય, અંદર ઉતર્યું હોય,
પ્રત્યયાત્મક અને શ્રદ્ધાવિધાયક નીવડ્યું હોય, તો
તે મેળવનાર જ્ઞાની ઉત્તરોત્તર વિનમ્ર બનતો જાય છે
તથા તેના અહંનું વિગલન થતું જાય છે.

## જ્ઞાનની કસોટી શ્રદ્ધા.

જે જ્ઞાન શ્રદ્ધાને વધારે, તે જ્ઞાન સમ્યગ છે તથા
જે જ્ઞાન અશ્રદ્ધાને જન્માવે, તે જ્ઞાન મિથ્યા છે.
નાનું બાળક મા તરફની શ્રદ્ધાથી જ જીવે - મોટું થાય છે.
ધર્મમાતા તરફ તે જાતની શ્રદ્ધા તો જ જાગે કે
જો પોતે શિશુ બની પોતાની જાતને અસમર્થ માને.
એક સર્વજ્ઞ ભગવંત જ સમર્થ છે,
ત્યાં સુધી મોહ પૂર્ણ હોય, તો પણ તે અસમર્થ છે.
મોહ પૂર્ણને પણ ધર્મશ્રદ્ધા રૂપી
માતાનો પાલવ પકડીને જ સમર્થ થવાનું હોય છે.
તે જ શ્રદ્ધા સાચી કે જે સમત્વને સ્થિર કરે,
તે જ જ્ઞાન સાચું કે જે સમત્વને પોષક હોય અને
તે જ વર્તન સાચું કે જે સમત્વને ક્રિયાશીલ બનાવે.
સાચું તત્ત્વજ્ઞાન અરિહંત શ્રદ્ધા, તપ - ત્યાગયુક્ત
કરુણા દ્વારા મળતો અંતરનો પ્રકાશ કે અનુભવ.
ઋત-સત્ય પામવા પૂર્ણ શ્રદ્ધા - સર્વાંગીણ સમર્પણ જોઈએ.

જ્ઞાનપ્રાપ્તિમાં પહેલા શ્રદ્ધા મુખ્ય છે.

સદ્ગુરુના વચન ઉપરની શ્રદ્ધા મુખ્ય છે,
તેથી જ મનુષ્યની સાબિત, પરિક્ષાઓ અને
ભિન્ન ભિન્ન બુદ્ધિના તર્કો અપ્રમાણભૂત - અશ્રદ્ધેય છે.
જાગતી શ્રદ્ધા મનુષ્યને જરૂરી જ્ઞાન અને બળ આપે,
વિપત્તિ સહન કરવાની શક્તિ ચારિત્રના બળમાંથી મળે
અને ચારિત્રબળ શ્રદ્ધા અને જ્ઞાનમાંથી જન્મે છે.

'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।
જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિ-મચિરેણાધિ ગચ્છતિ ॥'

અર્થાત્: જ્ઞાનમાં તત્પરતા, ઇંદ્રિયોના સંયમવાળો અને
શ્રદ્ધાવાન જ્ઞાન મેળવે છે. જ્ઞાન મેળવીને જલ્દીથી
વળી પરમ શાંતિને પહેલા તે પામે છે. - ગી૦૪-૩૯

'મુમુક્ષુતામાંથી નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ઉઘડશે'
અર્થાત જેને શ્રદ્ધા છે, તેને
અવિકારથી જૂદા સ્વભાવની શ્રદ્ધા નથી.
તેને રાગની અને વીતરાગથી વિરોધભાવની ભક્તિ છે.

# અનંતો પુરુષાર્થ

'હું અનંત જ્ઞાનાનંદસ્વરૂપી છું અને વિકારસ્વરૂપી નહિ'
એવી શ્રદ્ધા કરવામાં જ્ઞાનની અનંતી ક્રિયા થઈ,
ઉપરાંત અનંતો પુરુષકાર પુરુષાર્થ થશે.
કેવળ જ્ઞાયક સ્વભાવ તરફ જ્ઞાનાનંદમાં ઠરવામાં
શ્રદ્ધાની અનંતી ક્રિયા થઈ તથા કેવળ જ્ઞાયક સ્વભાવ
સ્વરૂપ જાણવામાં ચારિત્રની અનંતી ક્રિયા થઈ.
આ સિવાય જ્ઞાનની, શ્રદ્ધાની કે ચારિત્રની
બાહ્ય ક્રિયાઓ માત્ર વ્યવહાર માર્ગ છે, તે ક્રિયાઓ
દેવાદિ ગતિ આપી નિગોદાદિ દુર્ગતિમાં પાડનાર છે.
પર સાથે એકત્વપણાંની બુદ્ધિ તે અભેદજ્ઞાન.
પર સાથે ભેદપણાંની બુદ્ધિ તે જ્ઞાન.
સાચી સમજણ = પરપદાર્થની રૂચિ ખસી આત્મરૂચિ જાગે.
જ્ઞાનઘન આત્માની શ્રદ્ધા થતાં અનંતી નિર્જરા થાય,
તેમાં સ્થિરતા વધતાં કેવળજ્ઞાન થાય છે, અહિં આ
ભેદજ્ઞાનનો નકાર અનંતો સંસાર વધારનાર છે.

શ્રદ્ધાપૂર્વકનું જ્ઞાન નિર્ભયતા અપાવે છે.

શ્રદ્ધા - ભક્તિથી ભરપૂર હૃદય આત્મજ્ઞાન માટે જરૂર છે!

વિકૃત જ્ઞાન એ રાગ છે, વિકૃત શ્રદ્ધા એ દ્વેષ છે
અને વિકૃત વર્તન એ મોહ છે.

શ્રદ્ધામાં રાગનો નાશ = રાગમાં મારાપણાંની કલ્પના.

જ્ઞાનની વૃદ્ધિ જ્યારે જ્ઞાનની અલ્પતા જણાવે છે,
જરૂર! ત્યારે જ શ્રદ્ધા શરૂ થાય છે.

શ્રદ્ધા તો અગમ્ય પ્રદેશોમાં પણ આત્માને પહોંચાડે છે,
તેથી જ્ઞાન કરતાં પણ શ્રદ્ધા તો પુષ્ટતર છે.

શ્રદ્ધા ભક્તિમાં પ્રેરે છે, જેને પરિણામે મુક્તિ મળે છે.

જ્ઞાનનું મૂળ શ્રદ્ધા અનંતામાંથી ઉગારી જ્ઞાનમાર્ગે વાળે છે.

આત્મપ્રાપ્તિ દશાનો અનુભવ ક્યારે થાય ?

એક માત્ર સત્ચિદ્‌સ્વરૂપ - આનંદસ્વરૂપ આત્મા,
તે અને તમે એક જ છો. એવા અનુભવમાંથી જન્મેલી
શ્રદ્ધા અને જ્ઞાનસહિત જો આત્મામાં ડૂબકી મારી,
તો તમે આત્મપ્રાપ્તિની દશાના અનુભવમાં આવશો.

# શ્રદ્ધા અને બુદ્ધિની જુગલબંધી

મનુષ્યના સ્વભાવમાં શ્રદ્ધા અને બુદ્ધિ બંને તત્ત્વો છે.
કોઈમાં શ્રદ્ધા મુખ્ય ભાગ ભજવે છે, તો કોઈમાં બુદ્ધિ!
માત્ર બુદ્ધિમાં ઘણી સાચી બાબતો છૂટી જવાનો અને
માત્ર શ્રદ્ધામાં ઘણી અસત્ય વસ્તુઓનો
સ્વીકાર થઈ જવાનો દોષ રહેલો છે.

એકમાં સ્વાશ્રયપણું હોવાથી અનુભૂતિમાં પ્રતીતિનું ભાન - એ દોષરૂપ છે, બીજામાં પરાશ્રયપણું હોવાથી બુદ્ધિના શક્ય વિસ્તારનો પણ નાશ થાય છે, એ દોષરૂપ છે.

બુદ્ધિ સૌરશક્તિ છે, શ્રદ્ધા ચાન્દ્રીશક્તિ છે.
બુદ્ધિનો પ્રકાશ જ્ઞાનેન્દ્રિયો દ્વારા થાય છે, જ્યારે
શ્રદ્ધાનો પ્રકાશ મન દ્વારા થાય છે.

શ્રદ્ધાનું કાર્ય સૂક્ષ્મ તત્ત્વો - બુદ્ધિનું સ્થૂળને પકડવાનું.
શ્રદ્ધા ભલે બુદ્ધિગ્રાહ્ય ન હોય, કિન્તુ અનુભવગ્રાહ્ય છે.
બુદ્ધિપ્રામાણ્ય કરતાં અનુભવપ્રામાણ્ય ચઢિયાતું છે.
એક પરોક્ષ - અસ્પષ્ટ છે, બીજું પ્રત્યક્ષ - સ્પષ્ટ છે.

ગણિતનો દાખલો ભલે બુદ્ધિથી ગણાય,
આત્મજ્ઞાન બુદ્ધિથી ન થાય, શ્રદ્ધાથી થાય.

અગાધ સમુદ્રનું જેને ભાન ન હોય, તેને નદી-નાળાંના દૃષ્ટાંતથી બોધ જ્ઞાન અપાય, તેમ ઈશ્વરનું જ્ઞાન શ્રદ્ધા-પ્રેમ-વાત્સલ્યના સાંશરૂપ પિતા-માતાદિના દૃષ્ટાંતે અપાય.

બુદ્ધિનો વિષય પરોક્ષ છે, શ્રદ્ધાનો વિષય પ્રત્યક્ષ છે.
બુદ્ધિ સામાન્યગ્રાહી છે, શ્રદ્ધા વિશેષગ્રાહી છે.
બુદ્ધિ વિચાર માંગે છે, જ્યારે શ્રદ્ધા અનુભવ માંગે છે.

એ સાચું છે કે...

ધર્મમાં શ્રદ્ધાનું સ્થાન મહત્ત્વનું છે, પરંતુ એનો અર્થ એ નથી કે ધર્મ ફક્ત શ્રદ્ધા ઉપર ચાલે છે.
ધર્મ અને બુદ્ધિ વિરોધી નથી - બંને એકબીજાના પૂરક છે.

ધર્મ શ્રદ્ધા ઉપર ચાલે છે, એ સાચું છે,
કિન્તુ માનવીનું કયું કાર્ય શ્રદ્ધા ઉપર નથી ચાલતું?

શ્રદ્ધા વિના આપણું વ્યવહારિક કાર્ય થઈ શકતું જ નથી.
એક સમજ છે: જ્યાં બુદ્ધિ અટકે, ત્યાંથી શ્રદ્ધા શરૂ થાય.

ધર્મમાં શ્રદ્ધા જરૂરી છે, પરંતુ
જ્યાં પ્રશ્નોના જવાબ બુદ્ધિ આપી શકે, ત્યાં નહીં.
'ધર્મ' એટલે પવિત્ર ઉદાત્ત ચારિત્ર.

જ્યાં જ્યાં ચારિત્રની ભાવના વસે છે, ત્યાં ત્યાં ધર્મ છે.
બુદ્ધિ અને શ્રદ્ધાનું સમાધાન એ આજના યુગની મુખ્ય
જરૂરીયાત છે. બુદ્ધિ અને શ્રદ્ધા એકબીજાના વિરોધી
ન બનતાં એકબીજાની ન્યૂનતાના પૂરક બનશે, ત્યારે
સૌના જીવનમાં શાંતિનું પ્રાગટ્ય આપોઆપ જ થશે.
ધર્મ શ્રદ્ધા ઉપર સંભવે છે અને ધર્મનું ઉદ્ભવસ્થાન
માનવામાં રહેલો ભય જ છે, જે જ્ઞાનપ્રકાશ સાથે
દૂર થતો જવાથી ધર્મની આવશ્યકતા ઓછી થતી જાય છે.
આથી ખોટી માન્યતા પ્રચલિત થઈ કે બુદ્ધિનો સંપૂર્ણ
વિકાસ થતાં આ પૃથ્વી ઉપરથી ધર્મ તદ્દન અદૃશ્ય થશે.
આપણે જે યુગમાંથી પસાર થઈ રહ્યા છીએ, તે યુગધર્મ
અને જીવનના સંબંધની મહાન વિચારણા માંગે છે,
કેમકે આ યુગ બુદ્ધિપ્રધાન છે.

શ્રદ્ધા = ચિત્તનો સંપ્રસાદ.

'શ્રદ્ધા' એટલે શાસ્ત્રીય બુદ્ધિ અને

શ્રદ્ધાયુક્ત બુદ્ધિનું નામ 'હૃદય' છે.

શ્રદ્ધા અને ચિંતનનું સ્થાન હૃદયમાં છે,

તો શંકા અને તર્કનું સ્થાન પણ ત્યાં જ છે.

તર્કનો નાશ કરવા શ્રદ્ધાનો ઉપયોગ કરવો જોઈએ.

નિર્ભયતા એ શ્રદ્ધાનું બીજું નામ છે અને

શ્રદ્ધા ન હોવી, એ સૌથી મોટું પાપ છે.

બુદ્ધિ ક્યારે શ્રદ્ધાનું સ્વરૂપ લઈ શકે ?

શુદ્ધતમ ભાવનાપ્રધાન બુદ્ધિ જ હૃદય છે.

બુદ્ધિ હૃદયમય થાય, ત્યારે શ્રદ્ધાનું સ્વરૂપ પકડે છે.

પરિપક્વ બુદ્ધિ તે શ્રદ્ધા, શુદ્ધ બુદ્ધિનો પ્રયોગ છે સમર્પણ.

માનવીના હૃદય ઉપરની આસ્થા શ્રદ્ધા એ

અહિંસા, કરુણા અને માનવધર્મનો મુખ્ય પાયો છે.

સર્વ કાળના મહાપુરુષો હૃદયની શક્તિ અને

હૃદયપલટાની નિશ્ચિતતા ઉપર અવિચળ શ્રદ્ધા ધરાવે છે.

## આંતરજગતમાં પ્રવેશવાનું દ્વાર શ્રદ્ધા છે - બુદ્ધિ નહિ!

બુદ્ધિ વડે બોધ થાય, તો પણ બાહ્યજગતનો થાય.
આંતરજગતનો બોધ થવા માટે તો
બાહ્યજગત ઉપરની લાગણી કે શ્રદ્ધા જવા જોઈએ અને
આંતરજગત ઉપરની શ્રદ્ધા કે લાગણી જાગવા જોઈએ.
એ લાગણી જ આંતરજગતનો બોધ કરાવી શકે છે.
બાહ્યજગત ઉપર લાગણી છે, માટે જ બુદ્ધિ તેનો બોધ
કરવાનો પ્રયાસ થાય છે. એ લાગણી અનાદિ મોહાધ્યાસથી
વિના પ્રયત્ને મળેલી છે, તેથી બુદ્ધિ તે તરફ ખેંચાય છે.
બુદ્ધિને આંતરજગત તરફ ખેંચવા માટે તેના તરફ
લાગણીની સાથે રુચિ અને શ્રદ્ધા પણ જાગવા જોઈએ,
જે બાહ્યજગતની અસારતાના ભાનથી જાગે છે.
શ્રદ્ધા વગરનું જીવન અને તેની ક્રૂરતા વિચારવા માટે
તર્કશક્તિ અધૂરી છે અને વળી બુદ્ધિ તો કમજોર છે.
શ્રદ્ધા ચિત્તને સ્થિર કરે છે.
જ્યાં હિત થવાની બુદ્ધિ હોય, ત્યાં જ શ્રદ્ધા થાય છે.

શ્રદ્ધા એટલે આસ્તિક્ય = અસ્તિ શ્રદ્ધા મતિ.

સૌ પહેલાં 'ઈશ્વર છે' એવો નિશ્ચય થવો જોઈએ.

અસ્તિબુદ્ધિને શ્રદ્ધા અથવા સર્વ ભદ્રની માતા કહી છે.

શ્રદ્ધા એ જ ઈશ્વરપ્રણિધિના માર્ગમાં
ઉપાધ્યાય, માર્ગદર્શક ભોમિયો અને ગુરુ છે.

અસ્તિબુદ્ધિ સત્યશોધન - અસ્તિની અપેક્ષા રાખે.

શ્રદ્ધા અને બુદ્ધિને કદાપિ વિરોધ નથી,
બુદ્ધિનો બળવો અસત્ય માટે થાય છે, શ્રદ્ધા સત્ય છે.
બંડખોર બનેલી બુદ્ધિનું બંડ પ્રામાણિક શ્રદ્ધા જ શમે.
તત્ત્વનો પક્ષપાત એ બુદ્ધિનો સ્વભાવ છે. બુદ્ધિ ભમે છે,
તે સત્યને મેળવવા માટે જ. સત્ય બુદ્ધિનો પ્રાણ છે.

સત્ય સાથે જ્યારે બુદ્ધિનો યોગ થાય છે,
ત્યારે બુદ્ધિ જ શ્રદ્ધા સ્વરૂપિણી બની જાય છે.

સત્યપક્ષપાતિની બુદ્ધિ પોતાના આત્માની અસ્તિ કરતાં
વધુ નિશ્ચલ શ્રદ્ધા ઈશ્વરની અસ્તિ વિષે રાખશે જ.
શ્રદ્ધાવાન પૂજનીય છે, કેમકે શ્રદ્ધા પોતે પૂજનીય છે.

## સાત્વિક શ્રદ્ધા બુદ્ધિપૂર્વક હોવાથી
## તેને જ અંગ્રેજીમાં 6th sense કહેવાય છે.

આંધળી શ્રદ્ધા આપણને પાંગળા બનાવે, જ્યારે
સાત્વિક શ્રદ્ધા વધુ શક્તિશાળી બનાવે છે.

તપ અને સંયમ મેળવવા અભ્યાસની જરૂર, અભ્યાસ
માટે ક્રિયાની તથા ક્રિયા માટે શ્રદ્ધાની જરૂર પડે છે.
શ્રદ્ધાપૂર્વકના સતત અભ્યાસથી સંયમ સિદ્ધ થાય છે.
બુદ્ધિને ફેંકી દેવાની નથી પણ એની મર્યાદા આંકવાની છે.

બુદ્ધિવાદ નકામો નથી, પરન્તુ એ જ્યારે
'પોતાને સર્વ પ્રકારની સમજ છે' એમ માને,
ત્યારે તે બુદ્ધિવાદ ભયાનક બને છે.

સૌના અંતરમાં એક પ્રકારે શ્રદ્ધા હોય જ છે,
પછી તેને તમે આત્મશ્રદ્ધા, ઈશ્વરશ્રદ્ધા અથવા
સત્યમાં શ્રદ્ધા - એમ ભલે ગમે તે નામ આપો !
જડ પત્થર અને અબોલ પશુ-પક્ષી જે તરી જાય, તો
બુદ્ધિ અને શ્રદ્ધાથી વિભૂષિત માનવી માટે તો કહેવું જ શું?

## સત્યપૂત મતિ એ શ્રદ્ધા છે.

બુદ્ધિના નિર્મળ અંશનું નામ જ 'શ્રદ્ધા' છે.

માનવમાં રહેલી સાત્વિક બુદ્ધિ શ્રદ્ધાસ્વરૂપિણી છે.

સત્ત્વનિષ્ઠમાં શ્રદ્ધા અને બુદ્ધિનું મિલન હોય છે.

બધા માનવોમાં શ્રદ્ધા, શક્તિ, બુદ્ધિ હોય જ છે.

શ્રદ્ધા માતા છે તથા નિષ્ઠા તેની દીકરી છે.

જેની જેવી શ્રદ્ધા, તેની તેવી નિષ્ઠા.

સંકલ્પશક્તિ ઉપર શ્રદ્ધા અને નિષ્ઠા

કેળવવાનું કારણ તેમાં ચૈતન્યનું બળ છે.

નિષ્ઠા ન કેળવવી, તે ચૈતન્યના બળનો અવિશ્વાસ છે.

શુભ સંકલ્પ માત્ર ઈશ્વરના છે અને અશુભ સંકલ્પ પરિસ્થિતિવશ જન્મેલા છે, તેથી ઈશ્વરતત્ત્વમાં શ્રદ્ધા રાખનારાઓએ શુભ સંકલ્પમાં નિષ્ઠા કેળવવી જોઈએ.

'ઇદમિત્થમેવ ।' 'અયમેવ પરમાર્થઃ ।'

'આ આમ જ છે, આ જ પરમાર્થ છે' એ પ્રકારના જ્ઞાનને 'શ્રદ્ધા' ઇત્યાદિ અને તેમાં આરાધનની નિષ્ઠા વધારવી છે.

કોઈપણ વસ્તુ તરફ શ્રદ્ધા, નિષ્ઠા કે આદરભાવ ત્યારે જ ટકી શકાય કે જ્યારે તેનું સ્વરૂપ કાયમ રહ્યા કરે.

સંસારના સામાન્ય કાર્ય પણ નિષ્ઠા વિના નહિ થઈ શકતાં, તો જેનાથી વધારે શક્તિમાન, જ્ઞાનવાન, સૌંદર્યવાન કે મહાન બીજું કોઈ નહિ, તેની પ્રાપ્તિ નિષ્ઠા વિના, શ્રદ્ધા અને આદરભાવ વિના કેવી રીતે થઈ શકે?

જે શ્રદ્ધાવાન નહિ, વૈરાગ્યવાન નહિ,
તેને પરમસ્વરૂપ ફળની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે?

જ્યાં જ્યાં ગુણ હોય, ત્યાં સર્વત્ર અનુમોદના અને 'વિશુદ્ધ ચૈતન્ય જ સ્વરૂપભૂત છે' એવી શ્રદ્ધા ન થાય, ત્યાં સુધી 'વીતરાગ સર્વજ્ઞ, સર્વ ગુણા અરિહંત પ્રભુ જ મારા પરમ ઇષ્ટદેવ છે' એમ માનવું, તે માયામૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય - એ ઉભય દોષોનું આસેવન છે.

'શાસ્ત્રૈકગમ્યા યે હ્યર્થા ન તાંસ્તર્કેણ દૂષયેત્ ।'

અર્થાત્: શાસ્ત્રના આધારે એટલે કે શ્રદ્ધાથી જે પદાર્થો જાણવા યોગ્ય હોય, તેને યુક્તિઓથી દૂષિત ન કરવા.

# મોક્ષ માટેના બે રસ્તા

એક પુરુષનો પ્રયત્ન અને બીજો ભગવદનુગ્રહ.

પહેલામાં વિચારની અને બીજામાં શ્રદ્ધાની જરૂર છે.
પહેલો માર્ગ શરૂઆતવાળા માટે છે,
બીજો આગળ વધેલા કુશળ પુરુષો માટે છે.
પહેલાં માર્ગની સાધના મન - ઇંદ્રિયોની મદદથી થાય,
બીજાની સાધના શ્રદ્ધાથી મળતાં પ્રભુના અનુગ્રહથી થાય.
જીવના પોતાના પ્રયત્નથી જે સાધના થાય,
તે વાસનાત્મક અને સમુદ્રમાં બિંદુ જેવી છે.
જીવ જેમ જેમ દૃશ્યવસ્તુઓ ઉપર ઓછો આધાર રાખી
પ્રભુ ઉપરની શ્રદ્ધાથી તેનું કહેવું સમજે છે, તેમ તેમ
તેની સાધના વધારે દૃઢ - મજબૂત બનતી જાય,
કિન્તુ શ્રદ્ધા વિના પ્રગતિ થવી અસંભવિત જ છે.
વિચારથી રાહ અને શ્રદ્ધાથી અનુગ્રહ મળે છે.
વિચારમાં સ્વપ્રયત્ન અને શ્રદ્ધામાં ભગવદનુગ્રહ છે.
એકમાં મન-ઇંદ્રિયની સહાય છે, બીજામાં કેવળ આત્માની.

## બુદ્ધિવાદની વિરુદ્ધ શ્રદ્ધાવાદ છે.

જ્યાં બુદ્ધિ અને તર્કનો વિલય પૂરો થાય છે,
ત્યાં જ શ્રદ્ધા અને ભાવના જન્મે છે.

## શ્રદ્ધા કઈ રીતે સૌથી વધુ બળવાન ?

શક્તિનું રૂપ જેટલું સૂક્ષ્મ, તેટલું તે અધિક બળવાન.
દા.ત. વિજળી સૌ કરતાં શ્રેષ્ઠ, પ્રકાશ તેનાથી શ્રેષ્ઠ,
પ્રકાશ કરતાં ભાવના તથા ભાવના કરતાં વિચાર શ્રેષ્ઠ,
વિચાર કરતાં વાંછના શ્રેષ્ઠ અને
વાસના કે વાંછનાથી શ્રદ્ધા કે નિષ્ઠા નિખાલિસ હોય,
એટલે શ્રદ્ધા એ શક્તિનું અત્યંત સૂક્ષ્મ અને
વિલક્ષણ પ્રભાવવાળું સ્વરૂપ સમજવું.

## શ્રદ્ધા વિદ્યુત છે.

તે વિઘ્નનાશક તથા આનંદદાયક એવી વિદ્યુત પ્રકટાવે છે.
શરીરની ગતિ ઔદયિક ભાવે (વેદનીય) છે,
પરિણામની ગતિ વિષય-કષાયપ્રવૃત્તિ મધ્યે ઇષ્ટાનિષ્ટરૂપે
અને શ્રદ્ધાની ગતિ તત્ત્વ - અતત્ત્વ વિવેચનારૂપે છે.

ભૌતિકભાષામાં જે 'આદર' છે, તેને સાધક 'શ્રદ્ધા' કહે છે.

સાધ્ય તરફની નિષ્ઠા તે 'ભક્તિ' કહેવાય છે,

સાધન તરફની ભક્તિ તે 'નિષ્ઠા' કહેવાય છે.

નિષ્ઠા સાધનનિષ્ઠ છે, જ્યારે ભક્તિ સાધ્યનિષ્ઠ છે.

શ્રદ્ધાનું સ્થાન સાધનમાં નિષ્ઠા પેદા કરે છે, જ્યારે

ભક્તિભાવનું સ્થાન સાધ્યમાં નિષ્ઠા પેદા કરે છે.

સાધ્યની શ્રેષ્ઠતાનું સ્થાન ભક્તિવર્ધક બને છે અને

સાધનની શ્રેષ્ઠતાનું સ્થાન શ્રદ્ધાવર્ધક બને છે.

સાધ્યમાં નિષ્ઠા હોવી, તે ભક્તિ છે તથા

સાધનમાં ભક્તિ રાખવી, તે નિષ્ઠા અર્થાત્ શ્રદ્ધા છે.

શ્રદ્ધા - ભક્તિ એકત્ર મળે, ત્યારે કાર્યની સિદ્ધિ થાય છે.

ભગવાનનો પ્રભાવ ચિન્તવવાથી ભક્તિ જાગે છે અને ભક્તિનો પ્રભાવ ચિન્તવવાથી શ્રદ્ધા જાગે છે. આજ્ઞાનું આરાધન શ્રદ્ધા અને ભક્તિ ઉભયની અપેક્ષા રાખે છે.

આજ્ઞાકારક પ્રત્યે શ્રદ્ધા તે ભક્તિ છે અને

આજ્ઞાપાલન પ્રત્યે નિષ્ઠા તે શ્રદ્ધા છે.

## શ્રદ્ધા તર્કને અતિક્રમી જાય છે.

મસ્તકમાં તર્ક - જ્ઞાન અને હૃદયમાં શ્રદ્ધા - પ્યાર.
બંને મળીને પ્રભુરૂપ થાય, ત્યારે કાર્ય થાય છે.
ધર્મ સ્વભાવરૂપ હોવાથી અતર્કગોચર છે,
તર્કમાં સ્વયં બળ નથી. સ્વભાવ તર્કથી નહીં, પરન્તુ
સત્ય વસ્તુ ઉપરની શ્રદ્ધાથી જ ગ્રહણ થઈ શકે છે.
શ્રદ્ધાથી સામર્થ્ય, ભક્તિથી ગતિ, નિષ્ઠાથી તેજ વધે છે.

## તર્ક કરતાં શ્રદ્ધાનું સામર્થ્ય વધુ છે.

ઇંદ્રિયો - મનથી તર્ક થાય પણ તેની શક્તિ મર્યાદિત છે.
જે વસ્તુની ઉપાસના કરીએ,
તેના ગુણો આપણામાં આપોઆપ આવે છે.
આ વિષય તર્કનો નહિ પણ શાસ્ત્ર - શ્રદ્ધા - અનુભવનો છે.
નામ અને રૂપ દ્વારા ઉપાસના થાય છે અને તે દ્વારા
ઉપાસ્યના ગુણો ઉપાસકમાં આપોઆપ ખેંચાઈ આવે છે,
એ શ્રદ્ધાનો વિષય છે.
શ્રદ્ધા એ વિચાર અને ભાવનાનો ગુણાકાર છે.

બુદ્ધિમાં આંખ છે, શ્રદ્ધામાં ચરણ છે, તેથી

શ્રદ્ધા બીજાના ગુણ અને બુદ્ધિ બીજાના દોષ જુએ છે.

પોતાની ક્ષતિ શોધવી, એ શ્રદ્ધાનો માર્ગ છે અને

બીજાની ક્ષતિ શોધવી, એ બુદ્ધિનો માર્ગ છે.

જીવનમાં કોઈપણ વસ્તુ ન સમજાય, ત્યારે

પોતાની અલ્પજ્ઞતાનો સ્વીકાર એ શ્રદ્ધાનો અને

'બીજાની ભૂલ છે' એ શોધવાનો પ્રકાર બુદ્ધિનો પક્ષ છે.

શ્રદ્ધાના નિયમો: ભૂલ બીજાની ખમી ખાવ, પોતાની નહીં

તથા ગુણ બીજાના વખાણવા પણ કદાપિ પોતાના નહીં.

ગુણનો પક્ષપાત એ ગુણી પ્રત્યે શ્રદ્ધા માંગે છે.

ગુણીમાં ઉદારદિલપણાંની બુદ્ધિ એ જ સાચી શ્રદ્ધા છે.

શ્રદ્ધા = આદર ભાવના, તેનો પ્રારંભ ગુણીથી થાય છે.

જે વ્યક્તિ ગુણવાન છે, તેના પ્રત્યે શ્રદ્ધા પ્રગટ થાય છે.

વિજ્ઞાન બુદ્ધિનો વિષય છે, જ્યારે

ધર્મ બુદ્ધિથી પર એવા સત્ શ્રદ્ધાનો વિષય છે.

સદ્બુદ્ધિ = સાત્વિક શ્રદ્ધા, જે બુદ્ધિનો સહજ ધર્મ છે.

## સાચા જીવનનો અર્થ એ છે કે...

પરમ શ્રદ્ધાપૂર્વક, આનન્દ ભક્તિભાવે,
પ્રશાન્ત ભાવપૂર્વક, નિષ્કામ ભાવે, લોકશાસ્ત્ર સંમત,
જાતિ, દેશ, આત્માની ઉન્નતિ કરે, તેવાં તમામ કર્મોને
નિષ્કામ ભાવે એટલે કે કર્તવ્યની બુદ્ધિએ કરવા.

બુદ્ધિ આદર્શોને શોધે છે, શ્રદ્ધા તેને જીવંત રાખે છે.

વહાણમાં જે રીતે પવનની જરૂર છે, તેમ આત્મામાં દૃઢ શ્રદ્ધા અને શુદ્ધ પ્રેમની જરૂર છે. સંપૂર્ણ પ્રીતિ અર્પણ થતાં જ બુદ્ધિ અર્પણ થઈ ખીલવા માંડે છે.

નિશ્ચય રત્નત્રય એટલે આત્મામાં જ
પરમાત્મતત્ત્વનો અવબોધ, શ્રદ્ધા અને આચરણ.

બુદ્ધિની સીમા પૂરી થાય, ત્યારે જ શ્રદ્ધા પ્રારંભાય.

ગુરુ ઉપર શ્રદ્ધા રાખનાર, સંયમી, વિનયી, વિવેકી અને વૈરાગ્યવાન તથા છ પ્રકારની સંપત્તિને ધારણ કરનાર યોગ્ય અધિકારીને જ વિદ્યાનું દાન કરવાથી તે વિદ્યા કલ્પવૃક્ષની જેમ ફળ આપનારી બની રહે છે.

ગ્રીસ દેશ બૌદ્ધિક ચમત્કાર માટે વિખ્યાત છે,
સેમેટીક કે યહૂદી - આરબ દેશોમાં શ્રદ્ધાબળ મુખ્ય છે.
એકમાં સૂક્ષ્મ ચિન્તન - મેધા વિકસી, બીજામાં
તત્વજ્ઞાનને જીવનસ્પર્શી બનાવવાનો પુરુષાર્થ વિકસ્યો.
ગ્રીસની સૂક્ષ્મ બુદ્ધિ શ્રદ્ધામૂલક ધર્મના ટેકા વિના
માત્ર philosophyમાં પરિણમી, જ્યારે
સેમેટીક પ્રજાની શ્રદ્ધામૂલક ધર્મવૃત્તિ તત્વચિંતનના સમર્થ
પ્રકાશની મદદ વિના ગતિશૂન્ય ચોકઠામાં પૂરાઈ રહી.
થોડાંક અપવાદ સિવાય બંનેની આ દશા થઈ.
શ્રદ્ધામૂલક ધર્મ અને બુદ્ધિમૂલક તત્વચિન્તન -
બન્ને ભારતમાં જળવાઈ રહ્યાં અને વિકસતાં રહ્યાં.
બુદ્ધિથી વિચાર ઘડાય અને શ્રદ્ધાથી આચાર ઘડાય છે.
ભારતીય બધી ધર્મ પરંપરાઓમાં
વિચાર અને આચાર તથા શ્રદ્ધા અને મેધા - બન્નેનું
સમ્મિલિત સ્થાન અને માન જળવાઈ રહ્યું છે,
પરન્તુ શ્રદ્ધા વગર મનુષ્યજીવન પાંગળું છે.

## શ્રદ્ધા વિનાની વ્યક્તિ મનુષ્ય નહીં, કિન્તુ અસુર છે.

કોઈપણ બુદ્ધિજીવી એવો નહીં નીકળે કે તેણે જીવનમાં કોઈને કોઈ વ્યક્તિ કે વિષય ઉપર વિશ્વાસ અથવા શ્રદ્ધાથી ચાલવું પડતું ન હોય! દરેકને શ્રદ્ધા હોય જ કે: 'હું બાળ કોઈનું નહીં, કિન્તુ મારા માતા-પિતાનું જ કાયદેસરનું સંતાન છું.' પુત્રનો પિતા કોણ છે, તે માતા સિવાય કોઈ ન જાણે, છતાં પિતા પોતે પણ સંતાનોને પોતાના માને છે, એમાં એ વિશ્વાસ-શ્રદ્ધા જ મુખ્યત્વે કારણભૂત છે.

આમ જીવનમાં ડગલે ને પગલે વિશ્વાસ અને શ્રદ્ધા વિના ચાલતું નથી, તો પછી ઈશ્વરના સાક્ષાત દર્શન કરનાર કોઈ સિદ્ધ યોગીના અનુભવના આધાર ઉપર પ્રકટેલાં સર્વ વચનો ઉપર પૂર્ણ વિશ્વાસ મૂકીને યોગમાર્ગે ચાલનાર સાધકને પ્રભુપ્રાપ્તિ કેમ ન થાય? રામકૃષ્ણ પરમહંસ ઉપર વિશ્વાસ મૂકનાર વિવેકાનંદ બ્રહ્મસાક્ષાત્કાર કરી શક્યા હતાં, તેમાં કારણ શ્રદ્ધા!

## <u>બુદ્ધિ પર અટકેલા પાંચ પ્રકારની શ્રદ્ધા</u>

(૧) કર્મનો નિયમ અફર છે.

(૨) પુનર્જન્મના સિદ્ધાંત ઉપરની શ્રદ્ધા અર્થાત્
આત્માનો કદી પણ નાશ થતો નથી.

(૩) જીવમાત્રનું જીવન પવિત્ર અને શ્રેષ્ઠ છે.

(૪) પ્રકૃતિનો અનુભવ એ નિશ્ચિત સાક્ષી છે.

(૫) વિશ્વની બુદ્ધિપૂર્વકની વ્યવસ્થા-રચના ઉપર શ્રદ્ધા
અને શ્રેષ્ઠ રચના, વ્યવસ્થા, વૈશ્વિક નિયમબદ્ધતા છે.

આ પાંચ વસ્તુઓ બુદ્ધિ પર છે,
માટે તે માત્ર શ્રદ્ધાથી જ સમજાય છે.

જ્યાં બુદ્ધિ બહેર મારી જાય, ત્યાં શ્રદ્ધા કામ કરી જાય.

<u>બુદ્ધિનું રૂપાંતર શ્રદ્ધામાં થાય અને
મનનું રૂપાંતર વિશ્વાસમાં થાય, ત્યારે શાંતિ મળે.</u>

શ્રદ્ધાને સ્થિર રાખનાર જ્ઞાન કયું છે ?
તે દ્રવ્યાનુયોગનું જ્ઞાન છે તથા તે જ તત્ત્વબોધરૂપ છે.
તેનું મૂળ બુદ્ધિના શુશ્રૂષા આદિ ગુણો છે.

## શ્રદ્ધા તો બુદ્ધિથી ઘણી મહાન છે.

વિશ્વની બધી બુદ્ધિ એકબાજુ હોય અને બીજીબાજુ શ્રદ્ધા હોય, તો શ્રદ્ધાનું બળ અધિક છે. બુદ્ધિ વસ્તુના અંશોને - શ્રદ્ધા વસ્તુસ્વભાવને સ્પર્શે છે. પ્રભુનું નામ જો હૃદયથી અને શ્રદ્ધાપૂર્વક લેવાઈ જાય, તો તે વ્યક્તિ જીવનમાં સદાને માટે સુરક્ષિત જ છે. એક અપેક્ષાએ પ્રભુનું નામ પ્રભુથી પણ મહાન છે. એ જાણવા માટે બુદ્ધિવાદ નિરર્થક છે, કેમકે તે બુદ્ધિથી અતીત છે. એ માનવા માટે શ્રદ્ધાની આવશ્યકતા છે. અનંત આત્મતત્ત્વને પરિમિત બુદ્ધિથી જાણી ન શકાય, તે માટે બુદ્ધિથી પર એવી શ્રદ્ધા જ કામ લાગે. શ્રદ્ધા જીવનનો આધારસ્થંભ છે. જગતનું ક્ષણભંગુર સ્વરૂપ સમજાય, તો શ્રદ્ધા અબાધ બનીને આત્માના અનંત સ્વરૂપમાં વાસ કરે છે અને જીવન રસમય બનાવે છે. ગળપણ, પ્રેમ કે કામની વ્યાખ્યા વર્ણનથી ન થાય, તેમ શ્રદ્ધા પણ શબ્દાતીત હોય છે.

**શ્રદ્ધાવાન માનવ સંતોષી, ક્ષમાશીલ અને બુદ્ધિમાન છે.**

શ્રદ્ધા, બુદ્ધિ તથા વિતર્ક તે રાગ, દ્વેષ, મોહના પ્રતિપક્ષ છે.

અહંકાર બુદ્ધિગમ્યતા સઘળા ઝઘડા-ઝુવારાનું મૂળ છે.

દરેક પળે બુદ્ધિનો કાંટો માંડીને જો બેસશો,

તો કાંઈ નિર્ણય જ ન થાય!

વળી શ્રદ્ધામાં એક પ્રકારની સરળતા અને

શક્તિ રહેલી છે, તેનાથી બહુ વંચિત રહેવાય.

બુદ્ધિનું કામ બંધન ઊભાં કરવાનું છે. બુદ્ધિના વિલાસમાં

ખૂંપેલો માનવી મોક્ષના દ્વાર સુધી પહોંચી ન શકે!

બુદ્ધિવાદી પહેલાં તો માને નહીં,

માને તો યથાર્થ સ્વરૂપ સમજી શકે નહીં તથા

સમજે તો બહુ એ દિશામાં પ્રવૃત્તિ કરી શકે નહીં.

ધર્મ અને પર્વ માટે શ્રદ્ધા પ્રધાનપણે રહેલ છે,

જ્યારે લૌકિક વ્યવહારમાં બુદ્ધિ પ્રધાનપણે રહેલ છે.

સર્વત્ર શુભ જોવાની બુદ્ધિ - કલ્યાણ જોવાની ભાવના

તથા સર્વત્ર શુભાશુભમાં સચવાતી સમતાબુદ્ધિ શ્રદ્ધા છે.

માત્ર શ્રદ્ધાથી બુદ્ધિનું - માત્ર બુદ્ધિથી શ્રદ્ધાનું ખૂન થાય.

શ્રદ્ધા અને બુદ્ધિનો સુમેળ થવો જોઈએ.

હૃદય એકીકરણ કરે છે, બુદ્ધિ પૃથક્કરણ કરે છે.

શ્રદ્ધાથી આંતરભાન - આત્મભાનની વૃદ્ધિ થાય,

બુદ્ધિથી બાહ્યભાન - સ્થૂળભાનની વૃદ્ધિ થાય છે.

શ્રદ્ધામાં જ સમ્યગ્દર્શન રહેલું છે.

સમ્યગ્દર્શન = નિર્વિકલ્પ શ્રદ્ધા = મોક્ષનું બારણ.

નિશ્ચય સમકીત સમ્યગ્દર્શન - શ્રદ્ધાગુણની પર્યાય છે.

જ્ઞાન જાણવા રૂપ છે, શ્રદ્ધા અનુભવ રૂપ છે.

નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાન કે ચર્ચાનો વિષય નથી.

શ્રદ્ધા છદ્મસ્થ જ્ઞાનને ગોચર નથી,

તેમાં અનુભવ જ આગમ એ પ્રમાણ છે.

વ્યવહાર સમ્યગ્દર્શનમાં જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા છે,

નિશ્ચય સમ્યગ્દર્શનમાં પોતાના આત્માનું શ્રદ્ધાન છે.

જ્ઞાન કારણ છે અને શ્રદ્ધા તેનું કાર્ય છે.

કર્મનો ઉદય તે આત્માની પુરૂષાર્થહીનતાનું ચિહ્ન છે.

કર્મતત્ત્વની શ્રદ્ધા એ વ્યવહાર સમ્યક્ત્વ.

જીવતત્ત્વની શ્રદ્ધા એ નિશ્ચય સમ્યક્ત્વ.

કર્મતત્ત્વની શ્રદ્ધાથી જીવતત્ત્વ સાથે મૈત્રી બંધાય તથા જીવતત્ત્વની શ્રદ્ધાથી પુદ્ગલતત્ત્વ પ્રત્યે વિરાગભાવ કેળવાય. એ કેળવવાથી 'બંનેના મૂળ આધારરૂપ સુખ કે દુઃખનું કારણ અન્ય કોઈ નહિ પણ પોતાનો જ આત્મા છે' આવું શીખવાડનાર શાસ્ત્ર અને તેને પ્રકાશનાર દેવ-ગુરુ ઉપર શ્રદ્ધા તથા જીવ વિરુદ્ધ પ્રત્યે માધ્યસ્થ ભાવ છે. એ રીતે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થભાવ એ સમ્યગ્ શ્રદ્ધાનાં મૂળ છે. સમ્યગ્ શ્રદ્ધા સુખ - દુઃખનાં વાસ્તવિક કારણોનો વિચાર કરવાથી ઉત્પન્ન થાય છે.

'પોતાનો જીવ અનંત સુખનો ભંડાર છે'
એ જાતિની શ્રદ્ધા નિશ્ચય સમ્યક્ત્વ છે અને
એથી વિપરીત શ્રદ્ધા, જ્ઞાન અને વર્તન -
એ મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિદ્યા બની
તૃષ્ણાને વધારનાર છે, અશાંતિને આપનાર છે.

પોતાના ઉપર વિશ્વાસ અને શ્રદ્ધા ઘણી કરવાથી
દેવ-ગુરુ અને શાસ્ત્ર ઉપર પણ શ્રદ્ધા બંધાય છે.

દેવ, ગુરુ અને શાસ્ત્ર ઉપરની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. આ શ્રદ્ધા ભાવયુક્ત અને સ્થિર રહે. નિશ્ચય સમ્યગ્દર્શન = જેવી શ્રદ્ધા તેવી અનુભૂતિ = એક - અખંડ અભેદ આત્માનો એક સમયે અનુભવ. તેને નિર્વિકલ્પ અનુભૂતિ પણ કહી શકાય.

ઈશ્વર પરમ પ્રેમમય છે.

એના ઉપરની શ્રદ્ધા વગર જીવવાનું મુશ્કેલ જ છે.

ભજન, બલિદાન કે બીજું ગમે તે, કિન્તુ ભગવાન ઉપરની શ્રદ્ધા વગર અધૂરું જ નહીં, નિરર્થક પણ છે.

ભગવાન પરત્વેની શ્રદ્ધા ધર્મની ઢાલ છે.

એક ભૌતિક દુનિયાની દેખાતી વાસ્તવિકતાઓ કરતાં ભગવાન અને સ્વર્ગની નિરાકાર વાસ્તવિકતાઓ આપણી સામે છતી થાય છે. ઈશ્વર સાથે આધ્યાત્મિક રીતે સંબંધ બાંધવો, એ સર્વ માનવજીવનનો સાર છે.

'શ્રદ્ધા' અટલ કરી સત્ય જુઓ.

ધર્મમાં સામર્થ્ય લાવવાનું કાર્ય શ્રદ્ધાનું છે,
ગતિ આપવાનું કાર્ય ભક્તિનું છે અને
તેજ લાવવાનું સામર્થ્ય નિષ્ઠામાં છે.
એ ત્રણેય શ્રદ્ધા - ભક્તિ - નિષ્ઠાને
આપણે જીવનમાં ચોક્કસ મહત્ત્વ આપવું જોઈએ.
શ્રદ્ધાયુક્ત ધર્મ ઉત્કૃષ્ટ મંગલ રૂપ છે.
બુદ્ધિ વાપરવાથી વધે છે, શ્રદ્ધા વાપરવાથી ઘટે છે.
શ્રદ્ધાથી તીવ્રતા, વિશ્વાસથી સૂક્ષ્મતા અને
એકાગ્રતાથી બુદ્ધિમાં સ્થિરતાનો ગુણ ઝડપથી વધે છે.
ગુરુજીમાં ઈશ્વરપણાની બુદ્ધિ એ સાચી શ્રદ્ધા છે.
માન્યતા ખાતર શરીરનું ય બલિદાન આપવું પડતું હોય,
તો આપવું, એ માન્યતા ઉપરની ખરી શ્રદ્ધા સૂચવે છે.
સૌથી વધુ મહત્ત્વ સાંસ્કારિક આંદોલનોનું છે.
એનું મૂળ આત્મીયભાવ, આદરભાવ અને પ્રભુમાં અનન્ય
શ્રદ્ધા રાખવાથી એ ઊર્જા પ્રાપ્ત થતી શક્તિમાં છે.

## જ્ઞાન મેળવવાની ત્રણ શરતો

(૧) આત્મજ્ઞાન પ્રાપ્તિની પહેલી - અચલ શ્રદ્ધા.

(૨) ત્રિગુણાતીત અવસ્થા એટલે કે ચારિત્ર.

(૩) ઈર્ષ્યાદિથી મુક્તિ એટલે કે અનસૂયા.

શ્રદ્ધા વગરની બુદ્ધિ જગત તરફ વળવાનું કરે છે અને શ્રદ્ધા ભગવાન તરફ વળવાનું કરે છે, તેથી આ ઘર્ષણથી અંતઃકરણમાં ખરી શાંતિ ઉત્પન્ન થતી નથી.

શ્રદ્ધા મેળવવા મુશ્કેલ છે અને બુદ્ધિ તજવા મુશ્કેલ છે, પરન્તુ બન્ને વસ્તુ જોડવા મુશ્કેલ નથી.

શ્રદ્ધાપૂર્વક કરેલ ક્રિયાથી આચાર - વિચાર સુધરે છે. આચાર - વિચાર ઉપર શ્રદ્ધાની જબ્બર અસર છે. ચૈતન્ય તત્ત્વ ઉપરની અવિચલ શ્રદ્ધાના બળ ઉપર જ આચાર અને વિચારની શુદ્ધિનું બળ વધવાનું છે.

જૈનદર્શન વિજ્ઞાન છે, તેથી પરમ આસ્તિક છે.

આયાવાઈ એટલે આત્મવાદી, લોયાવાઈ એટલે લોકવાદી, કમ્માવાઈ એટલે કર્મવાદી, કિરિયાવાઈ એટલે ક્રિયાવાદી.

# શ્રદ્ધાના ચાર પ્રકાર

(૧) આત્મજ્ઞાનની શ્રદ્ધા (૨) જીવાદિ ૯ તત્ત્વોની શ્રદ્ધા
(૩) દેવ - ગુરુ - શાસ્ત્રની શ્રદ્ધા તથા
(૪) સ્વપર ભેદવિજ્ઞાનની શ્રદ્ધા.

કોઈ પણ ભક્તિવાન મનુષ્ય શ્રદ્ધાહીન હોતો નથી.
શ્રદ્ધા વિના જીવન શક્ય જ નથી.

તદુપરાંત શ્રદ્ધા ત્રણ પ્રકારની હોય છે:
જ્ઞાનમૂલક, વિશ્વાસમૂલક તથા વિચારહીન સંસ્કારમૂલક.
તેમાં પ્રથમ જ્ઞાનમૂલક શ્રદ્ધા શ્રેષ્ઠ છે.

અન્ય ત્રણ પ્રકાર: સાત્વિક, રાજસિક અને તામસિક.
તેમાં સાત્વિક શ્રદ્ધા આત્માને તારનારી છે.

શ્રદ્ધા વિશ્વાસની જનેતા અને સિદ્ધિની કલ્પલતા છે.
શ્રદ્ધાનું એક મુખ ચિત્તપ્રસન્નતા છે તથા
બીજું મુખ મસ્તી આસ્તિક્ય છે.
સર્વ જીવોને સદૈવ આત્મતુલ્ય જોવા, એ
ઉદકપ્રસાદક મણિની જેમ ચિત્તસરોવરને સ્વચ્છ કરે છે.

જીવનના જે અભિલાષ્ય અંશો તે શ્રદ્ધા અને મેધા.

શ્રદ્ધા = સમજવાની રુચિ. મેધા = પામવાની રુચિ.

એક છે રોચક અને બીજું છે કારક.

ઊભા થવું અને ઊભા થવું ગમવું,

એ જે શ્રદ્ધા અન્વયે જૂદી - જૂદી વસ્તુ છે. જે શક્તિ મળવાથી મહાન તથા દુષ્કર કાર્ય પણ સિદ્ધ થઈ શકે છે.

## મહાસમાધિના બીજો

શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા, અનુપ્રેક્ષા વગેરે

આપુષ્ટિક નામની મહાસમાધિના બીજો છે,

જેનો પરિપાક - અતિશય - વૃદ્ધિ થવાથી મહાસમાધિ મળે.

તે માટે શાસ્ત્રશ્રવણ - પાઠ - અર્થની સમ્યક્ પ્રતીતિ - શાસ્ત્રોક્ત અનુષ્ઠાનવિષયક ચિંતા અને તેનું અનુષ્ઠાન - એ સૌ શ્રદ્ધાદિ બીજોના પરિપાક રૂપ છે તથા સિદ્ધિ, વિઘ્નજય, સ્થિરતા, વિનિયોગ આદિ તેના અતિશય છે.

શ્રદ્ધાદિ બીજોને સિદ્ધિ પર્યંત પહોંચાડવા માટે

તે સર્વ નિરંતર વધતાં રહેવા જોઈએ.

સંતના અનુસ્વારમાં 'સત્' રહેલું છે,
તે અનુસ્વારમાં જ શ્રદ્ધા રાખવાથી સંતકૃપા આવશે.

પોતાનું સ્વરૂપ જ્ઞાનની આંખમાં જોવું, તે જ્યોતદર્શન છે.
સંતો અંતર્જ્ઞાનમાં પોતાનું સ્વરૂપ જુએ છે.

વાસ્તવિક સંત ઉપર શ્રદ્ધાની જેટલી જરૂર નહિ,
એટલી સંસાર ઉપરની ઉન્મુખતાની જરૂર છે.
શ્રદ્ધાના તારતમ્ય કરતાં ઉન્મુખતાનું તારતમ્ય મુખ્ય છે.
શ્રદ્ધા વિના પણ સંબંધમાત્રથી કામ થાય,
એ જ અંતર્ મહાપુરુષોની વિશેષતા છે.

'જે સહે, તે સાધુ' વગેરે વાક્યો એમ સમજાવે છે કે:
પ્રતિકૂળતાના સ્વીકારમાં સાધુતા છે.

'जाए सद्धाए निक्खंतो तामेवाऽणुपालिज्जा ।' અર્થાત્:
જે શ્રદ્ધા અને વીર્યોલ્લાસથી ત્યાગનો સ્વીકાર કર્યો છે,
તે શ્રદ્ધા - વીર્યોલ્લાસથી (હે સાધુ!) તેનું નિર્વહન કરજે.

દેવોની ભક્તો ઉપર અપાર કૃપા રહેલ છે અને
ભક્તોની દેવો ઉપર અપાર શ્રદ્ધા રહેલ છે.

શ્રદ્ધા રૂપી દુરબીનથી આત્મશક્તિને જોઈ શકાય છે.
તમારા ચિન્તનનો મુખ્ય વિષય 'આત્મદર્શન' રાખો.

સંત થયાં વગર કદી સંત મળતાં નથી.
સંત ન થઈએ, ત્યાં સુધી કોઈ સંતનો સમાગમ થાય,
તો પણ તેના ઉપર સદ્ભાવ થશે નહીં અને
તેની વાતમાં શ્રદ્ધા પણ જન્મશે નહીં.
આપણી દોષદૃષ્ટિ સંતમાં પણ દોષને જ શોધશે.
દોષ જોવાની આદત હોય તો સ્વદોષ જોતાં શીખજો,
તેનાથી દૈન્ય આવે છે, જે વિકાસનું કારણ બને છે.
સંત થવું હોય, તો દૃષ્ટિ ગુણમય બનાવજો.
જેમ જેમ ઘણા રુચિથી સાધુ મુનિરાજ
નવા નવા શાસ્ત્રમાં પ્રવેશ કરે, તેમ તેમ
પોતાના સંવેગપણાં ઉપર નવા શ્રદ્ધા ઉત્પન્ન થવાથી
તેમને ઘણો જ હર્ષ થાય છે, તેથી જ
સાધુ - સંતો અરાગીને રાગ, અશ્રદ્ધાળુને શ્રદ્ધા અને
આચારહીનને આચાર આપવા ઈચ્છે છે.

શ્રદ્ધા વિના સાક્ષાત્કાર થઈ શકતો નથી, પરંતુ
આત્મસાક્ષાત્કારની મહાન ચાવી ક્યાં જડે?

પરમાત્માના નામમાં, શાસ્ત્ર-ગુરુના ઉપદેશમાં તથા
પોતાના આત્મામાં રાખેલ શ્રદ્ધામાં તે ચાવી જડે.
પૂર્ણ આસ્તિક આત્મા માટે તો પ્રભુના વચન ઉપરની
શ્રદ્ધા જ પહેલું, વચલું અને છેલ્લું સાધન છે.

ઈશ્વરમાં શ્રદ્ધા એટલે જ શ્રદ્ધા
પોતાની જાતમાં હોવી, એ સૌથી વધુ અગત્યનું છે.
દેવ-ગુરુ-શાસ્ત્રમાં શ્રદ્ધા રાખી ઈશ્વરેચ્છાને અનુસરો.
સૌમાં આપણા આત્મા જેવો આત્મા જુઓ અને
સૌ જીવ ઉપર પ્રેમભાવ રાખી દ્વેષભાવ ન કરો.

ઈશ્વરને શ્રદ્ધાપૂર્વક આત્મસમર્પણ કરીને કહો:
'આ બધું અને હું પ્રભુ તારો જ છું.
જેવી તારી ઇચ્છા, તેવી જ મારી ઇચ્છા બનો.
જેવા તારા વચન, તારું વર્તન અને તારા વિચાર,
તેવા જ મારા વિચાર, વચન, વર્તન થાઓ.'

<u>સત્પુરુષનો લાભ સ્પર્શથી નહીં, પરન્તુ સંપર્કથી છે.</u>

સંપર્ક = મન, બુદ્ધિ, ઇંદ્રિય, ચિત્તનું સંત સાથે જોડાણ.

સંત ચંદન છે, અસંત કુઠાર છે.

સંતના સંપર્કથી એક ક્ષણમાં અશાંતિ મટી જાય છે.

સંતો અને ઋષિઓના શબ્દો વેધક હોય છે.

તેમના રણકા જ જુદા હોય છે.

એ શબ્દો બારાખડીથી નહીં, શક્તિથી ભરેલાં હોય છે.

ઈશ્વરમાં વ્યાપેલ અવિચળ સ્પર્શથી તેઓ નિર્ભય હોય.

<u>એ એક પરમ આશ્વાસનની વાત છે કે:</u>

જીવાત્મા માટે જો કોઈપણ ઇંદ્રિયથી મહાપુરુષની સાથે જોડાણ થઈ જાય, તો કલ્યાણ થઈ જ જવાનું.

સ્ત્રી-પુત્ર સાથે અંતરથી અનંત વાર જોડાયા છતાં કલ્યાણ થયું નહીં, કિન્તુ એક જીવાત્મા માટે છતાં અવતાર આ સંતરૂપ પ્રભુની સાથે લાભ વિના છતાં જોડાયા, તો આપણું કલ્યાણ નિશ્ચિત છે. અજાણ જઈને પૂરું જોડાણ એને જોડાણને પરિણામે પૂરું કલ્યાણ થવાનું જ.

# શ્રદ્ધાના પ્રયોગો

આશરે ૨૦૦ વર્ષ પહેલાં માન્ચેસ્ટરના ડૉ. બ્રેડે

નિદ્રા માટેના ગ્રીક શબ્દ 'Hypnos' ઉપરથી

'Hypnotism' શબ્દની રચના કરી, જેને સંસ્કૃતમાં

'પરાતંત્રીય વિજ્ઞાન' કે 'મૂર્છના શાસ્ત્ર' કહેવાય.

જ્યારે કોઈ વ્યક્તિ ઉપર Hypnotism થાય, ત્યારે

તેનું બાહ્ય મન નિદ્રિત તથા આંતરમન જાગૃત હોય.

વ્યક્તિની આવી અવસ્થાને 'મૂર્છના' કહે છે.

શંકાને દૂર કરવા ઉપર મૂર્છના ભાર મૂકે છે.

માનવીના આંતરસામર્થ્યને ઉપયોગમાં લેવા માટે

શંકાને દૂર કરવાની સાથે સમ્યક્ શ્રદ્ધાને પ્રગટાવવા.

હૃદયનું બળ એટલે શ્રદ્ધા, બુદ્ધિનું બળ એટલે જ્ઞાન,

વર્તનનું બળ એટલે ચરિત્ર, સત્યાગ્રહી એટલે શ્રદ્ધાગ્રહી.

અલ્પજ્ઞ, અલ્પ શક્તિમાન માનવીને શ્રદ્ધાનું બળ મળે,

તો તે સર્વજ્ઞ - સર્વશક્તિમાન બની શકે છે.

વિચારમાં શ્રદ્ધાના પ્રમાણમાં બળ આવે છે.

## શ્રદ્ધા અને તેનું બળ

૨૦૦ વર્ષ પહેલાં વિયેનાના ડૉ. મેસ્મેરે એક ધર્મગુરૂને શ્રદ્ધાથી રોગ નિવારણ કરતાં જોયાં. તેમણે તે ઉપરથી suggestion & auto-suggestionની હદે અને મન ઉપરની અસરનો અભ્યાસ કર્યો. કેટલાક નિયમો નક્કી કરીને તે ઉપરથી 'મેસ્મેરીઝમ'નું વિજ્ઞાન રચ્યું.

કૅન્સરના રોગીને તેઓ કહે છે:

'ધ્યાન રાખજો કે તમારો કૅન્સર દેહમાં ઉપરથી
ક્યાંક તમારા મન ઉપર ન પહોંચે!
કૅન્સરથી મર્યા છે, તેથી વિશેષ દર્દી કૅન્સરની ચિંતાથી મર્યા છે.
શારીરિક રોગથી નહીં થયાં હોય,
તેટલા મૃત્યુ આશા અને શ્રદ્ધાના અભાવથી થયાં છે.
શ્રદ્ધા અને વિશ્વાસનું બળ અપરિમિત છે.'

મહાપુરુષોના જીવન પ્રસંગોના જીવંત ચમત્કારો
આ સમ્યક્ શ્રદ્ધા-આત્મશ્રદ્ધા-સ્વત્વની
અભિવ્યક્ત શક્તિના જાગૃત ભાનમાંથી જ પ્રગટ્યા હતાં.

સાધનાના વૃક્ષને શ્રદ્ધાનું જળ સીંચતા રહો,
તો જ સિદ્ધિના અભિનવ પુષ્પો અવશ્ય ખીલે છે.

'तमेव सच्चं निःसंकं जं जिणेहिं पवेइयं ।' અર્થાત્:
તે જ સાચું અને શંકા વગરનું છે, જે ભગવાને કહ્યું છે.
એવી શ્રદ્ધા જ સમ્યક્ત્વનું કારણ છે.
સમ્યક્ત્વ અંતરાત્મભાવ - આત્મતત્ત્વ તરફનું ખેંચાણ છે.
જ્યારે એ થાય, ત્યારે જ સમજવું કે સમ્યક્ત્વ છે.

ચાર વસ્તુ બહિરાત્મદશાને સૂચવે:
તત્ત્વની અશ્રદ્ધા, વિષય-કષાયનો આવેશ,
ગુણનો દ્વેષ અને આત્માનું અજ્ઞાન.

પાંચ વસ્તુ અંતરાત્મદશાને સૂચવે:
તત્ત્વની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન, અપ્રમાદ,
મહાવ્રતોનું પાલન તથા મોહ ઉપર જય.

'न हि वस्तुशक्तिः श्रद्धादिकमपेक्षते इत्यर्थः ।' અર્થાત્:
વસ્તુની માત્ર શક્તિ જ કામ કરતી નથી,
એમાં શ્રદ્ધા રાખવી પણ એટલી જ અપેક્ષિત છે.

'નમઃ' શ્રદ્ધાસૂચક છે. શ્રદ્ધા વિના સાચું નમન ન હોય.
નમસ્કાર એ માતા અને પરમેષ્ઠિ એ પિતા છે.
માતા ઉપર શ્રદ્ધા અને પિતા ઉપર ભક્તિ.
પિતા પરંપરાએ કારણ છે, માતા એ સાક્ષાત્કારણ છે.
મોક્ષના અધિકારી બનાવે, તે જ્ઞાન જ આત્મજ્ઞાન છે.
તેના ફળ પ્રત્યે વિશ્વાસ / તેના સાધન પ્રત્યે શ્રદ્ધા જોઈએ.
આત્મજ્ઞાનના માર્ગની શરૂઆત શ્રદ્ધાથી થાય છે અને
તે માર્ગની પૂર્ણાહુતિ અનુભવથી થાય છે.
શ્રદ્ધા જ્ઞાન નહિ, તો પણ જ્ઞાનદર્શી તો છે જ.
૯ તત્ત્વોના શ્રદ્ધાનપૂર્વક આસ્રવોનો ત્યાગ અને
સંવર તથા નિર્જરાનું સેવન એ તીર્થ છે.
'શુદ્ધ ચિદ્રૂપ આત્મરત્ન એ જ એક ધ્યેય છે' એવી
શ્રદ્ધા નમસ્કાર મંત્રના આલંબનથી સુદૃઢ બને છે.
મોહરહિત વીતરાગ પુરુષોની ઉપાસનાથી મોહ ઘટે છે,
તેથી ચિત્ત સ્વચ્છ - પ્રસન્ન - નિર્મળ થાય છે.
નિર્મળ ચિત્ત સત્ય પ્રત્યે શ્રદ્ધા - અભિલાષ પામે છે.

આસો વદી ૧૦, શુક્રવાર

આરાધનાને સફળ બનાવનાર બે ચીજ મુખ્ય છે:
એક પરમાત્માનો અનુગ્રહ અને બીજો જીવાત્માનો પ્રેમ.
જે વસ્તુ અતર્કગ્રાહ્ય નથી, કેવળ શ્રદ્ધાનો વિષય છે,
તેને અત્યંત લઘુકર્મિતા આવ્યા પછી જ સમજાય છે.
ઈશ્વર તર્કથી પર છે. તે ખરેખર વાદનો વિષય નથી.
તે મગજ કરતાં હૃદય, બુદ્ધિ કરતાં શ્રદ્ધાનો વિષય છે.
એક બાજુ પોતાનો જીવાત્મા, બીજી બાજુ સર્વ જીવાત્મા
અને ત્રીજી તરફ પરમાત્મા. એ રીતે ત્રણેનો અભેદ
સાધવાનો પ્રયાસ જ સાધનાને સિદ્ધિ તરફ લઈ જાય.
તું બાળક જેવો થઈ ઈશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા ધારણ કર.

ઈશ્વર ઉપરની શ્રદ્ધાથી અનંત હિંમતબળ,
અખૂટ પ્રેમબળ અને અમાપ ધીરજબળ પ્રગટે છે.

શ્રદ્ધા એ શક્તિ, વિશ્વાસ એ વિશ્વનાથ અને
ભક્તિ એ ભગવાન છે.

એ ત્રણે વડે પ્રાપ્ત થતી કૃપા તારણહાર બને છે.

આપત્તિ આવે, ત્યારે પૂર્ણ શ્રદ્ધા કેળવી યાદ રાખવું કે

કસોટી કનકની જ થાય, પત્થરની નહીં !

ઈશ્વરના નામની એક સ્વયંભૂ શક્તિ છે, તેથી નામ-
સ્મરણથી ચમત્કાર પણ થાય છે, એ શ્રદ્ધાની વાત છે.
ઈશનું સાનિધ્ય વિષયોના સાનિધ્ય કરતાં અઘરું છે,
કારણકે ઈશ અપ્રત્યક્ષ છે અને વિષયો પ્રત્યક્ષ છે.

ઈશનું સાનિધ્ય પેદા કરવા માટે શ્રદ્ધા અને
એ શ્રદ્ધાને માટે વિશ્વાસ, દ્રઢતા અને પવિત્રતા જોઈએ.
પરબ્રહ્મના સાક્ષાત્કાર માટે માત્ર જ્ઞાન જ નહીં, કિન્તુ
શ્રદ્ધા, ભક્તિ અને ધ્યાન પણ તેટલાં જ જરૂરી છે.

કર્મના અટલ નિયમની શ્રદ્ધાથી વાવની ક્રિયા,
માતાનો પ્રેમ અને પૃથ્વીની ધીરજ પ્રાપ્ત થાય છે.

જે પ્રભુમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખે, સૌને સરખા ગણે,
સંતોષથી જેનું મન સદા ય આનંદમાં રહે અને છતાં
પોતાના સ્વધર્મ તથા સ્વકર્મમાં મગ્ન રહે, તેનું જ
જીવનધોરણ ઊંચું ગણાય, પછી ધન હોય કે ન હોય!

## બધા જ આત્માઓમાં ઈશ્વરના દર્શન કરો.

રોજ રાત્રીએ સુતાં પહેલાં અને ઉઠીને તુરંત
ભગવાનના નામસ્મરણનો અભ્યાસ કેળવો.
પરમ શ્રદ્ધાપૂર્ણ હૃદયે સ્વાધ્યાય સાથે
ગુરુપાઠ, સત્સંગ, દેવદર્શન ઉપરાંત એકાંતસેવન,
પ્રભુપૂજન વગેરેને એકપણ દિવસ પાડ્યા વગર કરીને
અત્યંત મહત્વની એવી માનસિક સાધના કરો.
વળી શ્રદ્ધાપૂર્ણ હૃદયે આધ્યાત્મિક સાધના કરવા માટે
બ્રાહ્મમુહૂર્તમાં જાગીને એક ઘડી સુધી પ્રાણાયામ કરો,
ધ્યાન - જપ - સ્તોત્ર - પ્રાર્થના અને કીર્તન કરો.
એક આસને વધુ વખત બેસવાનો અભ્યાસ કેળવો.
સંધ્યાવંદન, પૂજા, નિત્યકર્મ અને ઇષ્ટમંત્રનું સ્મરણ કરો.
આ દરેક સાધનામાં મુખ્ય પદાર્થ શ્રદ્ધા છે.
શ્રદ્ધાવાળા સત્યનિષ્ઠને જીવનમાં પરાજય છે જ નહીં.
જાતે પરાજિત થવા જેવી ભારે શરમ બીજી એકે નહિ.
પરમ તત્વ શ્રદ્ધાનો વિષય છે - an act of faith.

## બધાનું મૂળ ગુરુ છે.

શ્રદ્ધા માટે જ્ઞાન જોઈએ અને જ્ઞાન માટે ગુરુ જોઈએ.
ગુરુવિનય વિના જ્ઞાન નહિ, જ્ઞાન વિના શ્રદ્ધા નહિ.
શ્રદ્ધા વિના ભક્તિ નહિ અને ભક્તિ વિના મુક્તિ નહિ.

દેવ-ગુરુની શક્તિ ઉપર અશ્રદ્ધા અને
પોતાની જ તુચ્છ શક્તિ ઉપર સર્વ શ્રદ્ધા -
એ જ આપણી સઘળી યે અશાંતિનું મૂળ કારણ છે.

શ્રદ્ધા અપ્રાપ્યને પ્રાપ્ય કરાવે છે, વિષને અમૃત બનાવે છે.
શ્રદ્ધાથી સંકટને તરાય, અશ્રદ્ધા ભવસાગરમાં ડૂબાડી દે.

## આત્મૌપમ્યની અનુભૂતિનો અનુબંધ

'જેને તું હણે છે, તે તું છે' એ શ્રદ્ધાન દૃઢ થયાં પછી
'જેને તું નમે છે, તે પણ તું જ છે'
એ શ્રદ્ધા આવિર્ભાવ પામે છે અને
તેનું મનનમાં અને મનનમાં પુનઃ પુનઃ પરિશીલન
આત્મામાં પરમાત્મ-સ્વભાવનો આવિર્ભાવ કરે છે,
તે જ કૈવલ્ય અને મોક્ષ છે.

**શુદ્ધ દેવ - ગુરુ - ધર્મની શ્રદ્ધા વ્યવહાર સમકીત છે.**

વ્યવહાર સમકીત એ નિશ્ચય સમકીતનું કારણ છે.

પહેલું ગુણસ્થાનક મિથ્યાત્વરૂપ છે,

બીજું સાસ્વાદન છે અને ત્રીજું ગુણસ્થાનક મિશ્ર છે.
મિશ્રમાં પરભાવની મિશ્રતા છે. ચોથું સમ્યક્ત્વરૂપ છે.
અહીંથી શુદ્ધ ઉપયોગમાં રહેવાની શરૂઆત થાય છે.
તેમાં વ્યવહારથી શુદ્ધ દેવ - ગુરુ - ધર્મની શ્રદ્ધા તથા
નિશ્ચયથી શ્રદ્ધાવાન - જ્ઞાનવાન અને ચારિત્રવાન
આત્મા એજ અનુક્રમે દેવ, ગુરુ અને ધર્મરૂપ છે.

શ્રદ્ધાની પૂર્ણતા ચોથે ગુણસ્થાનકે,

ચારિત્રની પૂર્ણતા બારમે ગુણસ્થાનકે,

જ્ઞાનની પૂર્ણતા તેરમે ગુણસ્થાનકે થાય છે અને
સુખની પૂર્ણતા ચૌદમે યોગનિરોધાવસ્થામાં થાય છે,

તે પહેલાં અવ્યાબાધ સુખ નહિ.

**શુભ વિચાર કરનારને પહેલાં જરૂર ઈશ્વરમાં અનન્ય શ્રદ્ધાની છે. તે નહીં હોય, તો સંસારયાત્રા ફોગટ છે.**

દેહ - ગુરુ અને શાસ્ત્રની અચળ શ્રદ્ધા જેને હોય,
તેને નિશ્ચય સમ્યગ્દર્શન કેમ નહીં ?

તેમની શ્રદ્ધા રાગસહિત અને અવિચળ છે, તો પણ
તે પરદ્રવ્યમાં છે. સ્વદ્રવ્ય હજુ તેણે અનુભવ્યું નથી.
પરદ્રવ્યમાં શ્રદ્ધા તે રાગાયુક્ત છે.
અચળ શ્રદ્ધા પણ રાગમિશ્રિત અને
પરદ્રવ્યમાં હોવાથી વ્યવહાર સમકીત છે.
તેઓ સુખના સમુદ્રની આસપાસ ભમે છે, પરન્તુ
હજુ તેમણે સુખસમુદ્રમાં ડૂબકી મારી નથી.
કાંઠા ઉપરના સુખને સમુદ્રનું સુખ માની લેવું અજ્ઞાન છે.
સમુદ્રમાં ડૂબકી મારી તેના સુખનો અનુભવ કરશે,
ત્યારે કાંઠાનો મોહ આપમેળે છૂટી જશે.
પછી જે શ્રદ્ધા અનુભવાતી હશે, તે
નિર્વિકલ્પ, શંકારહિત, શુદ્ધ તથા નિશ્ચય શ્રદ્ધા કહેવાશે.
જીવનમાં જો શ્રદ્ધાનો વેગ વધશે,
તો સંશયનો વેગ અવશ્ય અટકશે.

## 'શ્રદ્ધાવાં લભતે જ્ઞાનમ્ ।'

શ્રદ્ધાથી મંત્ર, દેવ, ગુરુ તથા શાસ્ત્ર ફળીભૂત થાય છે.
શ્રદ્ધા ઈશ્વરકૃપાને ખેંચવા માટે ચુંબકનું કામ કરે છે.
શ્રદ્ધામાં વિવાદ, વિચાર કે તર્ક નથી.
શ્રદ્ધા દુર્બળને પણ બળવાન બનાવે છે.
શ્રદ્ધા વિનાનું જીવન શુષ્ક અને નિરાધાર છે.
સાચી ધર્મસાધના માટે ૨૪ કલાક ઉપરાંત જરૂરી છે...
શ્રદ્ધા, ધૃતિ, સત્કાર, સરળતા અને ચિત્તપ્રસન્નતા.
ભગવાનના નામ ઉપરની શ્રદ્ધાથી તે સરળ બને છે.
દરદી કરતાં ડૉક્ટરની જવાબદારી વધારે છે.
ડૉક્ટર પૂરતી કાળજી દ્વારા દરદીમાં શ્રદ્ધા જગાડે અને
દરદીની શ્રદ્ધા જ તેને responsive બનાવે છે.
પરમાત્મતત્ત્વનું શ્રદ્ધા - ભક્તિપૂર્વક શ્રવણ
તે જ્ઞાન દ્વારા પ્રભુને અંતરમાં ઉતારવાનો પ્રયોગ છે.
જેનામાં ભક્તિ વિશ્વાસ પાકા છે, તે ગૃહસ્થ બ્રાહ્મણ છે
તથા જેને ઈશ્વરમાં શ્રદ્ધા નથી, તે ગૃહસ્થ શૂદ્ર છે.

## શ્રદ્ધાની બે શક્તિ: આહ્વાન શક્તિ, પ્રત્યુત્તર શક્તિ.

શ્રદ્ધાની ઊર્ધ્વ શક્તિ નીચેથી ઉપર લઈ જનારી છે,
નીચી ભૂમિકાથી ઉપરની ભૂમિકાએ લાવનારી છે અને
શ્રદ્ધાની બાહ્ય શક્તિ ઉપરથી નીચે લાવનારી છે.

શુદ્ધ વિચારક બુદ્ધિ અને અવલોકન શક્તિ -
એ બન્ને મળીને શ્રદ્ધા રૂપી અમૃતને પેદા કરે છે.
આત્મા અને પરમાત્માનો શ્રદ્ધાપૂર્વક યોગ સાધવો,
એ જ મનુષ્યના જીવનનો ખરો પુરૂષાર્થ છે.

Accept it be faith.

શ્રદ્ધા રાખો કે ભગવાનનું સાંનિધ્ય સાંપડી રહ્યું છે.

Observe the operations.

જે લાભો સાંપડે, તેનું નિરીક્ષણ કરી શ્રદ્ધાને વધારો.
ભગવાનના ચરણોમાં પૂર્ણ શ્રદ્ધા રાખવી,
તે ભક્તિનો સર્વ પ્રથમ ઉપાય છે.
ભગવાનના ગુણો, કર્મો અને સ્વરૂપનું કીર્તન
નિત્ય નિયમપૂર્વક કરવાથી શ્રદ્ધા ઉત્તરોત્તર વધે છે.

## આસ્તિક કોને કહેવાય?

દરેક નાના - મોટા જીવમાં બિરાજમાન થઈને રહેલાં એવા નિર્ગુણ તથા નિરાકાર તત્ત્વના સાક્ષાત્કાર પ્રતિ જેઓ શ્રદ્ધા ધરાવે છે, તેઓ 'આસ્તિક' કહેવાય.

'શ્રદ્ધા' એટલે આપણી આસ્તિક બુદ્ધિ.

## આસ્તિક અને નાસ્તિકમાં શું ફેર?

નિત્યને વિષે જેને શ્રદ્ધા છે, તે આસ્તિક અને અનિત્યમાં જે આસ્થા રાખે, તે નાસ્તિક.

જે મનુષ્યને પોતાના સ્વરૂપમાં અથવા ભગવાન સ્વરૂપમાં શ્રદ્ધા નથી, તે નાસ્તિક જ છે.

આસ્તિકતાનો અર્થ કેવળ પરલોક અથવા તો ઈશ્વરમાં વિશ્વાસ એટલો જ નહીં, કિન્તુ પોતાની જાત ઉપર વિશ્વાસ, આત્મવિશ્વાસ કે આત્મશ્રદ્ધા છે.

દેહાધ્યાસથી જીવ સંસારની અનેક યોનિમાં આવ - જા કરે છે, તેને મોક્ષ છે અને તે જ એક મંગલ તત્ત્વ છે.

તેને વિષેની આસ્તિકતા, તે જ 'શ્રદ્ધા' છે.

તે જ સાચી વિદ્યા છે કે જે વડે ભગવાનનું જ્ઞાન
પ્રાપ્ત થઈ તેમાં શ્રદ્ધા અને ભક્તિ ઉત્પન્ન થઈ શકે.

ઈશ્વરના અસ્તિત્વ વિષેની ચર્ચા
એ વિતંડાવાદનો નહીં, પરન્તુ શ્રદ્ધાનો વિષય છે.
જે માનવી ફક્ત પોતાની જાતની,
આવતી કાલની ફિકરમાં રચ્યોપચ્યો રહે છે,
એ ઈશ્વર પ્રત્યે એક પ્રકારની અશ્રદ્ધા સેવે છે.
આવતી કાલની ફિકર રાખવાનું જે ઈશ્વરને સોંપી દે છે,
તેની જવાબદારી લીધા સિવાય ઈશ્વરને છૂટકો નથી.
આ વાત સમજાય છે કે નહીં,
તેનો વિચાર છોડી અંતરમાં વસાવવા જરૂરી છે.
ધર્મ આત્મવિશ્વાસ - આત્મશ્રદ્ધા કેળવવાનું શીખવે છે.
હિંદુધર્મનું તત્ત્વ મોટું છે. જેટલો વિશ્વાસ શરીરના
અસ્તિત્વ અને તેની ક્ષણિકતાને વિષે હિંદુને છે,
તેટલો જ વિશ્વાસ પ્રત્યેક હિંદુને
આત્માના અસ્તિત્વ અને તેના અમરત્વને વિષે છે.

## આર્હંત્યની મૂળ શક્તિમાં શ્રદ્ધા રાખીએ.

જેમ પ્રકાશની ગેરહાજરીમાં અંધકાર અનુભવાય, તેમ વિશ્વના તદ્દન જૂઠાણાંમાં આર્હંત્યની ગેરહાજરીની માન્યતા જ બાધારૂપ છે. એના સાર્વભૌમત્વનો વિચાર અને સ્વીકાર આશા અને આશ્વાસનનું એક ચિહ્ન છે. પ્રકાશના ચિહ્નને તેના મૂળ સ્રોતથી વિખૂટું પાડ્યા પછી જેવી સ્થિતિ થાય છે, તેવી જ સ્થિતિ આ સંસારમાં આર્હંત્યની શ્રદ્ધાથી રહિત જીવની થાય છે.

શુભની ગેરહાજરીની માન્યતા જ બાધારૂપ છે, તેથી સર્વ શુભ અને હિતકારક એવા આર્હંત્યની શ્રદ્ધાથી જીવ વંચિત થાય, ત્યારે અસહાયતા અનુભવે છે. આર્હંત્યને સાચી રીતે ઓળખવા માત્રથી જ બાધ અદૃશ્ય થઈ જાય છે. આર્હંત્યનો પ્રકાશ ત્રાણરૂપ છે. એ પ્રકાશમાં જીવન જીવનાર નિર્ભય છે.

એ પ્રકાશ પરમ પ્રેમરૂપ છે, તેની શ્રદ્ધા રાખીએ, જે સમગ્ર વિશ્વને પોતાનામાં સમાવી લે છે.

## ઈશ્વર જાણવાની પહેલી શરત કઈ છે ?

પરિસ્થિતિનો સામનો કે ફરિયાદ નહીં પણ તેનો
શાંત સ્વીકાર. આ શાંત સ્વીકાર તે જ સામાયિક છે.
શાંત સ્વીકારની પાછળ એ શ્રદ્ધા છે કે
નિસર્ગનું ગણિત સર્વોપરિ છે, તેથી
જીવનના હિસાબ ચોપડામાં તેની કોઈ ભૂલ ન હોઈ શકે.

**શ્રદ્ધા એક પ્રશસ્ત રાગસ્વરૂપ છે.**

ઈશકૃપા વિના ઈશ પોતે કદાપિ પકડાય તેવા નથી.
એ કૃપા ઉત્પન્ન કરનાર પણ ઈશ પોતે જ છે.
ઈશ ઉપરની શ્રદ્ધા વધવી, એ ય તેમના જ હાથમાં છે.
એ જે રીતે આપણી સાર-સંભાળ લે છે,
તે રીત પણ ફક્ત તેઓ જ જાણે છે,
ભક્તજનો ભક્તિ વડે તેનો યત્કિંચિત અનુભવ મેળવે છે.
ઈશ્વરના અસ્તિત્વની હકીકતને
પોતાની જાત ઉપર જ કસોટીએ ચઢાવવા ઈચ્છનાર
એક જીવંત શ્રદ્ધા વડે જ તેમ કરી શકે.

## શ્રી વીતરાગ દેવની આજ્ઞાને શ્રદ્ધાપૂર્વક સત્ય સમજવી.

શ્રી વીતરાગ દેવે સ્યાદ્વાદ રૂપથી જે રીતે છ દ્રવ્યોનું સ્વરૂપ, નયનિક્ષેપ, નિત્ય - અનિત્ય, સામાન્ય - વિશેષ, સિદ્ધ - નિગોદ તથા નિશ્ચય - વ્યવહાર કહ્યાં છે, તે રીતે શ્રદ્ધાપૂર્વક યથાર્થ ઉપયોગમાં ધારવા અને તે રીતે જ બીજાની આગળ નિરૂપણ કરવું.

આત્મદ્રવ્ય તે કારણ - પરમાત્મા છે અને તેમાં લીન થનાર કાર્ય - પરમાત્મા બને છે. કારણ - પરમાત્માના શ્રદ્ધા - જ્ઞાન - લીનતા વડે જેણે શુદ્ધ આત્માની હૃદયમાં પ્રતિષ્ઠા કરી, તે ભાવપ્રતિષ્ઠા છે. સંસારની કોઈપણ વસ્તુ ઉપર શ્રદ્ધા નહીં હોય, તો ચાલશે પણ સંસારથી પર એવા પંચ પરમેષ્ઠિઓની તારકતા ઉપર જો શ્રદ્ધા નહીં હોય, તો નહીં ચાલે.

જો ધર્મના સિદ્ધાંતો પ્રત્યે શ્રદ્ધા હોય, તો ધર્મસ્થાપક દેવ, ધર્મદેશક - પ્રેરક - પ્રભાવક ગુરુ આદિ તત્ત્વો પ્રત્યે પરમ ભક્તિ આવ્યા વિના ન જ રહે.

# દ્રવ્યશ્રદ્ધા તથા ભાવશ્રદ્ધામાં શું ફેર ?

દ્રવ્યશ્રદ્ધા = સુદેવ - સુગુરુ - સુધર્મ ઉપર શ્રદ્ધા.

ભાવશ્રદ્ધા = આત્મા જ દેવ - ગુરુ અને ધર્મ.

'તપસા બ્રહ્મચર્યેણ શ્રદ્ધયા વિદ્યયાઽઽત્માનમન્વિષ્ય ।' આને આહારના નિયમરૂપ તપ, ઉપસ્થના નિગ્રહરૂપ બ્રહ્મચર્ય, દેવ - ગુરુની ઉપાસનારૂપ વિદ્યા ઉપરાંત શાસ્ત્રોમાં સુદૃઢ વિશ્વાસરૂપી શ્રદ્ધા વડે આત્માની શોધ કરવી.

શ્રદ્ધા - ભક્તિપૂર્વક પરમેશ્વરનું પવિત્ર નામ જ્યારે મનુષ્ય ઉચ્ચારે છે, ત્યારે તે અવશ્ય તારક બને છે. ભગવાનના નામની સાથે ધ્યાનથી, શ્રદ્ધાથી, આગ્રહથી પ્રાર્થના થાય છે, ત્યારે તેની જુદી જ અસર થાય છે.

જો આપણે ઈશ્વરવિમુખ રહીએ, તો ય તે આપણને પ્યાર કરે છે, તો જો આપણે શ્રદ્ધા અને ભક્તિથી તેના તરફ વળીએ, તો તે આપણને શું ન કરે ?

માનવહૃદયને પ્રભુની શ્રદ્ધા સૌથી વધારે બળ અને પ્રભુને કરેલી પ્રાર્થના સૌથી વધારે શાંતિ આપે છે.

'બધી સૃષ્ટિ ચૈતન્યને આધીન છે' એ શ્રદ્ધા દૃઢ કરવી.
આપણાંમાં જે ચૈતન્યસ્વરૂપ આત્મા બિરાજમાન છે,
તે વિશે શ્રદ્ધા રાખવી. જગત ચૈતન્યનો જ આભાસ છે.
શ્રદ્ધા ઊંડી થાય, પછી અહંકાર એમાં જ શમી જાય છે.

'હું કરું છું' એવું કર્તાપણાનું મિથ્યાભિમાન,
ચૈતન્ય વિષેની જ્વલંત શ્રદ્ધામાં ન રહી શકે.

સંશય એ જ સંસાર છે.

શ્રદ્ધા અને ભગવાનની ભક્તિનો અભાવ એટલે સંસાર.
શિક્ષકો કે વાલીઓ જો પ્રતિબદ્ધ જીવન નહીં ગાળે, તો
સંસારમાં નવી ઉગતી પ્રજા શ્રદ્ધાવિહીન બની જશે !

ભગવાન ભક્તિથી ખરીદાય છે.

ભગવદ્ભક્તિ શ્રદ્ધાબળ અને તત્ત્વનિષ્ઠાથી ટકે છે.

શ્રી જિનેશ્વર ભગવંતની આરતી કરીએ...

સમગ્રતાની Relatedness જેમાં જળવાઈ રહે છે,
તે Cosmic order. જીવનનું બંધારણ
Cosmic orderની શ્રદ્ધાના પાયા પર હોવું જોઈએ.

## સાચી શ્રદ્ધા જરૂર રાખજો કે...

આજે પણ પ્રભુ આપણું યોગક્ષેમ કરી જ રહ્યા છે,
તેમનું ચૈતન્ય સર્વજ્ઞ - સર્વદા - સર્વશક્તિમાન છે અને
આ ચૈતન્ય જ આપણે મૂર્તિમાં મૂર્ત કર્યું છે.
આમ બધાથી ભગવાનનું સાંનિધ્ય પ્રત્યક્ષ બને છે.
આ રીતે ભગવાન સાથે સંબંધ જોડવાથી
આરાધનાનાં બધા અંગો, ઉપકરણો અને સ્થાનો -
એ એક Objective Reality બની જાય છે,
ઉપકરણને પ્રભુનું સાંનિધ્ય અમૃતક્રિયા રૂપ બને છે
તથા તે જ શ્રદ્ધા અને ભાવવૃદ્ધિનું કારણ બને છે.

શ્રદ્ધાપૂર્વક આજ્ઞાને શરણે રહેવું, તે ધર્મ.

અહંકારનું મૂળ મમકાર, તેનું મૂળ રાગ - દ્વેષ.
એ સૌ રોગોને મૂળમાંથી નાશ કરવાની દવા નમસ્કાર.
નમસ્કાર એટલે 'જે કાંઈ સારું - નરસું બની રહ્યું છે,
તે પ્રભુઆજ્ઞાની આરાધના અને વિરાધનાનું ફળ છે'
એવા અટલ શ્રદ્ધાપૂર્વક આજ્ઞાને સમર્પિત રહેવું તે.

## માનવમન નિર્મિત મહાન સમન્દર કયો ?

જ્યારે પણ દેવદર્શન, ગુરુવંદન, ધર્મશ્રવણ અથવા સામાયિક - પ્રતિક્રમણાદિ ક્રિયા કરીએ, ત્યારે અખૂટ અનંત શ્રદ્ધા, આત્મવિશ્વાસના રણકારપૂર્વક કરીએ. 'આ મારા પ્રતિપળ કશુંક અસામાન્ય નવા અદ્ભુતપણે સર્જાઈ રહ્યું છે અને તે મોક્ષનો આકાર લઈ રહ્યું છે' એવા શ્રદ્ધાપૂર્વક ઉપરોક્ત ક્રિયા કરીએ, એ શ્રદ્ધા એ માનવમન નિર્મિત સૌથી મહાન મોટો સમન્દર છે.

## શ્રદ્ધાભક્તિ સાથે સાધના એટલે...

## પરસ્પર ભેદ હોવા છતાં ભેદભાવ ન હોવો તે.

અરિહંતાદિ શ્રદ્ધેય પદો ઉપર શ્રદ્ધા રાખવી,
એ શુભ ભાવ નથી, અશ્રદ્ધા કરવી, તે અશુભ ભાવ છે.

'કંઈ ભાળો નિરાશામાં અંદર આશા છુપાઈ છે!'
તો તે આશા કઈ ?

ભગવાન ઉપરની શ્રદ્ધા, તેમની શરણાગતિ તથા અંતરનો વિશ્વાસ - એ ત્રણે કદી નિષ્ફળ જતાં નથી.

ક્રિયા ઉપરની શ્રદ્ધા આપણો પ્રભુવાદ છે.
'ધર્મને અને મોક્ષને સીધો સંબંધ છે' એ શ્રદ્ધા જ
મનુષ્યના મનથી નિર્મિત સૌથી મહાન ચમત્કાર છે.

શ્રદ્ધા વિના જીવનમાં કેવળ અંધકાર છે.

શ્રદ્ધા જ પ્રકાશને પાથરનાર પરમ દીપક છે.

ખરી બુદ્ધિમત્તા = શ્રદ્ધેય વસ્તુ પ્રત્યે શ્રદ્ધા ધારણ કરવી.

જે વસ્તુ શ્રદ્ધા મૂકવા લાયક છે, તેના ઉપર
શ્રદ્ધા ન મૂકવી, એ આધ્યાત્મિક રીતે મહાન ગુન્હો છે.

'સંસારની તુચ્છ વસ્તુઓ મને સુખ આપશે'
એમ શ્રદ્ધાપૂર્વક માનનારો માનવી જ્યારે
સંસારના પારને પામેલા, પામનારા અને પમાડનારા
દેવ, ગુરુ, શાસ્ત્ર અને ધર્મ ઉપર
શ્રદ્ધા મૂકવા તૈયાર ન હોય, ત્યારે તે એક મહાન
ગુન્હાહિત કાર્ય કરે છે, એમ તેને લાગવું જોઈએ.

નિર્દોષ અને નિરપરાધી જીવનનું પહેલું લક્ષણ
શ્રદ્ધેય વસ્તુ ઉપર શ્રદ્ધા ધારણ કરવી, તે જ છે.

'હું ત્રિકાળી અવિકારી સાધક છું'

સાચી શ્રદ્ધાના જોરે ભૂલનો નાશ થઈને
ક્રમે - ક્રમે સર્વ વિકલ્પી ભાવોનો નાશ થઈ શકે છે.

પવિત્ર - અવિકારી - અસંગ સ્વભાવની
એકરૂપ શ્રદ્ધાના જોરમાં રાગના વિકલ્પો તૂટી જાય છે.
ગાંઠ - આંટની અવસ્થા છૂટીને સુતરમાં સમાઈ ગઈ, તેમ
એકરૂપ સ્વભાવમાં મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાચારિત્રની
અવસ્થા બદલાઈને નિર્મળ એક ભાવરૂપ અવસ્થા થઈ,
તે સ્વભાવમાં સમાઈ ગઈ. એ રીતે આત્માના પૂર્ણ
ત્રિકાળી સ્વભાવને જે જાણે છે, તે સમ્યગ્દૃષ્ટિ છે.

પૂર્ણ નિર્મળ આત્મસ્વભાવ ઉઘડ્યા પહેલાં
પૂર્ણનો સ્વીકાર શ્રદ્ધાભાવમાં થાય છે. સમ્યગ્દૃષ્ટિ
પોતાના પૂર્ણ શુદ્ધ પારિણામિક ભાવને જ માને છે,
તેના બળે વિકલ્પ તૂટીને સ્થિરતાનું બળ વધે છે.

'અલ્પકાળમાં જ મોક્ષ છે'

તેવો સંદેશ નિઃસંદેહપણે તેને અંતરમાંથી જ આવે છે.

## વિચારોમાં સંશય - વિભ્રમ એટલે શું ?

સંશય એટલે સામાન્યમાં ભૂલ, તે દર્શનમોહ છે.
ત્રિકાળી આત્મ સ્વભાવની શ્રદ્ધામાં ભૂલ –
તે અનંત સંસારમાં રખડવાનું મૂળિયું છે.
વિભ્રમ તે વિશેષમાં ભૂલ, તે ચારિત્રમોહ છે.

જીવ પોતાની ભૂલથી
રાગ-દ્વેષ વડે આવરણ કરી મહાઆવિર્ભૂતી થયો છે.
દર્શન મોહનીયના રજકણો સ્વરૂપની અસાવધાનીમાં,
આત્માની સૌ ભૂલો ટકાવ રાખવામાં વડે
ઊંધી શ્રદ્ધામાં માત્ર નિમિત્ત જ રહેલ છે.
મોહની શક્તિ કરતાં અનંતગુણી શક્તિ ચૈતન્યમાં છે,
તે પૂર્ણ સામર્થ્ય રૂપે પ્રગટતાં જ સહજ - અનંત
આનંદસ્વરૂપ અને કેવળજ્ઞાનનિધાન લક્ષ્મી પ્રગટે છે.
પરમનિધાનની શ્રદ્ધા થયાં પછી જરૂરી પુણ્યજન્ય સંપત્તિ
પણ પ્રભુના ઉપદેશાદિના પાલનથી મેળવી શકાય છે.
ભારતીય સંસ્કૃતિનો મૂળભૂત સિદ્ધાંત ઈશ્વર શ્રદ્ધા છે.

## પરિપૂર્ણની શ્રદ્ધા વિના વીતરાગતા આવે ક્યાંથી?

આત્માને એકાંત કાયમ યથાર્થપણે માન્યો જ નથી. માત્ર ક્ષણિક અવસ્થાને અને રાગાદિને શ્રદ્ધાપૂર્વક માન્યા છે, કિન્તુ પરિપૂર્ણ સ્વરૂપને માન્યું નથી. પરિપૂર્ણ સ્વરૂપની શ્રદ્ધા પ્રગટ્યા વિના ધર્મની ગંધ પણ હોઈ શકે નહીં. અખંડ પરિપૂર્ણની શ્રદ્ધા વગર વ્રત કે મહાવ્રત પણ સાચા હોય નહીં. જેને પરિપૂર્ણ સ્વભાવની શ્રદ્ધા જ નથી, તેને પરિપૂર્ણની રુચિ કેમ હોઈ શકે? અને રુચિ વિના વીર્ય ક્યાંથી? પરિપૂર્ણ આત્મસ્વભાવની શ્રદ્ધા અને પ્રતીતિ વગર પરિપૂર્ણ માટેનો પુરુષાર્થ પણ હોઈ શકે નહીં.

'પ્રભુની મારા ઉપર સતત કૃપા વરસી રહી છે અને તે જ મને ઊંચે ચઢાવી રહી છે' એવા શ્રદ્ધાવાળાને જ પ્રભુનું દર્શન થાય છે, મંત્રોનું માહાત્મ્ય સમજાય છે. મંત્રાક્ષરોની શ્રદ્ધા + એનો જાપ અધ્યવસાયની વિશિષ્ટ વિશુદ્ધિ કરી કર્મનિર્જરામાં પરમોપયોગી બને છે.

જ્ઞાન, શ્રદ્ધા અને સત્કર્મના પૂર્ણ ત્રિવેણીનું નામ મોક્ષ.

મોક્ષની માન્યતા થયા પછી પણ મોક્ષના સાચા ઉપાયોની શ્રદ્ધા ન હોય, તો મોક્ષની પ્રાપ્તિ થઈ શકે જ નહીં. જેમ પાણીમાંથી માખણ કે રેતીમાંથી તેલ ના નીકળે, તેમ મોક્ષના સાચા ઉપાયોની શ્રદ્ધા વિના મોક્ષ પણ થાય નહીં. હિન્દુ ધર્મનું તત્ત્વ મોક્ષ છે. જેટલો શરીરના અસ્તિત્વ અને તેની ક્ષણિકતાને વિષે હિન્દુને છે, તેટલો જ વિશ્વાસ આત્માના અસ્તિત્વ + અમરત્વને વિષે છે. ચોર્યાસીથી જીવ સંસારની અનેક યોનિમાં આવ-જા કરે છે, તેનો મોક્ષ છે અને તે જ એક મંગળ તત્ત્વ છે અને તેને વિષેની આસ્તિકતા, તે જ 'શ્રદ્ધા' છે. આસ્તિકતા - શ્રદ્ધા સાથે કરાતી સર્વ સાધના ફળે છે.

o

*Why is love greater than faith?*
*Because the end is always greater than the means.*

## કોઈપણ કાર્યનું ફળ મેળવવા માટે બેની જરૂર છે:
## પ્રામાણિક પ્રયત્ન અને ઈશ્વરની કૃપા.

અહંકારનો નાશ કરવા પહેલાં શ્રદ્ધા આવશ્યક.
પ્રામાણિક પ્રયત્નની સાથે અહંકારનો અભાવ જોઈએ.
તે અભાવ ઈશ્વર ઉપરની શ્રદ્ધામાંથી જન્મે છે.
ઈશ્વરની કૃપા ઉતરવા માટે પ્રામાણિક પ્રયત્ન જોઈએ,
પ્રામાણિક પ્રયત્ન થવા માટે ગર્વનો અભાવ અને
તે માટે ઈશ્વરમાં અખંડ-પરિપૂર્ણ શ્રદ્ધા જોઈએ.

## શ્રદ્ધા અને ભક્તિથી મુક્તિ

'પ્રયત્ન વિના મુક્તિ નહિ' તે શ્રદ્ધાનું વચન છે અને
'કૃપા વિના મુક્તિ નહિ' તે ભક્તિનું વચન છે.
ભક્તિમાં પરમાત્માના સામર્થ્યની પ્રતીતિનું ભાન છે,
જ્યારે શ્રદ્ધામાં ભક્તના સામર્થ્યનું ભાન છે,
જે ભક્તના પ્રયત્નની એકનિષ્ઠતામાં રહેલું છે.
ભક્તિમાં આરાધ્યની - નિષ્ઠામાં આરાધકની મુખ્યતા છે.
શ્રદ્ધા એ નિષ્ઠાનો પર્યાયવાચી શબ્દ કહી શકાય.

વધુ સારો મનુષ્ય અને વધુ સારો સમાજ બનાવવા
માટે જરૂરી એવા વર્તણુંક અંગેના નીતિ - નિયમો
ઈશ્વર વિષેની શ્રદ્ધાની આસપાસ કેન્દ્રિત થયેલા છે.
ઈશ્વરમાં શ્રદ્ધા એ ખરી રીતે તો પરમપદની પ્રાપ્તિ
વિષેની શ્રદ્ધા છે કે જ્યાં માનવીની અપૂર્ણતાઓનું કોઈ
અસ્તિત્વ નથી. આવી શ્રદ્ધા વ્યક્તિગત ઉદ્ધાર માટે
તો જરૂરી છે જ, પરન્તુ સમાજના અને તેથી કરીને
માનવજાતના ઉદ્ધાર માટે પણ જરૂરી છે.

બ્રહ્માંડમાં અપૂર્વ શક્તિ રૂપે જે ચૈતન્ય વિલસી
રહ્યું છે, તેનું નામ જ 'જગદંબિકા' છે અને સંસારની
સર્વ પ્રવૃત્તિ એ મહાશક્તિને આધારે જ ચાલે છે.
આશ્વિન માસમાં જગદંબિકાનું જે પૂજન કરે છે, તે
ગમે તેવા ભયમાં હોય, તો પણ તેથી મુક્ત થાય છે.
ભક્તિ અને શ્રદ્ધાયુક્ત થઈ જગદંબિકાના માહાત્મ્યને
જે શારદીય આશ્વિન માસમાં સાંભળે છે,
તે સર્વ દુઃખોમાંથી મુક્ત થઈ જાય છે.

## સાચા નવ તત્ત્વોની શ્રદ્ધામાં જ દેવ - ગુરૂ - શાસ્ત્રની ઓળખાણ સાચી થાય છે.

જીવતત્ત્વ રાગ-દ્વેષ અને અજ્ઞાનાદિ રહિત છે. અસંયોગી, શુદ્ધ આત્માને માનવો; તે નિશ્ચય શ્રદ્ધા છે.

અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ : આ ૫ તત્ત્વોને આત્માના સ્વભાવમાં નાસ્તિરૂપ માનવા અથવા તે પાંચે તત્ત્વો હેય છે, એવી શ્રદ્ધા કરવી.

અનંત વાર વીતરાગી દર્શના નામે ઉત્કૃષ્ટ ક્રિયા રાખી, શુભ ભાવ કરી નવ ગ્રૈવેયક સુધી જીવ ગયો, તેણે નવ તત્ત્વોના ભેદ રાખી દેવ - ગુરૂ - શાસ્ત્રને તો બરાબર માન્યા હતાં, શુદ્ધ અણગાર દશા રાખી મહાવ્રતો પણ તેના ચોખ્ખાં હતાં, છતાં... 'હું નિમિત્તરહિત છું, શુભ વૃત્તિ ઉઠે, તે પણ મારું સ્વરૂપ નથી અને મને મદદગાર નથી, હું તો ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છું' એવી સ્વતંત્ર તત્ત્વની અંતરમાં શ્રદ્ધા બેઠી ન હતી, તેથી જીવનભર કરેલ ક્રિયા ફળી નહીં!

'જં સક્કઇ કરઇ જં ન સક્કઇ સદ્દહઇ
સદ્દહમાણો જીવો પાવઇ સાસયં ઠાણં ।' અર્થાત્:
જે શક્ય છે, તે કરો. જે શક્ય નથી, તેની શ્રદ્ધા કરો.
શ્રદ્ધા કરતો જીવ શાશ્વત સ્થાનને પામે છે.

<u>'શ્રાદ્ધ'નો અર્થ છે શ્રદ્ધાથી સમર્પણ કરવું તે.</u>

શ્રદ્ધાથી = જેને સમર્પણ કરીએ, તે તેને પાત્ર છે, એ ખાત્રી.
તે ખાત્રીનો અર્થ એ કે...
જે આપીએ, તેના કરતાં બદલામાં ઘણું મળે છે.
'શ્રદ્ધા' એટલે તે વિષયક તીવ્ર અભિરુચિ તથા
પરોક્ષને પ્રત્યક્ષ કરવાની તાલાવેલી.
શ્રદ્ધાથી વીર્ય તથા ઉત્સાહ જન્મે અને
એ બોધિ સ્મૃતિ, ધારણા અથવા એકાગ્રચિત્તતા જન્મે છે.
એકાગ્ર ચિત્ત એ વિશ્વનું સૌથી મોટું ગ્રન્થાલય છે.

o

<u>Why is having faith necessary?</u>

It is to connect the soul with God.

નિઃશંકતામાંથી નિષ્ઠા, નિષ્ઠામાંથી શ્રદ્ધા અને
શ્રદ્ધામાંથી ભક્તિ ઉદ્દભવ પામે છે.

પ્રેમને મરવાનું મન થયું અને એણે શંકાનું ઝેર પીધું,
શ્રદ્ધાને જન્મ આપવાનું મન થયું અને
એણે ભક્તિને જન્મ આપ્યો !

એવા એક પણ જાગૃત ક્ષણ ન હોવા જોઈએ કે જેમાં
'ઈશ્વર મારામાં છે અને તે બધું જોઈ રહ્યાં છે'
એવી સતત શ્રદ્ધા હૃદયને ન હોય !

આત્માસથી અને અવસ્થિત થઈને સિદ્ધ થઈ શકે છે.

ઈશ્વરીય શ્રદ્ધા રાગ અને રોગ મટાડે.

જો તમને સ્વાસ્થ્ય અને સુખની ઈચ્છા હોય,
તો પરમેશ્વરમાં શ્રદ્ધા રાખો, ગાઢ ઉંઘ લ્યો અને
જીવનના આનંદમય પાસાંનો જ વિચાર કરો.

ચિંતાથી શરદીથી માંડીને ડાયાબીટીસ પણ થાય.

જઠરને સ્વસ્થ રાખવા પણ ચિંતા ઓછી કરો અને
લોહીદબાણ વધે કે સાંધાના રોગનું કારણ ચિંતા જ છે.

ધર્મ એ બોલવાની નહીં પણ માનવાની વસ્તુ ઉપરાંત
શ્રદ્ધાપૂર્વક આચરવાની વસ્તુ છે.

જે પ્રકારે શ્રદ્ધા, સમજ અને નિશ્ચલતાપૂર્વક
સ્વઆત્મસ્વરૂપને ઓળખીને તેમાં જ
તલ્લીન થઈ જવાની પ્રવૃત્તિમાં રચ્યોપચ્યો રહે, તે ધર્મ છે.

## ધર્મશ્રદ્ધાના બે પાસાં

એક આત્માભિમુખતા અને બીજું પરમાત્માભિમુખતા.

જેવા આ બે પાસાં ભેગાં થાય, એટલે
જીવન એક અખંડ અને અભેદ સ્વરૂપવાળું બને છે.

ધર્મશ્રદ્ધા, પ્રભુભક્તિ, જીવનકર્મ - ત્રણેયમાંથી એકનું પણ
અપમાન જ્યારે વાણી, વિચાર કે મન વડે થતું અટકે,
ત્યારે નિર્ભયતાનું સામ્રાજ્ય પ્રાપ્ત થાય છે.

શ્રદ્ધાનો પાયો દેવતત્ત્વ છે, ભજનની દિવાલ ગુરુતત્ત્વ છે
તથા ચારિત્ર્યનું છાપરું ધર્મતત્ત્વ છે. આમ જીવનમંદિરમાં
દેવ એ પાયો, ગુરુ એ દિવાલ અને ધર્મ એ છાપરું છે,
તેથી ત્રણે તત્ત્વો એકસરખા આરાધ્ય છે.

એ જાતિની શ્રદ્ધા એ સત્‌શ્રદ્ધા છે કે...

કર્મનો સંબંધ પરદ્રવ્યમાં નહિ, ધર્મનો સંબંધ સ્વમાં છે.

એમ સ્વના વિચાર વિના ધર્મ ન હોઈ શકે, તેમ 'ધર્મ વડે સ્વની રક્ષા થઈ શકે' એવી શ્રદ્ધા ધારણા કર્યા વિના ધર્મની આરાધના કેવી રીતે થઈ શકે?

પ્રશ્ન: ધર્મમાં સૌને રક્ષવાની શક્તિ હોવા છતાં સર્વ જીવોની રક્ષા કેમ થતી નથી?

ઉત્તર: સત્‌શ્રદ્ધા એ આવશ્યક હોવાથી એ જાતિની શ્રદ્ધા સ્વને સમજાવે ઉગાતી નથી.

ક્ષમાપનાનો હેતુ કર્મના નિયમની શ્રદ્ધા છે અને કર્મના નિયમની શ્રદ્ધાનો મુખ્ય હેતુ ધર્મનું પાલન છે. શુદ્ધ નિશ્ચય કર્મના નિયમની શ્રદ્ધાથી જ આવે છે. તેનાથી ક્ષમતા, દાન્તતા, શાન્તતા આવે. ધર્મના નિયમની શ્રદ્ધાથી મૈત્રી, પ્રમોદ, કારુણ્ય તથા માધ્યસ્થ્યભાવ પ્રગટે. કર્મના ફળનો વિશ્વાસ વિભાવ ઉપર કાબૂ અપાવે, ધર્મના ફળનો વિશ્વાસ સ્વભાવ વિકસાવવામાં સહાય કરે.

**બે પ્રકારે ધર્મ : એક શ્રુતરૂપ અને બીજો ચારિત્રરૂપ.**

ધર્મ અચિન્ત્ય શક્તિસંપન્ન છે અને તે પોતાનું કાર્ય પ્રતિ-સમય આપણા વગર કહ્યે થાય છે, પરંતુ જ્યાં સુધી તેના માહાત્મ્યનો શ્રદ્ધાયુક્ત સ્વીકાર કરવામાં ન આવે, ત્યાં સુધી તેનો પૂરતો લાભ ઉઠાવી શકાતો નથી. ધર્મનો પ્રભાવ તાત્ત્વિક છે, કિન્તુ તે તાત્ત્વિક પ્રભાવને અનુભવવા માટે તેના સ્વીકારની અતિ આવશ્યકતા છે.

શ્રદ્ધાપૂર્વક એ સ્વીકાર જિનવચનથી, પોતાની બુદ્ધિથી, ઉહાપોહ અને સ્વસંવેદનથી પણ થઈ શકે છે.

ગમે તે પ્રકારે પણ ધર્મપ્રભાવનો સ્વીકાર શ્રદ્ધાપૂર્વક જો થાય, તો તુરંત જ જીવનું કલ્યાણ થાય છે.

'લોક જડમાં, તેમ ચેતનમાં પણ તે ધર્મ પ્રતિસમય પોતાનું કાર્ય કરી રહેલ છે'

એવું જ્ઞાન થવું, તેનો શ્રદ્ધાથી સ્વીકાર થવો અને એ સ્વીકાર મુજબ આચરણમાં ઉતરવું મુક્તિપ્રદાયક છે, એથી વિપરીત જ્ઞાન, અશ્રદ્ધા અને આચરણ ભવપ્રદાયક છે.

ધર્મ = ઈશ્વરની સત્તા તથા એની દયામાં શ્રદ્ધા રાખવી.

એ શ્રદ્ધાથી મનુષ્યમાં ધૈર્ય આવે,
સહન કરવાની અને ત્યાગ કરવાની શક્તિ આવે.
એને લીધે જીવનનો મહિમા સમજાય અને
'ઈશ્વરે રચેલું વિશ્વ એક આખું કુટુંબ છે' એવું ભાન થાય.
અહીં ઈશ્વર = આત્મા અને દયા = એનું સામર્થ્ય.
આત્મસામર્થ્ય ઉપર શ્રદ્ધા થવાથી આપોઆપ સહન
કરવાની અને ત્યાગ કરવાની શક્તિ આવે છે અને
'પોતાના આત્મા જેવો જ બધાનો આત્મા છે' એવું
સમજાતાં 'वसुधैव कुटुम्बकम्।' છે એવું ભાન થાય.
એક શ્રદ્ધાવંતને ધર્મકુટુંબ કરી જાણજો.
ધર્મની પરિણતિ શ્રદ્ધાપૂર્ણ રીતે થાય, તેમ કરજો.
પ્રભુનું નામ લઈ આ દેવાધિદેવની યાત્રા કરજો.
ધર્મલાભ બુદ્ધિની કસરત માટે નહિ, પરંતુ
શ્રદ્ધા અને આત્મા - પરમાત્માની ઉપાસના માટે છે.
અંધશ્રદ્ધા પંગુ બનાવે - શુદ્ધ શ્રદ્ધા શક્તિશાળી બનાવે.

ધૃ = ધારણ કરવું. ધૃ ધાતુ ઉપરથી 'ધર્મ' શબ્દ બન્યો છે,
જેને હૃદયમાં ધારણ કરવાથી દુર્ગતિમાં પડતાં રક્ષણ થાય.

એ એક એવી શ્રદ્ધા છે કે જેને
હૃદયમાં ધારણ કરવાથી શાશ્વતરૂપ બને છે અને તે
શાશ્વત દુઃખ કે અશાશ્વતરૂપ દશામાં પડતાં અટકાવે છે.

ધર્મ કાંઈ લકીરના ફકીર થવાનું નથી, કિન્તુ
જીવતી-જાગતી શ્રદ્ધા શીખવે છે.

લકીર = જડ શબ્દ. ફકીર = શ્રદ્ધાપૂર્વક પૂજવું.

જીવની અસ્થિરતા અને નિત્યતાની શ્રદ્ધા
બાહ્ય અહિત પરપદાર્થોની આસક્તિ ઓછી કરાવે છે,
કર્મબંધ અને કર્મફળભોગની શ્રદ્ધા બંધ કરાવે છે,
સંસારના ભોગ વખતે સાવચેતી રખાવે છે તથા
અશુભ ધ્યાનોની પ્રવૃત્તિ મંદ કરાવે છે.

A firm foundation of faith in God
and the power of the Soul within
are the valuable parts of our life.

સંસારમાં પ્રાણીમાત્રને ધર્મના ૪ અંગો મળવા દુર્લભ છે:

(૧) મનુષ્યપણું (૨) સારાં (પ્રભુના) વચનોનું શ્રવણ
(૩) સારાં (પ્રભુના) વચનોમાં શ્રદ્ધા અને
(૪) એ શ્રદ્ધા અનુસાર સંયમની પ્રવૃત્તિમાં પુરુષાર્થ.

ઈશ્વરને પામવાના અનેકાનેક માર્ગોમાંથી જે ગ્રહણ કરો,
તે માર્ગને શ્રદ્ધા અને વિશ્વાસથી વળગી રહો.

આખી સૃષ્ટિમાં એક ઈશ્વર જ પૂર્ણ છે.

પૂર્ણતાની રુચિ તે શ્રદ્ધા, પૂર્ણતાનો બોધ તે જ્ઞાન અને
પૂર્ણતાની પ્રાપ્તિ તે ચારિત્ર છે.

કમળ જેમ કોમળ છે, સુગંધી છે, શીતળ છે, તેમ
હૃદયકમળ પણ શ્રદ્ધાથી કોમળ,
શીલથી સુગંધી અને જ્ઞાનથી શીતળ છે.

કોમળતા એ લાગણી અને શ્રદ્ધાનું પ્રતીક છે તથા
સુગંધિતા એ શીલ અને સદાચારનું પ્રતીક છે.

જ્ઞાન વડે માધ્યસ્થ કેળવાય છે,
શીલ વડે કારુણ્ય, શ્રદ્ધા વડે મૈત્રી - પ્રમોદ સધાય છે.

આત્માના મૌલિક ગુણોનો આવિર્ભાવ તે 'ધર્મ.'

દરેક ધર્મની આવિષ્કરણની પ્રક્રિયા ભિન્ન હોય છે,
કિન્તુ તેમાં શ્રદ્ધા અને આચરણ મુખ્ય વસ્તુ છે.
નદી સર્વને પાણી પાવા તૈયાર છે, પરન્તુ
લોટો લઈ તેમાંથી ભરે તો ને? અને...
'આ પાણી તૃષા છીપાવનાર છે, વિષમિશ્રિત નથી'
એવી શ્રદ્ધા ધારણ કરે તો ને?
એમ રીતે ધર્મની નદી પણ સતત વહી રહી છે,
તેમાંથી વિષયતૃષા છીપાવવાનું, કષાયદાહ શમાવવાનું,
કર્મમેલ ધોવાનું કાર્ય કોઈપણ કરી શકે છે,
જો તેનામાં શ્રદ્ધા અને જિજ્ઞાસા હોય તો. બાકી તો
અશ્રદ્ધાળુ માટે ધર્મ હોવા છતાં ન હોવા બરાબર છે.
એક વીતરાગતામાં જ આપણા
ઘાતી કર્મના આવરણને ભેદવાની શક્તિ રહેલી છે.
કર્મથી મુક્ત થવા માટે કર્મવાદ ઉપર શ્રદ્ધા કરી,
વીર કર્મના બંધનથી બચી જવાય.

## શ્રદ્ધાની અનિવાર્યતા - તેનાં પાંચ સ્થાનો

(૧) કર્મના નિયમમાં શ્રદ્ધા - નૈતિક મૂલ્યોમાં વિશ્વાસ.

(૨) મૃત્યુ પછીના પુનર્જન્મમાં શ્રદ્ધા - Rebirth.

(૩) જીવમાત્રના જીવનની એકતા અને પવિત્રતા.

(૪) વિશ્વનિયમમાં શ્રદ્ધા - Cosmic Order and unity - sanctity of life.

(૫) મુક્તિના અનુભવમાં શ્રદ્ધા - liberation.

ધર્મશાસ્ત્રોનું સાધ્ય માત્ર દોષોનો ત્યાગ જ નહિ, કિન્તુ દોષોના અનુબંધનો વિચ્છેદ કરવો અને ધર્મનો અનુબંધ પાડવો, એ ધ્યેય છે.

અનુબંધ વિચ્છેદમાં કારણ જ્ઞાન, શ્રદ્ધા, ભક્તિ છે.

સુકૃતનો અનુબંધ જ્ઞાનપૂર્વકની શ્રદ્ધાથી જ પડી શકે, જેને 'ધર્મબીજનું વપન' કહેવાય છે.

શુદ્ધ સત્ય એ પરમ દૈવી તત્ત્વ છે.

સત્યને વધારનાર કોઈપણ ક્રિયા એ સાચી ક્રિયા, વાસ્તવિક જ્ઞાન અને એ જ સાચી શ્રદ્ધા છે.

## શ્રદ્ધા જ જીવનની મૂળ શક્તિ છે.

ધર્મનો પાયો કર્મ છે અને તેનું કારણ
સુખરાગ અને દુઃખદ્વેષને ટાળવાનો ઉદ્યમ કરવો તે છે.
જિનવચનોના શ્રવણ, મનન, ચિન્તન અને તેના ઉપર
અવિચલ શ્રદ્ધા ધારણ કરવાથી તે ઉદ્યમ શક્ય બને છે.
તનનો ટેકો જેમ લાકડી છે, તેમ મનનો ટેકો
પ્રભુ શ્રદ્ધા, ઈમાન, ઈતબાર અને વિશ્વાસ છે.

## સમ્યગ્જ્ઞાન - સમ્યગ્દર્શન છે મુક્તિના ઉપાય.

ઈચ્છાનો અભાવ તે વીતરાગતા,
મૂર્છાનો અભાવ તે નિર્ગ્રન્થતા અને
એ બન્ને મુક્તિના ઉપાય છે, તેવું જ્ઞાન અને શ્રદ્ધા,
તે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે.
વિચાર, કલ્પના અને શ્રદ્ધા જેટલે હદ શુદ્ધ થઈ શકે,
તેટલે જ હદ શુદ્ધ આપણો વ્યવહાર થઈ શકે છે.
રત્નનું જ્ઞાન અને મૂલ્ય સમજ્યા પછી જ તેમાં શ્રદ્ધા
અનેકગુણી વધે છે, ધર્મરત્નનું પણ તેમ જ સમજવું.

મોક્ષ - કર્મવિહીન આત્મસ્વભાવ તે ધર્મ.

ધર્મનું બીજું નામ સમતા પરિણામ, પરમાર્થ ચારિત્ર,
સમ્યગ્દર્શન, શ્રદ્ધા, રુચિ, ભક્તિ, બહુમાનાદિ હાર્દિકભાવ.
ભાવ શ્રદ્ધારૂપ બને, તે અત્યંત જરૂરી છે.
દુષ્કૃતને દુષ્કૃત તરીકે સમજવું ભાવથી જ શક્ય બને.
તે ભાવ જ્યારે શ્રદ્ધારૂપ બને,
ત્યારે પાપબુદ્ધિ થતાં આપકૃત્યની નિંદા થાય છે અને
સત્કર્મ આચરણમાં આવે, ત્યારે તે ગર્હારૂપ બને છે.
નિન્દા - ગર્હાના બળ વડે ફરી તે કર્મથી આત્મા બંધાતો
નથી, પણ ધૈર્યસભર આત્માનો વ્યુત્સર્ગ કરાય છે.
પ્રભુના અચિન્ત્ય પ્રભાવને સ્વીકારવો, તે શ્રદ્ધાનો
શુભ ભાવ છે અને તેનાથી અંતરાયાદિ કર્મ તૂટે છે.
શ્રદ્ધા વધવાથી મેધા, ધૃતિ, ધારણા, અનુપ્રેક્ષા વધે છે.

શ્રદ્ધા - મેધાદિના વધવાથી આવરણનો વિલય થાય છે
અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તથા
ઉત્તરોત્તર મોક્ષસુખના અધિકારી થવાય છે.

## શેનાથી ધર્મના નિયમ ઉપર અશ્રદ્ધા પુષ્ટ થાય ?

'દ્વેષી ગુણાન્ ન પશ્યતિ ।'

એ ન્યાયે દ્વેષદોષ જગતના ગુણીઓને, સુકૃતોને, જગતના પોતાની ઉપર થઈ રહેલાં, થયેલાં અને ભવિષ્યમાં થનારાં ગુણોને દેખવા દેતો નથી, તેથી જગતના ઉપકારોનો અપલાપ કરીને અજ્ઞાનની સાથે મળીને ધર્મના નિયમ ઉપરની અશ્રદ્ધાને પુષ્ટ કરે છે.

આ બે દોષ ઉપરાંત ત્રીજો દોષ મોહ છે.
તે ગુણ અને દોષનો વિવેક કરવા દેતો નથી, તેથી ગુણમાં દોષબુદ્ધિ અને દોષમાં ગુણબુદ્ધિ પેદા કરે છે

સર્વ દોષરહિત અને સર્વ ગુણસહિત એવા પરમાત્મતત્ત્વની ભક્તિમાં અશ્રદ્ધા કરાવે છે અને દોષવાન તથા ગુણહીનમાં શ્રદ્ધા કરાવે છે.

કર્મના નિયમ ઉપરની શ્રદ્ધા સ્વકૃત દુષ્કૃતગર્હા અને પરકૃત સુકૃતાનુમોદન કરાવે છે અને ધર્મના નિયમ ઉપરનો વિશ્વાસ શરણ - ભક્તિમાં પ્રેરક બને છે.

ચાર મહાદોષો છે: નિમિત્તનું અવલંબન,
વિધિનું અનાચરણ, અશ્રદ્ધા અને વિપરીત પ્રરૂપણા.
તે અનુક્રમે માનસિક, વાચિક અને કાયિક દોષો છે.

પરમપદે રહેલાં પરમેષ્ઠિઓનું પરમ શ્રદ્ધા અને
વિશ્વાસપૂર્વક સ્મરણ એ જ શરણ પદાર્થ છે.

જ્યારે શ્રદ્ધા કર્મના નિયમ ઉપર અને વિશ્વાસ એ
ધર્મના નિયમ ઉપર પરિપક્વ થાય છે,
ત્યારે જ પ્રભુનું સ્મરણ સાર્થક બને છે, કારણકે
ત્યાં સુધી તે વાચિક યા તો માત્ર માનસિક હોય છે.

ધર્મનો પ્રારંભ દાનથી. જે શ્રદ્ધાથી દે, તે દેવ બને.
તેથી દેનાર ઈશ્વર અને ગુરુ જ હોય છે.

ઈશ્વર કે ગુરુમાં જેને વિશ્વાસ હોય,
તે કદી ચિંતા કરી શકે નહીં, જો કે ચિંતા કરશે, તે
પરમ તત્વોમાં અવિશ્વાસ વ્યક્ત કરવા બરાબર છે.
ઈશ્વર અને આત્માના અસ્તિત્વમાં જેને પાકી શ્રદ્ધા
છે, તેના મનમાં કદી પણ ચિંતા પ્રવેશી શકતી નથી.

## પરલોકની શ્રદ્ધા અને પાપભીરુતા
## એ આર્ય - સ્વભાવનાં ખાસ લક્ષણો છે.

ધર્મ પ્રત્યેની શ્રદ્ધા અને ધર્મ પ્રત્યેનો વિશ્વાસ -
એ બે વસ્તુ જ વિશ્વમાં તારણહાર છે.
શ્રદ્ધા એ દેવ છે અને વિશ્વાસ એ દેહ છે.
એક શક્તિ - બીજો શિવ, બન્ને પરસ્પર જોડાયેલાં છે.
જ્યાં શક્તિ - ત્યાં શિવ. બંને શાશ્વત છે.

## પાપનું મૂળ સુખરાગ - દુઃખદ્વેષ છે.

પાપનું સ્વરૂપ મિથ્યાત્વ અને અજ્ઞાન છે કે જે
પાપના મૂળ અને ફળની સાચી શ્રદ્ધા થવામાં બાધક છે.
સંસારનું મૂળ કર્મ છે, તેનું મૂળ અહંકાર છે.
પ્રભુના નામમાં જે પાપનાશ કરવાની શક્તિ છે,
તે શ્રદ્ધાની ઉત્પાદક બને છે અને રૂપમાં જે
પુણ્યોત્પાદનની શક્તિ છે, તે ભક્તિઉત્પાદક બને છે.
અભિમાન છોડવું તે વિરેચન, શ્રદ્ધા રાખવી તે અનુપાન
અને સત્કર્મસેવન પરેજી છે, પછી મળે ભવમુક્તિ.

શ્રદ્ધા અને નિષ્ઠાની કક્ષા ત્યારબાદ જ આવે કે...
જ્યારે મનમાં અફર દૃઢ સંકલ્પ થાય કે:
'વિચાર સત્ય જ છે અને આચરણીય છે;' ત્યારે જ
એજ વિચારને 'માનવાની' કક્ષા શ્રદ્ધામાં પરિણમે છે.
કોઈપણ ધર્મક્રિયા કરીએ છીએ, ત્યારે
ક્રિયા કરનારમાં નીચેની છ વસ્તુઓ ઉત્પન્ન થાય:
અશુભનો સંવર, શુભનો આસ્રવ,
પૂર્વકૃત કર્મની નિર્જરા અને ભગવાનની
આજ્ઞાનું પાલન થવાથી ભગવાનનું ધ્યાન થાય છે, એ
ધ્યાન જ સમકીત, જ્ઞાન અને ચારિત્ર્ય બને છે.
આ છ વસ્તુમાં શંકા કે સંશય ધારણા કરવો,
તે સમકીતના અતિચારરૂપ કહેલ છે, માટે ત્યાજ્ય છે.
આ જાતની શ્રદ્ધા એ Sentimental નહિ પરંતુ
factual છે, Scientific truth છે.
To believe is to love and
to doubt is to discard.

ધર્મધ્યાનનાં બે મુખ્ય આલંબનો છે:
એક જિનમૂર્તિ અને બીજું જિનાગમ.

જિનમૂર્તિનું આલંબન આર્તધ્યાનથી છોડાવે છે અને
અનેકાંત - આગમ ઉપરની શ્રદ્ધા રૌદ્રધ્યાનથી ઉગારે છે.

શ્રદ્ધા = આત્મા કર્મબદ્ધ છે.

વિશ્વાસ = પરમાત્મા કર્મમુક્ત છે.

શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વકનું સ્મરણ એજ શરણ છે.

કર્મના નિયમ ઉપરની અટલ શ્રદ્ધા
જીવને કુકર્મ કરતાં રોકે તથા સત્કર્મ કરવા પ્રેરે છે.
શ્રદ્ધા કર્મના નિયમની અને વિશ્વાસ ધર્મના નિયમનો.
તે શ્રદ્ધા દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનમાં પરિણમે છે.

આગમના ચાર અનુયોગમાં...

ગણિતાનુયોગથી બુદ્ધિ વિકસે, કથાનુયોગથી શ્રદ્ધા વિકસે,
દ્રવ્યાનુયોગથી આત્મજ્ઞાન તથા સમકીત નિર્મળ થાય છે
અને ચરણકરણાનુયોગથી અવિરતિથી બચી
સ્વસ્વરૂપની પ્રાપ્તિમાં ઉદ્યમવંત થવાય છે.

શ્રદ્ધા = Reverent mind.

આધ્યાત્મિક સાધનામાં પૂર્ણ શ્રદ્ધા જોઇએ,
ત્યાં કુતૂહલની વૃત્તિનો લેશમાત્ર પણ ન જોઇએ.
શ્રદ્ધાની કમી હશે, તો પ્રેમ-લક્ષણ સાધના થશે નહીં.
આધ્યાત્મ માર્ગમાં એ બંને હોવા અનિવાર્ય છે.
ધર્મની શ્રદ્ધા જ નીતિપરાયણ રહેવાનું બળ આપે છે,
શ્રદ્ધા જ સાચો માનવી બનાવે છે અને
શ્રદ્ધા જ પરમ શાંતિ અને સંતોષ આપે છે.
ધર્મને સક્રિય બનાવનાર પ્રધાનશક્તિ શ્રદ્ધા છે.
માનવના ચૈતન્યબિંદુ પર જે સક્રિય શક્તિઓ છે, તેને
પાર્થિવ ભૂમિકામાં પ્રગટ થવાની શક્તિ શ્રદ્ધાને લીધે છે.
અન્યથા શ્રદ્ધા હોવા વિના એ શક્તિઓનો આવિર્ભાવ
લગભગ અસંભવિત જ બની જાય છે.
બુદ્ધિની શંકાઓને ઉત્તર આપવાની શ્રદ્ધા ના પાડે છે.
એથી બુદ્ધિને અજ્ઞાત રહેલા કોઈ
પરમ સત્યની આંતરપ્રતીતિ - તેનું જ નામ શ્રદ્ધા.

સ્વભાવનું સ્મરણ અને શ્રદ્ધાન જેને હોય, તે થોડાં વખતમાં સ્વભાવરમણ રૂપ પુરુષાર્થથી સમાધાન બને.
જેટલું પરભાવથી વિરમણ, તેટલું જ સ્વભાવરમણ સમજવું. વિરતિ, પચ્ચક્ખાણ, ત્યાગ વિગેરે સ્વભાવ-રમણના જ ઉપાયો છે પરંતુ તે તેઓનાં જ રૂપે છે કે જેઓને સ્વભાવની ઓળખાણ અને પાકી શ્રદ્ધા છે.
તે શ્રદ્ધા જિનવચનથી, જિનસ્વરૂપના ધ્યાનથી, જિનસ્વરૂપના ધ્યાનમાં સ્થિર થયેલાની ભક્તિથી, દેઢ નિશ્ચયથી, તીવ્ર પાત્રતાથી બને. નીતિનિયમોના પાલનથી, કોમળતાથી, તત્ત્વચિંતનના પરિપાકથી પાત્રતા આવે છે.
ધર્મનો પ્રારંભ શ્રદ્ધામાં અને અંત અનુભૂતિમાં છે.
ધર્મ એ બુદ્ધિ કરતાં વિશેષ શ્રદ્ધાનો વિષય છે.
શ્રદ્ધા એ ધર્મ રૂપી મહેલનો પાયો છે.
ધર્મસ્થાનો અને ધર્મક્રિયા એ
શ્રદ્ધા, ભક્તિ અને સંયમભાવને પોષે છે, જે અંતેથી 'સર્વે સુખી થાઓ' એવું વાતાવરણ સર્જે છે.

પ્રકૃતિના સંયોગોને 'સંગ' કહેવાય છે.

શ્રદ્ધા વિના મુક્તિ પણ ના મળે, તો સંગ કેમ છૂટે?

સંગને લીધે બ્રહ્માંડમાં સર્જન થાય છે, તેથી
અવધિજ્ઞાની દેવતાઓ પોતાના સ્થાને જાણી શકે છે.

કેટલાક એવા સંગો છે કે
જેનું હંમેશા સ્મરણ કરવાથી આત્માનું કલ્યાણ થઈ શકે.
લૌકિક અને સ્ત્રીસંગને છોડીને મન - વચન - કાયાની
એકાગ્રતાપૂર્વક સંગ લેવો, પરંતુ શ્રદ્ધા પહેલાં જોઈએ.
'મન - વચન અને કાયાનો વ્યાપાર એ ભગવાનના જ
આરાધન માટે છે' એ વિચાર તે ભાગવત ધર્મ છે.
'સંગજપ, વ્રતપાલન, દેહ - પ્રાણ - ઇંદ્રિય - અંતઃકરણાદિ
સર્વ પ્રભુની આરાધના કરવાના ઉપકરણો છે' એવી
બુદ્ધિ તે સર્વસમર્પણ બુદ્ધિ તથા આવા ધર્મની શ્રદ્ધા એ
સૌભાગ્યની અને અશ્રદ્ધા સકલ દૌર્ભાગ્યની જનની છે.
શ્રદ્ધા દેવી છે, એની શક્તિ ચરાચરમાં વ્યાપ્ત છે.
પરમાત્મા, પરલોક આદિનું ગ્રહણ શ્રદ્ધાથી જ છે.

## જપસિદ્ધિમાં મહત્ત્વના ૪ અંગો

શ્રદ્ધા, એકાગ્રતા, વિશ્વપ્રેમવાસિત ચિત્ત અને
બ્રહ્મચર્યની વિશુદ્ધિ - એ ચાર આવશ્યક અંગો છે.
લોકોને નામજપમાં શ્રદ્ધા કે પ્રીતિ ન જાગતી હોય,
તે કોઈક ઠેકાણે સદોષ છે, એમ જાણવું.

## 'સોઽહં'ના જપની સાધના ૫ વસ્તુ માંગે:

સંપૂર્ણ શ્રદ્ધા, શુદ્ધ અંતઃકરણ,
તપ, અહંકારની નિવૃત્તિ અને દૃઢ અભ્યાસ.
શ્રદ્ધાપૂર્વકના જપથી ચિત્તમાં વસેલી મૂર્તિ
Visualise થાય છે.

નામજપ દ્વારા સો ગણું અધિક ફળ છે અને વળી
તે માનસિક જાપ જ્યારે શ્રદ્ધા અને પ્રેમથી થાય છે,
ત્યારે તેનું ફળ અનંતગણું બને છે.
ફળ માટે શ્રદ્ધા અને ધૈર્યને ધારણ કરવાની જરૂર છે.
Exact knowledge, complete faith and
peace, which passeth all understanding.

<u>ગુરૂ અને મંત્રને વારંવાર બદલવા નહીં.</u>

ગુરૂમુખે મંત્ર લેવાથી હૃદયમાં શ્રદ્ધાભાવ પેદા થાય છે.
સાધક દ્વારા શ્રદ્ધાપૂર્વક થતાં મંત્રજાપમાં
ગુરૂશક્તિ પણ જરૂર મદદરૂપે ભાગ ભજવે છે.
શ્રદ્ધાહીન મંત્રજાપમાં શુષ્કતા પેદા થાય છે,
તેથી જડતા, આળસ, પ્રમાદ અને નિદ્રાવશ થવાય છે.

<u>સાચો ચમત્કાર શ્રદ્ધાનો.</u>

ગમે તે મંત્રનું રટણ કરો, ગમે તે મંત્રનો જાપ કરો,
તેમાં હૃદયની ઊંડી શ્રદ્ધાનું સિંચન થવાથી જ મંત્ર ફળે છે.
સાચો ચમત્કાર શ્રદ્ધાનો છે, હૃદયની ઊંડી શ્રદ્ધા જ ફળે.
શ્રદ્ધા અને વિશ્વાસ નહીં કલ્પેલાં ચમત્કારો દેખાડે છે.
મંત્રના શબ્દો નહીં પણ તેના શબ્દોમાં ઊંડી શ્રદ્ધા જ
સર્વ દુઃખો દૂર કરી શકે, સર્વ સુખો મેળવી આપે છે.
<u>મંત્રની પૂર્વે તાર (ૐ), માયા (હ્રીં) અને રમા (શ્રીં) બીજ
લગાડીને ૧૦૮ વાર જાપ કરતાં દીપનસંસ્કાર થાય છે,
કિન્તુ એમાં શ્રદ્ધા - વિશ્વાસ મુખ્ય વિધિ છે.</u>

'ॐ अर्हं नमः ।' એ પ્રકૃતિની શ્રદ્ધા અને તે દ્વારા અંતઃકરણનાં સમાધાન - સમાધિનો શ્રેષ્ઠ મંત્ર છે.

તેના જાપથી પળવારમાં જન્મોજન્મનું બોધિ અને સમાધિનું ભાથું બંધાઈ જાય છે.

શ્રદ્ધા - જ્ઞાન - ક્રિયાની ત્રિપુટીથી જ મંત્રસિદ્ધિ થાય.

શ્રદ્ધાપૂર્વક જાપ કરીએ, ત્યારે પોતાના પ્રયત્ન અનુસાર નિશ્ચિત વિજય મળે જ છે, પરન્તુ અચલ શ્રદ્ધા એ જ પરમ વિજયનું સોપાન છે.

ત્રિલોકીનાથ પરમાત્માનાં સદૈવ જયમાળા વર્તે છે.

એક શરત : મંત્રજાપમાં જે મંત્ર સિદ્ધ કરવો હોય, તેના જે અધિનાયક દેવ કે દેવી હોય, તેના પ્રત્યેની શ્રદ્ધા અનન્ય કોટિની હોવી જોઈએ.

શ્રદ્ધા તથા મનઃશુદ્ધિપૂર્વકનું મંત્રસ્મરણ મહામંગળકારી અને સર્વતોમુખી ઉન્નતિ કરનારું છે.

અંત સમયે મંત્રસ્મરણથી મતિ સુધરે છે, લેશ્યા વિશુદ્ધ થાય અને પરિણામે સદ્ગતિ સાંપડે છે.

'અર્હં' મંત્રની રચના બે પ્રકારે : બહિરંગ તથા અંતરંગ.

બહિરંગ અર્હં મંત્રની પાંચ સ્થિતિ છે:

અ + હ્ + ર્ + બિંદુ + નાદ = અર્હં.

અંતરંગ રચના પરમેશ્વરના અનંત ચતુષ્ટય અર્થાત્

શ્રદ્ધા, જ્ઞાન, શક્તિ અને આનંદનું પ્રતીક છે.

'સમ્પ્રદાય - વિશ્વાસાભ્યાં મંત્રસિદ્ધિઃ |' અર્થાત્:

આમ્નાય અને શ્રદ્ધા વડે મંત્રસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

દૂધની ખીર દૂધપાક બને, તેની ખીર જ

જપની સિદ્ધિ અને શ્રદ્ધાની મુક્તિ કહેવાય છે પરંતુ

ધ્યાન, જ્ઞાન કે ક્રિયાનો તેમાં નિષેધ સમજવાનો નથી.

શ્રદ્ધા એ મંત્રયોગનો પ્રાણ છે.

શ્રદ્ધા વડે માળા ફેરવવાનો આચાર જીવનમાં ઉતારવો.

મન દેહ સાથે મળે ત્યારે પશુભાવ,

મન જ્યારે મન સાથે મળે ત્યારે માનવભાવ અને

માળા ફેરવવાથી મન જ્યારે મંત્રની સહાયથી પોતાના

આત્માની સંગાથે મળે, ત્યારે દિવ્યભાવ પ્રગટે છે.

## 'નમઃ' સાથે શ્રદ્ધા ભળે, તો માંગલ્ય થાય.

શ્રદ્ધા, ભક્તિ અને વિશ્વાસપૂર્વક 'નમઃ' પદ દ્વારા
તે કેન્દ્રનો માનસિક યા આધ્યાત્મિક સંબંધ થતાંની
સાથે જ સકલ પાપકર્મોનો વિધ્વંસ થાય છે અને
સકલ મંગલોનું માંગલ્ય ખેંચાઈ આવે છે,
એ યુક્તિનું કથન અનુભવમાં પણ આવે છે.
પરમાત્માના પૂજન અને ન્યાસાદિનો હેતુ
મંત્ર, મન અને મંત્રસાધકની એકતા સાધવાનો છે.
સૌથી વધારે મંગળમય પરમાત્માનું નામ છે.
તેને અનન્ય શ્રદ્ધાથી અનન્ય ભાવે સ્મરણ કરવું,
એ સૌથી શ્રેષ્ઠ મંગળકારી ક્રિયા છે.
ૐ = ઈશ્વરનું નામ છે, નિર્ભય, નિર્વૈર, સ્વયંભૂ છે.
'નામસ્મરણ કલ્યાણકારી છે'
એવી શ્રદ્ધા રાખીને જપ કરનારને લાભ થાય છે,
પરંતુ શ્રદ્ધા વિના પણ નામસ્મરણ કરનારને
લાભ થયાં પછીના દૃષ્ટાંત છે, પછી શ્રદ્ધા જાગે છે.

અહીં માનવું એ સત્તર્ક છે કે:

'જેના વિષે આપણી શ્રદ્ધા નહિ,
તેના વિષે ઇચ્છા કે પ્રયત્ન કરો નહિ.'
મંત્રયોગના ૧૬ અંગોમાં ભક્તિ પહેલી છે.
શ્રદ્ધા વિના ભક્તિ અશક્ય છે અથવા
ભક્તિ એ શ્રદ્ધાનો જ પર્યાય છે.

સઘળી સાધનાનો મૂળ પાયો શ્રદ્ધા છે.

જેને મંત્ર, મંત્રદેવતા અને ગુરુ ઉપર શ્રદ્ધા નહિ,
તેને કોઈ રીતે પૂર્ણ સિદ્ધિ મળતી નહિ.
જ્યાં શ્રદ્ધા - ત્યાં સિદ્ધિ, તેથી સૌ પ્રથમ
શ્રદ્ધાનું આલંબન ગ્રહણ કરવું જોઈએ.
શ્રદ્ધા અથવા વિશ્વાસની સાથે વિધિપરતા જરૂરી છે.
મંત્ર અને મન એક થવા જોઈએ, તે વિધિ છે.
એ એકતાને 'મંત્રચૈતન્યનો આવિર્ભાવ' કહે છે.
શ્રદ્ધા પ્રતીતિ અર્થમાં અને વિશ્વાસ ભક્તિ અર્થમાં છે.
શ્રદ્ધા Subjective અને વિશ્વાસ objective છે.

## નામજપમાં 3 મોટા અપરાધ: પરસ્ત્રી - પરધન - પરનિંદા.

બીજા ૧૦ નાના અપરાધમાં એક અશ્રદ્ધા છે:

(૧) સાધુનિંદા (૨) અનેક નામોમાં ભેદબુદ્ધિ (૩) શાસ્ત્રનિંદા
(૪) ગુરૂજનની અવજ્ઞા (૫) નામમાહાત્મ્યને અર્થવાદ ગણવા
(૬) નામના જોરે પાપાચરણ કરવા
(૭) બીજા કર્મ કરતાં નામજપને ઓછું મહત્ત્વ આપવું
(૮) જેને ભક્તિ કે શ્રદ્ધા - રૂચિ ન હોય,
તેને ય લાગણી જોઈને ઉપદેશ કરવો (૯) અશ્રદ્ધા રાખવી
નામ (૧૦) અહંકાર - મમકારમાં લીન રહેવું.

**શ્રદ્ધાપૂર્વક ઉત્તમ મંત્રજપ કરનારા સર્વદા સુરક્ષિત છે.**

શાંતિમંત્ર શરૂમાં શ્રદ્ધા અને અંતમાં સંતોષ લાવે છે.
પ્રભુનું નામજપ એ ભક્તિસ્વરૂપ છે, તેથી
ભક્તિ જેટલાં જ ભાવો નામજપમાં પણ જોઈએ.
શ્રદ્ધા, પ્રેમ, વિશ્વાસ, સમર્પણ, શરણાગતિ, ભક્ત આદિ
જેટલાં વધુ, તેટલાં ફળદાયી વધુ. જપમાં કઠોર અથવા
આસક્ત ભાષણ, અભક્ષ્ય ભક્ષણાદિ પણ ત્યાજ્ય છે.

શ્રદ્ધાળુ આત્મા જ્યારે મહામંત્રના સ્મરણમાં તલ્લીન બને, ત્યારે તેને એવો અનુભવ અંશે પણ થાય છે કે:

પરમેષ્ઠિ ભગવંતો જ અહીં સાથે ન આવતાં હોય આગળ તો અહીં હૃદયમાં પ્રવેશ કરતાં ન હોય અથવા અહીં પોતાની સાથે મધુર ભાષણ ન કરતાં હોય કે અંગેઅંગમાં આવીને અહીં મળતાં અથવા તન્મયભાવને પામતાં ન હોય, તેમ અનુભવાય છે!

તેમાં મુખ્ય કારણ મહામંત્રની શાશ્વતતા છે.

આવા અનુભવ માટે શ્રદ્ધા હોવી, એ પ્રથમ શરત છે. શ્રદ્ધા, સત્કાર, એકાગ્રતાદિ હશે તો જાપ જ ફલીભૂત થાય. સ્વની ઇચ્છા રોકી પ્રભુઇચ્છાને આધીન થવું, એ જ ખરું નામસ્મરણ અને તે વડે થતી ચિત્તપ્રસન્નતા છે.

પ્રભુનામ શ્રદ્ધાપૂર્વક લેનારને તે કદી નિષ્ફળ ન નીવડે. જો પ્રભુનામથી બળ નહીં મળે, તો તમારા મનની ચિન્તાઓ બળવું કોઈ ટાળી અથવા ખાળી નહીં શકે. પ્રભુનામમાં શ્રદ્ધા રાખો અને સર્વ વસ્તુ સહજ થશે.

શ્રદ્ધા રાખજો કે આત્મા શુદ્ધ ચિદ્રૂપ રત્નની પેટી છે.

આ શુદ્ધ ચિદ્રૂપ રત્ન જ દ્વિપ, દીપ, ત્રાણ,
શરણ, ગતિ અને પરમ પ્રતિષ્ઠાન છે.

તેમાં જ ત્રિકરણ યોગે લીન થવું, એ પરમ પુરુષાર્થ છે.
તેનાથી સાંયોગિક લબ્ધિ પર બનીને
અસાંયોગિક આત્મલબ્ધિઓમાં સ્થિર થવાય છે.

પંચ પરમેષ્ઠિ નમસ્કારથી આ શ્રદ્ધા સુદૃઢ બને છે.
શ્રુતકેવલી પણ અણસણના સમયે તેનો જ આશ્રય લે છે.
આ શુદ્ધ ચિદ્રૂપ રત્નની પેટીનો ભાર અલ્પ છે,
પરન્તુ તેનું મૂલ્ય ઘણું છે.

વસ્તુનું સ્વાભાવિકપણું જ્યારે શ્રદ્ધા અને જ્ઞાનમાંથી
ખસી જાય, ત્યારે તે શ્રદ્ધા અને જ્ઞાન સમ્યક્ બને છે.

આ નમસ્કાર મંત્ર એ ચૈતન્યની સાધનાનો પંથ છે.
તે પંથ વીરનો છે, કાયરનો નહીં.
તેઓના વીરતા જ તેઓને આ માર્ગે આગળ વધવા
જરૂરી વૈરાગ્ય, શ્રદ્ધા, જ્ઞાન અને ઉત્સાહ આપે છે.

શુદ્ધ આત્મદ્રવ્યની અનુભૂતિ એ મોદકના સ્થાને છે, જેનું જ્ઞાન એ ગોળના સ્થાને છે અને તેની શ્રદ્ધા એ ઘીના સ્થાને છે. 'શુદ્ધ આત્મદ્રવ્ય એ પ્રત્યક્ષ છે' એવા જ્ઞાન અને શ્રદ્ધાની સાથે થતું જેનું ધ્યાન, સ્મરણ, રટણ આદિ લોટના સ્થાને છે. તપાગ્નિમાં એ લોટના ભાખરા બનાવીને, તેને સત્ક્રિયાઓથી કૂટીને, તેમાં શ્રદ્ધારૂપી ઘી અને જ્ઞાનરૂપી ગોળ મેળવીને જે મોદક તૈયાર થાય, તે જ મોક્ષમોદક છે અને તેમાં સંસારનાં સર્વ પ્રકારનાં સુખોના આસ્વાદથી અનંતગણો અધિક સુખાસ્વાદ રહેલો છે.

પરમાત્મા અને તેના નામનો લાભ બધાને નહીં, પરન્તુ સદાચારી, શ્રદ્ધાવાન અને ભક્ત હૃદયને જ મળે છે.

પરમાત્માની અચિન્ત્ય શક્તિ ઉપર મનુષ્યને જ્યારે પૂરેપૂરી શ્રદ્ધા બેસે છે, ત્યારે તેની સાતે ય ધાતુઓનું રૂપાંતર થાય છે, તેથી પરમાત્માના નામનું સામર્થ્ય એ ભક્ત માટે ૯ વાડ કરતાં પણ અપેક્ષાએ અધિક છે.

# નવકાર ઉપરની શ્રદ્ધા પરમ મંગલ છે.

'નમો' પદથી ધર્મની મહાસત્તાનો જબ્બર શક્તિપુંજ આપણે આપણી પ્રત્યે વાળીએ છીએ.

જેમના ઉપર શ્રદ્ધા, પ્રેમ, સમર્પણ, ભક્તિભાવ ધારણા કરીએ છીએ, તે વ્યક્તિ જો વિશિષ્ટ હોય, તો આપણી સર્વ જવાબદારીઓનો ભાર તેમના ઉપર આવે છે.

શ્રદ્ધાપૂર્વક રોજ નવકાર મંત્રનું સ્મરણ કરનારો આ ભવ - પરભવની સુંદર અનેક માંગલિક માળાઓ અને સુખોની પરંપરા મેળવી નિર્વિઘ્નપણે સંસારસાગરના પારને પામી જાય છે.

મનમાં 'નમ' આવ્યું, એટલે 'ન મમ' અર્થાત્ મમભાવનો ઇન્કાર અને સમભાવનો શ્રદ્ધાથી સ્વીકાર થાય છે. પરમેષ્ઠિ સમભાવ-સ્વરૂપ, સંસારી મમભાવ-સ્વરૂપ છે. જ્યારે સંસારીઓ મમભાવને છોડી નમભાવમાં આવે, ત્યારે સમભાવ પ્રત્યે શ્રદ્ધાવાળા બને છે અને સમભાવ પ્રત્યેની શ્રદ્ધા પરમેષ્ઠિભાવને પેદા કરે છે.

## 'જીવન' એટલે શ્રદ્ધા અને પ્રકાશ.

શ્રદ્ધા વિનાનું જીવન પાંગળું - પ્રકાશ વિનાનું આંધળું છે.

દલીલની જરૂર ન પડે, ત્યારે શ્રદ્ધા પાકટ થઈ કહેવાય છે.

શ્રદ્ધા એ રાગ-દ્વેષ જીતવાની જડીબુટ્ટી છે.

નિત્યપણું, શાશ્વતપણું, ધ્રૌવ્યપણાંની શ્રદ્ધા આત્મા માટે
અને અનિત્ય, અશાશ્વત, અધ્રૌવ્યપણાંની પુદ્ગલ માટે.

શ્રદ્ધાપૂર્વક આભારની ભાવના પ્રગટ કરવાથી
આનંદ વધે છે, વિશ્વાસ ઘડાય છે તથા
વળી વધારાનાં માંગલ્ય દ્વારો પણ ખૂલે છે.

'ઈશ્વર આપણને ચાહે છે' એવું કહેવું અને
એમાં શ્રદ્ધા રાખવી, એથી બે અંતરનાં દ્વારો ખૂલે છે.

શ્રદ્ધા = ચિત્તપ્રસાદ, એનું ફળ મનાહ્લાદ.

બ્રહ્મવિદ્યા મેળવવા માટે
શ્રદ્ધાપૂર્વકનું માહાત્મ્યજ્ઞાન અતિ આવશ્યક છે.

સુખ માત્ર સાચી સમજણમાં જ છે.

દુનિયામાં સાચું સુખ ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધામાં છે.

આટલા શ્રદ્ધાના પરિણામે માનવી આર્થિક
મુશ્કેલી રૂપ વૈતરણીને પણ સહીસલામત તરી જાય છે.

'મારામાં ક્ષમા, દયા, આત્મભોગ અને
સેવાકાર્ય જેવા સદ્ગુણો ખીલે, એ માટે જ
મને આ સ્થિતિ વચ્ચે મૂકવામાં આવ્યો છે.'

આવી શ્રદ્ધા રાખવાથી દરેક ઉપસર્ગ ભુલાઈ જાય છે.
સૌથી કઠિન ઉપસર્ગ છે કાળના વિલંબનો.
જ્યાં સુધી શ્રદ્ધા પરિપૂર્ણ બની નથી, શંકાનો લેશ રહેશે.
એ શંકા જ્યારે ભુલાઈ જાય છે,
ત્યારે જ સિદ્ધિની ટોચે પહોંચી શકાય છે.

શાસ્ત્રવિશારદો અને મહાન તત્ત્વવેત્તાઓ કરતાં
પ્રભુ આજ્ઞા મુજબ ચાલનારો શ્રદ્ધાળુ ભક્તજન જ
ભગવાનનો કૃપાપાત્ર બની શકતો હોય છે.

તત્ત્વનું શ્રદ્ધાથી અનુષ્ઠાન કરવું, તે પ્રવૃત્તિ છે અને
'આ આમ જ છે' આવી શ્રદ્ધાથી
તત્ત્વનો વિશુદ્ધ નિર્ધાર કરવો, તે શુદ્ધ પ્રતિપત્તિ છે.

'સાક્ષાત્ ધર્મસ્ય લક્ષણમ્ ।'

<u>ધર્મનાં સાચાં લક્ષણો રૂપ ચાર બાબતો</u>

ધર્મશાસ્ત્રોની આજ્ઞાનું શ્રદ્ધાપૂર્ણ હૃદયે પાલન કરવું,
જે આજ્ઞા પાળતાં હોય, તેને શ્રદ્ધાથી અનુસરવું,
સદાચરણમાં મગ્ન રહેવું અને
મનની રુચિને શ્રદ્ધામય બનાવી આત્મકલ્યાણ કરવું.

પુરુષમાત્રમાં આત્મશ્રદ્ધાનો અંશ તો હોય જ છે, પરન્તુ સાચા જ્ઞાનને અભાવે શ્રદ્ધા પણ સૌ સૌના અંતઃકરણને અનુરૂપ બની જાય છે. પછી તો જેવી તેની શ્રદ્ધા હોય, એવો તેનો આત્મા. સાત્ત્વિક શ્રદ્ધાવાળા પુરુષને સમગ્ર જગત પ્રભુમય લાગે છે, જ્યારે રાજસ અને તામસ પ્રકૃતિવાળા પુરુષોમાં શ્રદ્ધા તો હોય છે, પરંતુ તેઓ શ્રદ્ધાનો બહુધા સ્વાર્થાચરણમાં જ ઉપયોગ કરતાં હોય છે.

'સત્ત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ભારત ।
શ્રદ્ધામયોઽયં પુરુષો યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ॥'

– અ. ૧૭, શ્લોક – ૩, ભગવદ્ ગીતા

શ્રદ્ધા એ ભક્તિરસનો રસાસ્વાદ છે અને
ભક્તિ એ આરાધ્યપદ દર્શધ્યાન છે.

શ્રદ્ધાની પ્રીતિ અને પ્રેરણાત્મક સ્રોતમાંથી જ
ભક્તિનાં ભિન્ન ભિન્ન પ્રકારો સંચાલિત થતાં રહે છે.
મનની એકાગ્રતા થવા ભક્તિ અને શ્રદ્ધા આવશ્યક છે.
ચિરકાળનો તપ, ઘણું બહુ શ્રુત અને ઉત્કૃષ્ટ બહુ ચારિત્ર
ભક્તિશૂન્ય હોય, તો અહંકારપોષક બનીને અધોગતિને
સર્જે છે. ભક્તિનો ઉદય થતાં તે બધાં કૃતકૃત્ય બને છે.

ભક્ત શ્રદ્ધાળુ જ હોય છે.

વ્યથિત ભક્ત ભગવાનમાં અશ્રદ્ધા વ્યક્ત કરે છે અને
તે ખરા ભગવાનના અપમાનને સૂચવે, તે દયનીય છે.

ભક્તિનું અંગ શ્રદ્ધા છે.

ભક્તિ અને શ્રદ્ધાને એક માનવાથી અનવસ્થા આવે છે.

ભક્ત કહે છે કે: 'શ્રદ્ધા એ 'મા' છે અને
ભક્તિ તેનો દીકરો. પહેલીની હું ભૂલ કરું છું,
જ્યારે બીજાને તો હું અનન્ય ભાવથી ચાહું છું.'

જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગ સુલભ છે,

પરંતુ ભક્તિ માટેની શ્રદ્ધા પામવી સુલભ નથી.

ભક્તિ પ્રાપ્ત થવી-ન થવી, તે શ્રદ્ધા પર જ આધારિત છે.

દરેક બાળક સ્વાભાવિક શ્રદ્ધાપૂર્વક જ જન્મે છે.

એનું બાળકને પોતાના માતા-પિતા ઉપર

જેટલી અને જેવી અપાર શ્રદ્ધા રહેલ છે,

એવી જ શ્રદ્ધા તેને નામસ્મરણ ઉપર થવી જોઈએ.

પ્રીતિથી ભક્તિ - સમર્પણ વિધિથી વિશ્વાસ તથા

શ્રદ્ધાથી ધર્મવિજ્ઞાન માટેના માર્ગનો ઉદય થાય છે.

શ્રદ્ધાનું બીજું નામ નમ્રતા, તેની ઊંચાઈ અમાપ છે.

શ્રદ્ધાથી જન્મેલી નમ્રતા એટલે ઉગ્રતાનો અભાવ.

ચાલ્યા વિના ઇષ્ટ સ્થળે પહોંચાય નહીં,

એ જ ચાલનારની શ્રદ્ધા સૂચવે છે,

તેમ ભક્તિના પગલાંમાં જ શ્રદ્ધા સ્ફૂરે છે અને

શ્રદ્ધાના પગલાંમાં જ ભક્તિ ફૂલે છે.

દૃઢ શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમથી જડ પણ ચેતન બને.

'પ્રયત્ન ફળદાયી છે' એવી ખાત્રી તે ટેક છે, શ્રદ્ધા છે.
'કૃપા ફળદાયી છે' એવી ખાત્રી તે નેક છે, ભક્તિ છે.

'કૃપા' ભગવાનના સામર્થ્યનો અને
'દાન' એ ભક્તની શ્રદ્ધાનો સૂચક શબ્દ છે.

ફળની આશંસા છે, ત્યાં સુધી આત્મશ્રદ્ધાની ન્યૂનતા
સમજવી અને પ્રબળ મિથ્યાત્વની વ્યાપ્તિ સમજવી.

સાંસારિક ફળ તો કર્મના નિયમ મુજબ અને
ક્રમબદ્ધ પર્યાયની નિયતિ મુજબ મળ્યાં જ કરે છે,
તેમાં ભાવના અથવા દીનતા કરવાની જરૂર જ નહિ.

[illegible]·વચનાનુસારી ક્રિયા, ક્રિયાના ફળ ઉપર શ્રદ્ધા,
ક્રિયા વિના ફળની અશ્રદ્ધા, ભક્તિ વિના ક્રિયાની અપ્રાપ્તિ,
શક્તિ વિના ભક્તિની અનુત્પત્તિ, પ્રભુભક્તિ વિના
શ્રદ્ધાની અપ્રાપ્તિ, શ્રદ્ધા વિના ક્રિયાની અસિદ્ધિ અને
ક્રિયા વિના ફળની અસિદ્ધિ નિશ્ચિત ગણાય છે.

God is the reality of our being and
all there is to us is faith in God.

'ક્રિયા વિના કાર્યસિદ્ધિ નહિ' એ જ્ઞાન છે અને
'શ્રદ્ધા અને જ્ઞાન વિના મુક્તિ નહિ' એ ભક્તિ છે.
જ્ઞાનની પ્રાપ્તિ ભક્તિની અપેક્ષા રાખે છે અને
ક્રિયાની સિદ્ધિ શ્રદ્ધાની અપેક્ષા રાખે છે.

## આજ્ઞાપાલનનું આટલું મહત્વ કેમ ?

આત્મજ્ઞાન માટે પરમાત્મભક્તિની જરૂર છે અને
આત્મશ્રદ્ધા માટે પ્રભુની આજ્ઞાનું પાલન જરૂરી છે.
શ્રદ્ધામાં આજ્ઞાપાલનની યોગ્યતાનું ભાન છે અને
આજ્ઞાપાલન પ્રત્યે નિષ્ઠા તે શ્રદ્ધા છે.
પરમાત્માની આજ્ઞાનું મન - વચન - કાયાથી
પાલન કર્યા વિના કોઈની પણ મુક્તિ થઈ નહિ.
શાસ્ત્રો ઉપરની વાસ્તવિક શ્રદ્ધા એ
શાસ્ત્રોએ કહેલી આજ્ઞાઓનું યથાશક્તિ પાલન છે.
'આજ્ઞાનું પાલન પોતે જ કરવા યોગ્ય છે'
એવી નિષ્ઠા તે શ્રદ્ધા છે. શ્રદ્ધા અને ભક્તિ મળીને
જીવની મુક્તિ રૂપી કાર્યની સિદ્ધિ કરે છે.

## શ્રદ્ધાનું સ્થાન જિનાલય

શ્રદ્ધાવાળાઓને ભક્તિ કરવાનું કેન્દ્ર એટલે જિનાલય.
જાહેર મંદિર, દેરું દેવાલય અને દેવાલયમાં અંદર રહેલ
ચૈતન્યની ભક્તિ કરનાર પ્રબુદ્ધ માનવોનો સમૂહ, એ
ત્રણેને પણ 'જિનાલય' શબ્દથી સંબોધવામાં આવે છે.

ભગવાનની કૃપા ભક્તિલભ્ય છે,
ભક્તિ શ્રદ્ધાલભ્ય છે અને શ્રદ્ધા જ્ઞાનલભ્ય છે.

વાંચીને અથવા સાંભળીને માત્ર માની લેવું, તે faith.
વાંચેલા કે સાંભળેલા ઉપર સ્વતંત્ર રીતે પોતાના અનુભવ
અને બુદ્ધિના ઉપયોગપૂર્વક મનન કરતાં આવે, તે
પોતાની પ્રામાણિક માન્યતા કે conviction અને
હૃદય જે ચીજ, મનુષ્ય કે ભાવ તરફ ઢળે, તે ચીજ તરફ
જવાની શક્તિ, motion કે power એ 'ભક્તિ' છે.

°

We have faith in God.
In God, we trust.

શ્રદ્ધા આત્મનિષ્ઠ છે, ભક્તિ ઉપાસ્યનિષ્ઠ છે.

ઉપાસ્યની મુગ્ધતામાં ભક્તિ ટકે છે તથા
પોતાને મુગ્ધ બનાવવાથી શ્રદ્ધા ટકે છે.

ઉપાદાન + નિમિત્ત = શ્રદ્ધા અને ભક્તિનો સુમેળ.

શ્રદ્ધા પોતે ફૂટવાની છે, ભક્તિ નિમિત્તે જગાડવાની છે.

ફળ આપવાની શક્તિ નિમિત્તમાં છે, જ્યારે
ફળ મેળવવાની તાલાવેલી શ્રદ્ધામાં છે.

શ્રદ્ધાપૂર્વકની શરણાગતિ મોક્ષનું અનન્ય કારણ છે.

શરણ શ્રદ્ધા માંગે છે અને શ્રદ્ધા જ્ઞાન માંગે છે.

જ્ઞાનથી શ્રદ્ધા અને શ્રદ્ધાથી શરણની પ્રાપ્તિ થાય છે.

શ્રદ્ધા સત્યમાંથી પેદા થાય છે.

ભક્ત જ્યારે પોતાનું સમર્પણ કરે છે, ત્યારે
ભગવાન પોતે પોતાનું સર્વસ્વ સમર્પણ કરે છે.

°

*Faith is Subjective and
devotion is always objective.*

શ્રદ્ધા = જ્ઞાન, ભક્તિ = સુદૃષ્ટિ, મુક્તિ = સુફલ.

પહેલાં શ્રદ્ધા કરો. કોની? જે હોય (સત્), તેની.

શ્રદ્ધા એક બળ છે અને તે પોતાના હાથમાં છે.

શ્રદ્ધા = એકડો. શ્રદ્ધા વિણ ક્રિયા = એકડા વિનાના શૂન્યો.

વસ્તુ ઉપર જેવી શ્રદ્ધા, તેથી કેઈ ગુણી અધિક પરમેષ્ઠિ ભક્તિથી ઉપાર્જન થતાં પુણ્ય ઉપર શ્રદ્ધા હોવી જરૂરી છે. વસ્તુની કાર્યકારી શક્તિ કરતાં કેઈ ગુણી અધિક કાર્યકારી શક્તિ પરમેષ્ઠિ ભક્તિમાં છે.

ભગવાનની ભક્તિ રાગ-દ્વેષનું નિર્મૂળ કરે છે.

રાગ-દ્વેષનું મૂળ કારણ - મિથ્યાત્વાદિ દોષો છે.

મિથ્યાત્વનો છેદ પુણ્ય - પાપાદિની શ્રદ્ધા વડે થાય.

શ્રદ્ધાનો દોષ અતત્ત્વ, શ્રદ્ધાના જ્ઞાનનો દોષ સંશય, વિપર્યય અનધ્યવસાય, ચારિત્રનો દોષ વિપરીત વર્તન.

શ્રદ્ધા અને ભક્તિ એક આત્મવાદનું સહજ પરિણામ છે. તેમાંથી જ અહિંસા અને કરુણા જેવા મંગળમય સિદ્ધાંતોની શોધ છે, જે માનવમાત્રની હૃદયસંપત્તિ છે.

## સાધકની સાધનાનો મૂળ પ્રાણ શ્રદ્ધા છે.

'હું જીવંત આત્મા છું, જડ ઈંટ કે પત્થર નહીં'
આ ભાન અને શ્રદ્ધા એ સાધનાનો પ્રાણ છે.
શ્રદ્ધા અને ભક્તિ સાથે જ રહે છે.
જ્યાં શ્રદ્ધા - ભક્તિ છે, ત્યાં શિવ છે, પરમાત્મા છે.
જ્યાં તે નથી, ત્યાં એકમાત્ર શબ કે મડદાની લાશ છે.
જ્યાં શ્રદ્ધા નથી, ત્યાં સાધના
એક નિર્જીવ શબસ્વરૂપ બની જાય છે.
શ્રદ્ધા અને વિશ્વાસ એ મનુષ્યની સૌથી મોટી શક્તિ છે.
વિશ્વાસ એ વિશિષ્ટ શ્વાસ અને જીવન છે,
અવિશ્વાસ એ શ્વાસવિહીન મૃત્યુ છે.
જેને પોતાના આત્મા ઉપર વિશ્વાસ નથી, તે આ
સંસારમાં ભાગ્યે જ કોઈનો ય વિશ્વાસપાત્ર બની શકતો નથી
તથા સહયોગી યા સાથી બનવાને લાયક રહેતો નથી.
શ્રદ્ધા રાખી આત્મસ્વરૂપ પ્રતિ પ્રેમ વધારતાં અલ્પ
સમયમાં જ સિદ્ધિનાં શિખરો સર થયેલ અનુભવશો.

## 'ધર્મ ચતુષ્ટય' એટલે...

વિદ્યા - શ્રદ્ધાસહિત બ્રહ્મચર્ય અને તપનો અભ્યાસ
અર્થાત્ દર્શન (શ્રદ્ધા), વિદ્યા (જ્ઞાન) તથા
બ્રહ્મચર્ય (ચારિત્ર) અને તપ, એમ પણ કહી શકાય.
ષડ્ રિપુઓની પ્રતિપક્ષી એવી સર્વ સદ્ભાવનાઓમાં
ભક્તિ અને શ્રદ્ધા પણ અનુસ્યૂત છે કે:
'હે કલ્યાણકારી પરમાત્મા,
જગતના સર્વ દુઃખીઓના દુઃખને દૂર કરો.'
શ્રદ્ધાના જ અત્યંત ઊંડા પાયા ઉપર
પરમાત્માની પરમ ભક્તિનું દિવ્ય અને ભવ્ય મંદિર
જીવનસાગરના કિનારે રચાયેલું જોવું જોઈએ.
પ્રભુશ્રદ્ધાથી અનુરાગ અને અનુરાગથી શ્રદ્ધા વધે છે.
અનુરાગ પ્રીત્યાત્મક છે, શ્રદ્ધા ભક્ત્યાત્મક છે.
મનુષ્યમાત્રમાં શ્રદ્ધા તથા સ્વાહુતિ વડે
આધ્યાત્મિક શક્તિમાં આરોહણ કરી
તેનો જીવન દ્વારા પ્રાદુર્ભાવ કરવાની શક્તિ છે.

કહ્યું છે કે: 'જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ ।'

અર્થાત્: જ્ઞાન અને ક્રિયા મળીને મોક્ષનું કારણ થાય છે.

મોક્ષના કારણમાં શ્રદ્ધા એક એવું વાહન છે,
જેથી સૂક્ષ્મ વિચારની મહાશક્તિઓ પ્રાગટ્ય પામે છે.

સુકૃત - દુષ્કૃતના ફળ ઉપર વિશ્વાસ,
દુષ્કૃતરહિત - સુકૃતસહિત પરમ સત્તાના અસ્તિત્વનો
શ્રદ્ધાપૂર્વકનો સ્વીકાર જીવને દોષરહિત, ગુણસહિત
અને નિશ્ચિંત બનાવે. 'યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ।'

અર્થાત્: જે જેમાં શ્રદ્ધાવાળો હોય, તે તેવો થાય છે.

શ્રદ્ધાપૂર્ણ ઉપાસના કોને સાધન છે?

ઉપાસના વિધિ, વિશ્વાસ, ઇચ્છા અને હઠને સાધન છે.

વિધિ એટલે દેવ અને શાસ્ત્રના વચન મુજબની ક્રિયા.

વિશ્વાસ એટલે ગુરુ અને શાસ્ત્ર વાક્યોમાં
સંશય કે વિપર્યય છોડી નિશ્ચયપૂર્વક શ્રદ્ધા રાખવી તે.

ઇચ્છા એટલે અનેક પ્રકારોમાં રુચિ અનુસાર પ્રવૃત્તિ.

હઠ એટલે ફળપ્રાપ્તિ પર્યંત વિધિને વળગી રહેવું તે.

'ચૈતન્ય અનંત છે' એવી શ્રદ્ધા સદા રાખવી.

જૈન શાસનની સકલ ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે.

શ્રદ્ધાનું મૂળ જ્ઞાન, જ્ઞાનનું મૂળ ભક્તિ અને

ભક્તિનું મૂળ પંચ પરમેષ્ઠિ - પરમાત્મા છે.

પ્રભુની શક્તિ ભક્તના હૃદયે અતૂટ ભક્તિ જન્માવે.

ભક્તિથી ફળતું આત્મજ્ઞાન જ શ્રદ્ધાને પેદા કરે છે.

ક્રિયા માટે પ્રેરનાર શ્રદ્ધા જ હોય છે, તેથી

શ્રદ્ધા એ પુરુષતંત્ર છે, ભક્તિ એ વસ્તુતંત્ર છે.

એવી શ્રદ્ધા મોક્ષમાર્ગમાં ઉપયોગી છે કે...

ભક્તિમાં પ્રેરક વસ્તુની, શ્રદ્ધામાં પ્રેર્યપુરુષની વિશેષતા છે.

નિમિત્તની વિશેષતા ભક્તિપ્રેરક, ઉપાદાનની શ્રદ્ધાજનક.

શ્રદ્ધા ક્રિયા તથા તેના ફળમાં વિશ્વાસની અપેક્ષા અને

વિશ્વાસ ક્રિયા કરનારની યોગ્યતા ઉપર આધાર રાખે.

કાર્યસિદ્ધિ માટે શ્રદ્ધા તથા ભક્તિએ એકત્ર થવું પડે.

ભક્તિનો પ્રભાવ ચિંતવવાથી શ્રદ્ધા જાગે છે.

'પ્રયત્ન ફળદાયી છે' એવી ખાત્રી તે શ્રદ્ધા છે.

## 'શ્રદ્ધા' કોને કહેવાય ?

'આ વસ્તુ આમ જ છે ને આ જ શ્રેષ્ઠ પરમાર્થ છે' એ પ્રકારના જ્ઞાનને 'શ્રદ્ધા' કહેવાય છે.

શ્રદ્ધા અને ભક્તિ આરાધનામાં હોવા જરૂરી છે, છતાં બન્નેમાં જે તફાવત છે, તે એના જ્ઞાનમાં છે. શ્રદ્ધાનું જ્ઞાન સાધનામાં નિષ્ઠા પેદા કરે છે, જ્યારે ભક્તિમાનનું જ્ઞાન સાધ્યમાં નિષ્ઠા પેદા કરે છે.

## નવકાર મંત્ર શ્રદ્ધા જગાવે ? હા.

નમસ્કાર એ શ્રદ્ધા અને રુચિનું બીજું નામ છે. શ્રી નમસ્કાર મહામંત્રમાં સાધ્ય એવા શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો સકલ જગતમાં સર્વશ્રેષ્ઠ હોવાથી તેઓશ્રી સર્વોત્તમ ભક્તિના ઉત્પાદક છે અને સાધન એવો શ્રી નમસ્કાર મંત્ર સૌ મંત્રોમાં સર્વશ્રેષ્ઠ હોવાથી તે સર્વોત્તમ શ્રદ્ધાને ઉત્પન્ન કરે છે. સર્વોત્તમ શ્રદ્ધા અને સર્વોત્તમ ભક્તિથી થયેલ ક્રિયા સર્વોત્તમ ફળને આપે, એ નિઃશંક છે.

## શ્રદ્ધાયુક્ત પ્રાર્થના શા માટે જરૂરી ?

પ્રાર્થનાની પહેલી શરત ભગવાન ઉપરની શ્રદ્ધા છે.
જેમ જેમ આત્મા-પરમાત્માનો સંબંધ અધિક અધિક જોડાશે,
તેમ તેમ રોમે-રોમમાં પવિત્રતાનો સંચાર થશે.
શ્રદ્ધા સંચિત પ્રાર્થનાથી તુરત લાભ થશે.
શ્રદ્ધા અને વિશ્વાસયુક્ત પ્રાર્થના સુંદર બનશે.
પ્રાર્થનામાં શ્રદ્ધા અને ભક્તિ આવશ્યક છે.
પ્રાર્થના એ ક્રિયા નથી, કિન્તુ પ્રેમની પરિપૂર્ણતા છે.
શ્રદ્ધા જ કરશે પાર, તેથી પ્રભુને પ્રાર્થના કરો કે:
'તમારી ઇચ્છા પ્રમાણે થાઓ, મારી ઇચ્છા પ્રમાણે નહીં.
Not mine, but Thine will be done.'
અંધકારમાંથી પ્રકાશ તરફ ગતિ કરવી, એ છે પુરુષાર્થ.
આ વસ્તુ શ્રદ્ધા અને ભક્તિ વગર સમજી શકાતી નથી.
જ્ઞાન એ શ્રદ્ધા અને ભક્તિનું મૂલ્ય સમજવા માટે છે,
શ્રદ્ધા અને ભક્તિનો ઇન્કાર કરવા માટે નહીં.
જ્ઞાનથી જ શ્રદ્ધાનું મહત્ત્વ, ભક્તિનો પ્રભાવ સમજાય છે.

પ્રેમમાં સર્વને શ્રદ્ધા છે, તો પ્રેમને સર્વમાં શ્રદ્ધા છે.

જ્યાં કાળનું જ્ઞાન અને ત્રિકાળજ્ઞને પણ દર્શાવે,
તેવી શ્રદ્ધા પણ પ્રેમ વિના તો નિરર્થક જ છે,
કેમકે પ્રેમ જીવાત્માના અસ્તિત્વને સદૈવ ટકાવે છે.

પ્રેમ અને શ્રદ્ધા વિનાનું દાન નિષ્ફળ છે.

'શ્રિયા દેયમ્ હ્રિયા દેયમ્ ભિયા દેયમ્ સંવિદા દેયમ્
શ્રદ્ધયા દેયમ્ અશ્રદ્ધયા અદેયમ્ ।' અર્થાત્:
લક્ષ્મી દ્વારા આપવું, લજ્જા દ્વારા આપવું, ભય દ્વારા આપવું,
લાગણી દ્વારા આપવું, શ્રદ્ધા દ્વારા આપવું, કિન્તુ
અશ્રદ્ધા દ્વારા કદાપિ (દાન) ન આપવું. વિધિપૂર્વક દાન
એટલે શ્રદ્ધા, માન, સત્કાર તથા ઔચિત્યપૂર્વકનું દાન.

પ્રભુપ્રેમ જ્ઞાનની ઉપરની શ્રદ્ધાથી શરૂ થાય છે.
શ્રદ્ધા, આશા અને પ્રેમ - જ્યારે ગુરુ સાથે મળે, ત્યારે
કોઈપણ કાર્ય સહેલું બનવાથી કાર્યસિદ્ધિ શીઘ્ર બને.
પ્રેમ = બીજ, ભક્તિ = અંકુર, શ્રદ્ધા = ખાતર, સત્સંગ
= વર્ષા, શરણાગતિ = ફૂલ, પ્રભુમાં તદ્રુપ થવું = ફળ છે.

બધા બાબતોમાં ત્રણ વસ્તુ સ્વાભાવિક હોય છે.

(૧) આશા (૨) જિજ્ઞાસા (૩) શ્રદ્ધા.

પોતાના દોષો અને ભૂલો પ્રેમથી સાંભળવાની સહનશીલતા - શ્રદ્ધા - જિજ્ઞાસા જેની પાસે છે, તે શિષ્ય.

જીવનવિકાસના મુખ્ય બે અંગો : જિજ્ઞાસા તથા શ્રદ્ધા.

મનુષ્યનો સ્વભાવ જિજ્ઞાસુ અને શ્રદ્ધાળુ પણ છે.

જિજ્ઞાસા દુનિયાની વિશાળતામાં લઈ જાય છે અને શ્રદ્ધા આપણા મનને મક્કમપણું સમર્પે છે.

એ રીતે 'શરણ' શબ્દ જિજ્ઞાસા અને શ્રદ્ધા - એ બે મહાન ગુણોને પુષ્ટ કરવા માટે છે.

'જિજ્ઞાસા નાસ્તિક નાસ્તિકત્વમ્ ।'

આસ્તિક્યનું પ્રથમ સોપાન જિજ્ઞાસા છે.

અનુભવમૂલક જીવનનિષ્ઠા સાચી શ્રદ્ધાનું સ્વરૂપ છે.

આશા એ શ્રદ્ધા સાથે સંકળાયેલી મનઃશક્તિ છે.

તે વિના શ્રદ્ધા ન જાળવી શકાય અને આશાને માટે શ્રદ્ધા સિવાય કોઈ બીજો આધાર હોઈ શકે જ નહીં.

## આશા અને શ્રદ્ધાનું બળ

રોગથી નહીં, તેટલાં મૃત્યુ શ્રદ્ધાના અભાવથી થાય છે.
ફેફસાં ઉપરથી કેન્સરરોગ તમારા મન ઉપર ન પહોંચે,
તેની કાળજી રાખો. કુદરતે જેટલાં બહુ દર્દો મૂક્યાં છે,
તેથી વિશેષ તો કુદરતની ઔષધિ મૂકી છે.

'શ્રદ્ધા' એટલે આશા, 'અશ્રદ્ધા' એટલે નિરાશા.
શ્રદ્ધા અને નિરાશાને વિરોધ છે.
શ્રદ્ધાળુ નિરાશ થતો નથી, નિરાશાવાદીને શ્રદ્ધા હોતી નથી.

*Faith is an openness of mind.*
*Faith and hope are inter-related.*

પરમાત્માએ બહુ આશાપૂર્વક મારા અંતરાત્માના
અનુભવ ઉપર છાપ પાડવા કહ્યું છે કે:
'તું આત્મા છે, દેહ નહીં. મનુષ્ય તો એક પરછાઈ છે,
નાશવંતની પ્રકૃતિ છે. તું તો તે પ્રકૃતિનો માલિક, જોનાર
અને કર્મ કરનાર છે.' આજ મેં ધર્મશ્રદ્ધાથી જાણ્યું છે
તથા અનુભવમાં એની પ્રતીતિ થતાં શ્રદ્ધા પ્રગટી છે.

## મોક્ષમાર્ગના બે મોટાં સાધનો

ગુરુવચનમાં શ્રદ્ધાપૂર્ણ આચરણ અને તે ઉપરાંત
તેમણે દર્શાવેલ સર્વ ક્રિયાઓના ફળમાં પૂર્ણ વિશ્વાસ.
આચરણ ધર્મ બને છે, ધર્મવિશ્વાસ શ્રદ્ધાગમ્ય છે
અને શ્રદ્ધા કે વિશ્વાસ આત્મગમ્ય કે બોધગમ્ય છે.
જે સમયે આત્માને સમ્યક્ પ્રકારે જોયો, તે જ સમયે
શ્રદ્ધા સમ્યક્ બની. અનુભવમાં વિકલ્પ ન હોય.
જ્યાં સુધી આત્માને પ્રત્યક્ષ અનુભવ્યો નહોતો,
ત્યાં સુધી શ્રદ્ધા શંકાવાળી હતી.
આત્માને પ્રત્યક્ષ અનુભવ્યા પછી નિશ્ચય શ્રદ્ધા બની.
અનુભવથી જુદું નથી, શ્રદ્ધા જુદી થાય, એવું ન બને.
શ્રદ્ધામાં સ્નેહ છે, શંકામાં દ્વેષ છે.
શ્રદ્ધાથી ચિત્તની મલિનતા જાય છે,
શંકા - કાંક્ષા વગેરે મલિનતા સ્વરૂપ છે.
સંશય મનમાં થાય છે અને તે શ્રદ્ધાથી જીતાય છે,
સંદેહ બુદ્ધિનો હોય અને તે અનુભવજ્ઞાનથી ટળી શકે છે.

## આત્માને ધોવા માટે શું-શું જોઈએ?

મેલું કપડું ધોવા માટે જેમ પાણી - સાબુ જોઈએ,
તેમ ધોબી - ઈસ્ત્રી પણ જોઈએ.
આત્માને ધોવા માટે શ્રદ્ધા એ જળ, જ્ઞાન એ સાબુ,
ક્રિયા એ ધોબી અને તપ એ ઈસ્ત્રી છે.
રાગ વગેરે મળ જેમ આત્માના અજ્ઞાન અથવા તો
પરમાત્મા ઉપરની અશ્રદ્ધા આદિથી દૃઢ થયાં છે,
તેમ વિપરીત પ્રવૃત્તિ - નિવૃત્તિથી પણ દૃઢ થયાં છે.
ધર્મપ્રશંસાથી હૃદયભૂમિમાં ધર્મના બીજનું વપન થાય છે.
શ્રદ્ધા રૂપી જળના સિંચનથી હૃદયની ઉર્વરભૂમિમાં
ધર્મચિંતા રૂપી અંકુર તથા ધર્મશ્રવણ આદિ
ધર્મના આચરણ રૂપ પત્ર - પુષ્પ - ફૂલ પ્રાપ્ત થાય છે.
અંતરાત્મભાવમાં રહી પરમાત્મભાવની ભાવના
દીર્ઘકાળ સુધી આંતરૂં પાડ્યા વિના શ્રદ્ધાપૂર્વક કરાય,
ત્યારે આત્મજ્ઞાન દૃઢ થાય અને તે સૂર્યના પ્રકાશની
જેમ અનાદિ અજ્ઞાનરાત્રિના અંધકારને હણનાર બને.

મધુરભાવની ત્રણ અવસ્થા: શ્રદ્ધા, ભક્તિ અને રતિ.

શ્રદ્ધામાં ઉપાસ્ય પ્રત્યે આદરની દૃષ્ટિ છે.

શ્રદ્ધાને વિવેકનું બળ હોવું જરૂરી છે.

વિવેક નિર્ણય કરે છે, શ્રદ્ધા નિર્ણયને અપનાવે છે,

વિવેક મુખ છે, શ્રદ્ધા હાથ - પગ છે.

દિવ્ય માનવની સાચી કસોટી એ છે કે...

એ બીજા માણસોના દિલમાં શ્રદ્ધાનું બીજ વાવી શકે.

એ બીજ અંકુરિત થતાં એ માનવ મદ
મોહ, ક્રોધ અને લોભમાંથી મુક્ત બને છે.

વેદનાથી પર થવામાં જ સાચી માણસાઈ છે.

દરેક મુશ્કેલીમાંથી પાર પામવાનો ઉપાય શ્રદ્ધા છે.

તમારી વિચાર કરવાની રીત તમારી લાગણીઓ કેળવે
અને શ્રદ્ધા સાથેની વિચારશક્તિ તમને
વેદના સહન કરવામાં કે તેનો પાર પામવામાં મદદ કરે છે.

શ્રદ્ધા એ વિચારોનું ઘન સ્વરૂપ છે, સંકલ્પ એ
વિચારોની એકાગ્રતા રૂપ one - pointedness છે.

ક્યા પાંચ સાધનોથી સાધના પૂરી થઈ ગણાય ?

શ્રદ્ધાની દૃઢતા, આહારની સાત્ત્વિકતા, દશ ઉપરાંત
દાન તથા તપનો મહામહિમા - આટલું જો એકત્ર મળે,
તો સાધના સાચી રીતે પૂરી થયેલ ગણાય.

સંકલ્પપૂર્વક કરેલું સૂચન - આશા તુરત કાર્યકર થાય,
કિન્તુ શ્રદ્ધા કાલાંતરે ફૂલે છે.

શ્રદ્ધા સકામ હોય, તો સોમ પ્રસવાભિમુખ બને તથા
શ્રદ્ધા જો નિષ્કામ હોય, તો
પોતાના કારણ એવા સમષ્ટિ બ્રહ્મમાં લીન થઈ જાય.
સમષ્ટિભાવનો બ્રહ્મ સ્વયં બહુનું કિરણ છે.

શ્રદ્ધા અને ભાવસહિત અભિમુખ સાધના
સ્વાભાવિક મહારસમાં પણ અસ્વાભાવિક શક્તિ પ્રકટાવે છે.

શ્રદ્ધાની શક્તિ સાંજીવનીના કાર્ય જેવી છે.

મોક્ષ, જે આત્માનું શુદ્ધ સ્વરૂપ છે, તેનું અજ્ઞાન
અને અશ્રદ્ધા હોવાથી તેની ક્રિયા સ્વરૂપસાધક નહીં,
કિન્તુ સ્વર્ગસાધક અને પરિણામે દુઃખકારક બને છે.

## ૧૨ અંગના માહાત્મ્ય ઉપર રચાએલો શ્રદ્ધા.

અંતરિક્ષમાં જે ૧૨ રાશિ, જન્મકુંડળીમાં ૧૨ સ્થાનો છે,
તેના જેવા જ ગુહ્ય સ્થાનો મનુષ્યના શરીરમાં પણ છે.

## દ્વાદશાંગીની રચનાનું તાત્પર્ય

દરેક ગણધર ભગવંતો ત્રિપદી સાંભળતાંની સાથે જ
દ્વાદશાંગીની રચના અંતર્મુહૂર્તમાં કરે છે,
તે પણ એક સાંકેતિક ભાષાનો પ્રયોગ લાગે છે.
વસ્તુમાત્રનો ઉત્પાદાદિ ત્રિસ્વભાવ અંતઃકરણમાં
સ્પર્શતાંની સાથે જ પોતામાં રહેલી બારે પ્રકારની
શક્તિઓ પૂર્ણપણે જાગ્રત થઈ જાય છે અને
એને જ દ્વાદશાંગીની રચના કરેવાનું તાત્પર્ય લાગે છે.

૧૨ શક્તિઓમાં શ્રદ્ધા = faith,
જ્ઞાન = understanding, ક્રિયા = Energy
- આ ત્રણ શક્તિઓ મુખ્ય છે અને
તેના મુખ્ય સ્થાન માનવદેહમાં ક્રમશઃ સહસ્રાર
અથવા આજ્ઞાચક્ર, અનાહતચક્ર અને મણિપુરચક્ર છે.

સમ્યગ્ દૃષ્ટિનો છેવટનો અર્થ તત્ત્વસાક્ષાત્કાર છે.

જેનું તત્ત્વશ્રદ્ધા રૂપ સોપાન દૃઢ હોય, તો જ યથોચિત
પુરુષાર્થથી તત્ત્વસાક્ષાત્કાર થાય. જગતમાં ચેતનતત્ત્વને
સમાન ભાવે અનુભવવું, તે સાક્ષાત્કાર છે.
એ પછી આત્મિક તત્ત્વ પણ માત્ર શ્રદ્ધાનો વિષય
ન રહેતાં જીવનમાં વણાઈ જાય છે, તત્ત્વના સાક્ષાત્કાર
વખતે શ્રદ્ધા જીવંત બની જાય છે: જે પ્રભુએ ભોળા
ભક્તોને મદદ કરી છે, તે શું તમને જ તજી દેશે?
જગતમાં ચેતનતત્ત્વ છે, તેના અસ્તિત્વમાં શ્રદ્ધા
ધરાવવા સાથે એ શ્રદ્ધાને પરિણામે ચેતન ઉપરના
અજ્ઞાન સાથે રાગ - દ્વેષાદિ આવરણોને
આત્માના સમ્યક્ પુરુષાર્થથી ભેદવા માટે પ્રયત્ન કરવો,
આ દૃષ્ટિ તે સમ્યગ્ દૃષ્ટિ અથવા
તત્ત્વવિષયક શ્રદ્ધા - એનું નામ સમ્યગ્ દૃષ્ટિ તથા
તત્ત્વવિષયક અશ્રદ્ધા - એ મિથ્યા દૃષ્ટિ કહી શકાય.
તત્ત્વશ્રદ્ધા પણ સમ્યગ્ દૃષ્ટિનો છેવટનો અર્થ નથી.

'જગત મિથ્યા નહિ, શક્તિનો આવિર્ભાવ છે.' આ વિષયમાં અશ્રદ્ધા કે અતિશ્રદ્ધા - બંને પણ બોજારૂપ છે.

પક્ષી એ ગગનનું, ભાષા એ ભાવનું અને
શ્રદ્ધા એ મોક્ષ (માર્ગ)નું વાહન છે, તેથી
પક્ષી વડે ગગન, ભાષા વડે ભાવ, શ્રદ્ધા વડે મોક્ષ!

શ્રદ્ધા સર્વ સદ્‌ગુણોની માતા છે.

એના આશ્રયે શ્રદ્ધાવાન સાધકને માતાના આશ્રયની જેમ ચિત્તપ્રસાદ, વીર્ય, ઉત્સાહ, સ્મૃતિ, એકાગ્રતા, સમાધિ, પ્રજ્ઞાપ્રકર્ષ આદિ પ્રાપ્ત થાય છે તથા વસ્તુતત્ત્વને યથાર્થપણે જાણવાની અભિલાષા જાગે છે. સત્યદૃષ્ટિ, સમ્યગ્દર્શન વગેરે શ્રદ્ધાનાં જ નામ છે. તે માતાની જેમ કલ્યાણકર અને સાધકને રક્ષક છે. શ્રદ્ધાગુણની પરીક્ષા શમ - સંવેગાદિ લક્ષણો વડે થાય છે.

'પાપ, દુઃખ અથવા કર્મ હેય છે'
એવી શ્રદ્ધા તો જ સત્ય ગણાય કે જો
તે અહીં ત્યાગ અને સેવા માટે સ્થિર થયેલ રહે!

## પ્રયત્નસાધ્ય સમાધિ સિદ્ધ કરવા માટેનાં ૪ અંગો

(૧) સમાધિ વિનાનું વીર્ય ઉન્માદ કરે.

(૨) શ્રદ્ધા વિનાની પ્રજ્ઞા કુતર્કમાં પરિણમે - ધૂર્ત છે.

(૩) પ્રજ્ઞા વિનાની શ્રદ્ધા મૂઢતામાં પરિણમે.

(૪) સત્ પુરુષાર્થ વિનાની સમાધિ જડતા વધારે અને
વીર્ય વિનાની સમાધિ મંદતા લાવે છે.

## શ્રદ્ધા-પ્રજ્ઞા તથા સમાધિ-વીર્યની સમતુલા જાળવવી.

વીર્યની શક્તિ એટલે પુરુષાર્થની શક્તિ અને
શ્રદ્ધાની શક્તિ એટલે મનનો દૃઢ સંકલ્પ.
ગર્ભનું કારણ વીર્ય, વીર્યનું કારણ અન્ન,
અન્નનું કારણ જળ અને જળનું કારણ અગ્નિ તથા
તેનું મૂળ શ્રદ્ધા અર્થાત્ બ્રહ્મ.
જળમિશ્રિત દૃઢ વાસનાઓ એ શ્રદ્ધાનું શરીર છે.
વીર્યમાં, અન્નમાં, વર્ષામાં, સોમમાં અને શ્રદ્ધા
(આપ-જળ)માં જીવ સાથે અંતઃકરણનો સંબંધ રહે છે.
જીવ એ પાંચે અવસ્થામાં બેભાન - મૂર્છિત રહે છે.

શ્રદ્ધા = ચિત્તપ્રસાદ. વીર્ય = ઉત્સાહ, ધીરજ.

સ્મૃતિ = વૃત્તિની એકતાનતા, ધ્યાન.

સમાધિ = અનાકુળતા, વિક્ષેપરહિત અવસ્થા.

પ્રજ્ઞા = નિર્મળ વિવેક, તે દ્વારા યથાર્થ જ્ઞાન.

વિવેકાર્થીએ આ સર્વ દ્વારા પ્રજ્ઞાની પ્રાપ્તિ કરવી.

'શ્રદ્ધા - વીર્ય - સ્મૃતિ - સમાધિ - પ્રજ્ઞાપૂર્વક ઇતરેષામ્ ।'

શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ, પ્રજ્ઞા અને યોગ એ ક્રમ છે.

અહીં શ્રદ્ધા તે ચિત્તનો સંપ્રસાદ છે.

તે માતાની જેમ યોગીનું રક્ષણ કરનારી છે.

શ્રદ્ધાવાન - વિવેકી પુરુષને વીર્ય ઉત્પન્ન થાય છે.

'વીર્ય' એટલે યોગવિષયક ઉત્સાહ અથવા ધીરજ.

આવું વીર્ય શ્રદ્ધાથી જ ઉત્પન્ન થાય છે.

શ્રદ્ધામાંથી બળ અને વીર્ય ઉત્પન્ન થાય છે.

બળ તથા વીર્યમાંથી સ્મૃતિશક્તિ જન્મે છે, ઉપરાંત તેમાંથી જ નિર્બાધ સમાધિ સ્થિર થાય, જેના દ્વારા પ્રજ્ઞા - વિવેક પ્રકટે, તેથી વસ્તુનું યથાર્થ જ્ઞાન થાય.

'રુચિ અનુસાર કાર્ય' એ નિયમ છે.
એ મનુષ્ય નહીં, દેવ છે કે જેનામાં આ નિયમ પ્રત્યે દૃઢ
શ્રદ્ધા, પ્રયત્ન માટે શક્તિ, સમય વીતતાં સુધી ધૈર્ય છે.
શ્રદ્ધા કર્યા પછી પ્રયત્નમાં શ્રમ જણાતો નથી.
મનુષ્ય જીવનમાં કર્મ કર્યા વિના છૂટકો નથી, પરન્તુ
તે કર્મ જ્યારે સાચી સમજ અને શ્રદ્ધાથી
પરિપૂર્ણ રહેલ છે, ત્યારે જ કાર્ય સમર્થ બને છે.

ઈશ્વર ક્યારે દેખાય અને સમજાય?

શ્રદ્ધા હૃદયની, વિવેક બુદ્ધિનો અને એકાગ્રતા મનની,
એ ત્રણ દ્વારા પરમાત્માની પ્રાપ્તિ થાય છે.
'ઈશ્વર દર્શન' એટલે ઈશ્વરની હૃદયમાં સમજ.
ગાઢ નિષ્ઠા, દૃઢ શ્રદ્ધા અને યોગ્યતા –
એ ત્રણ ઉપાયો દ્વારા ઈશ્વર દેખાય અને સમજાય છે.
ઈશ્વર માટે 'શ્રદ્ધા' શબ્દમાં જે ભાવ રહેલ છે,
તે ભાવ ભરોસો કે વિશ્વાસ શબ્દોમાં આવતો નથી.
સ્વાશ્રય સ્વીકાર્યો, તેનો શ્રદ્ધામાં આખો સંસાર ઊડી ગયો.

# શ્રદ્ધા, સમર્પણ અને સંયમ

(૧) શ્રદ્ધા વિરુદ્ધ તર્ક, તર્ક વિરુદ્ધ શ્રદ્ધા.
વિચાર વિરુદ્ધ સમર્પણ - આજ્ઞાપાલન.

(૨) ધુળના ઢેફાં જેવા શરીરને આત્માની પરમોચ્ચ સાધનાનું માધ્યમ બનાવવાના 3 ઉપાય: શ્રદ્ધા, સમર્પણ, સંયમ.

(3) 'श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः।'
શ્રદ્ધા, તત્પરતા અને ઇંદ્રિયોના સંયમવાળો આત્મા જ્ઞાન મેળવે છે. વિષયલોલુપ પાંચે ઇંદ્રિયો આત્માને સાધ્ય તરફ જવા દેતી જ નથી. આત્મજ્ઞાન એ શ્રદ્ધા, તત્પરતા અને સંયમ - આ ત્રણ વિના શક્ય જ નથી.
'તત્પરતા' શબ્દમાં તત્ = આજ્ઞા, પરતા = પાલન.

શ્રદ્ધા એ વિચાર અને ભાવનાનો ગુણાકાર છે.
વિશ્વાસબાહુલ્ય એ શ્રદ્ધા, એકતાનું ભાજન એ અભેદ.
શ્રદ્ધા ગુણ - ગુણી ભેદની નહિ, કિન્તુ અભેદની હોય, ભેદનું તો જ્ઞાન થાય છે. શ્રદ્ધા એ જ્ઞાનરૂપ નથી, પરન્તુ અખંડ આત્મદ્રવ્યની અનુભૂતિરૂપ છે.

## ચિત્તનો ઉલ્લાસ તે શ્રદ્ધા છે.

અશ્રદ્ધા મૃત્યુસ્વરૂપ છે, જ્યારે
શ્રદ્ધાથી મંત્ર, દેવ, ગુરુ ફલીભૂત થાય છે.
યોગમાં શ્રદ્ધા થવાથી ચિત્ત પ્રસન્ન થાય છે.
પ્રસન્ન ચિત્તમાં વિસ્મય, પુલક, પ્રમોદ ઉત્પન્ન થાય છે.
શ્રદ્ધા = મોક્ષનો અભિલાષ, તેને 'સંવેગ' પણ કહે છે.
શ્રદ્ધાથી ઉત્સાહ - ધૃતિ - ધારણા - ધ્યાન - અવધાન -
જ્ઞાન - ઉલ્લાસ વગેરે ઉત્પન્ન થાય છે અને
વૈરાગ્યથી સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત સમાધિ બને છે.
ધાર્મિક શ્રદ્ધા અને મુક્ત વિચાર - પરસ્પર પૂરક છે.

## કેવું મૃત્યુ ધન્યવાદને પાત્ર ?

જિનવચનને સાંભળવાથી અને તેમાં શ્રદ્ધાવંત થઈને
જેનું આચરણ કરવાથી પંડિત મરણ થાય છે અને
તે જ મૃત્યુ ધન્યવાદને પાત્ર છે.
જીવન એ ઉલ્લાસનો - મરણ એ પરીક્ષાનો કાળ છે.
જીવનની સફળતા એમાંથી પસાર થવાની શ્રદ્ધામાં છે.

## સહજતાની ચાવી

(૧) દુઃખમુક્ત થવા માટે પાપની ગર્હા કરવી.

(૨) સુખયુક્ત થવા માટે સુકૃતની પ્રશંસા કરવી.

(3) અશાંતિરહિત થવા માટે શુદ્ધાત્મનું સ્મરણ કરવું.

ઉપરની ત્રણે વાતનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરવો,

એ સહજતાની ચક્રવર્તી ચાવી છે.

'સુખ આત્મામાં છે, વિષયોમાં નહિ'

એ વિચાર ઔષધ છે તથા તેની શ્રદ્ધા તે અનુપાન છે.

આત્માને પરમાત્મતુલ્ય જ જોવો,

એ પ્રસન્ન ચિત્તમાં થયેલ મહત્તી આકાંક્ષા રૂપી શ્રદ્ધા છે.

આત્માને પરમાત્મા તુલ્ય પીછાણવો અને

એ પીછાણી, તેવા બનવાનો પ્રયત્ન કરનાર તથા એ

પ્રયત્નને પ્રવૃત્તિએ પહોંચાડનારને જોઈને એ સ્થિતિનો

ઉત્કર્ષ એ પ્રસન્નતારૂપી શ્રદ્ધાનું સ્વરૂપ છે.

શ્રદ્ધાનું નિર્માણ કેવળ ઉપદેશથી નહીં પણ

અનુભવથી થાય છે અને અનુભવ પ્રયોગ માંગે છે.

# ત્રિપુટિ તથા શ્રદ્ધા

ધ્યાતા ધ્યેય ધ્યાન, જ્ઞાતા જ્ઞેય જ્ઞાન, દ્રષ્ટા દ્રશ્ય દર્શન - ત્રિપુટિને પ્રકાશિત કરવાવાળું ચૈતન્ય તે શ્રદ્ધા છે. આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા અને આત્મરમણતા - ત્રણેનો હેતુ શ્રદ્ધાના ઉપાય = કૃપાનું અવલોકન, સત્સંગ, સદ્ગ્રન્થો.

નમસ્કાર મહામંત્ર ઉપર અતૂટ શ્રદ્ધા રાખવી. સર્વજીવરાશિના મધ્યબિંદુ મનાયેલ નમસ્કાર મંત્રની શ્રદ્ધા પરમ ધૃતિને આપે છે, જે ધારણાને પ્રકટાવી ધ્યાનને સ્થિર કરીને ચિત્તસમાધિના પરમ સુખને આપાવે છે. શ્રદ્ધાવાનનું હૃદય હંમેશા આનંદમાં નિમગ્ન રહે છે.

શાસ્ત્રવચનની જેમ નમસ્કાર મંત્ર છે, તેથી શ્રી નવકાર મહામંત્ર દૃઢ શ્રદ્ધા, સૂક્ષ્મ સમજ અને સદા તીવ્ર ઉપયોગપૂર્વક ગણવો. ૧૦૮ વાર ગણવાથી ગાઢ તેવા બંધનમાં રહેલ માનવ પણ છૂટી શકે છે. નમસ્કાર અને તેનું ફળ નક્કર સત્ય + સત્ય શ્રદ્ધા છે. સિદ્ધપુરુષોને નમસ્કાર આકાંક્ષારૂપી શ્રદ્ધા પેદા કરાવે છે.

આત્મજ્ઞાનનું મનન જે પદ દ્વારા કરવામાં આવે છે,
તે પદ ૐ હ્રીં, ૐ હ્રાં હ્રીં હ્રૂં હ્રૈં હ્રઃ । ઈત્યાદિ છે.
એ પદ દ્વારા આત્માના શુદ્ધ સ્વભાવનું મનન થાય છે.
'આત્મધ્યાનથી જ કલ્યાણ - મુક્તિલાભ છે' એવી શ્રદ્ધા
સહિત આત્માનુભવ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.
એમ કરવાથી જીવને નિર્ભયતા પ્રાપ્ત થાય છે.
સ્વસ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન તથા આચરણ - તે
નિશ્ચય મોક્ષમાર્ગ છે. સંસારરમણ = મુક્તિરમણનો નાશ.
જ્ઞાનની સાથે શ્રદ્ધા અને આચરણ જોડાયેલાં છે.
ભક્તિનું મૂળ (ભગવાનના માહાત્મ્યનું) જ્ઞાન છે અને
ભગવાનના માહાત્મ્યનું મૂળ આત્માનું માહાત્મ્ય છે.
સકલ ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે, શ્રદ્ધાનું મૂળ જ્ઞાન છે,
સમ્યક્જ્ઞાનનું મૂળ ભક્તિ, ભક્તિનું મૂળ પ્રભુની શક્તિ.
ભગવાનની અચિન્ત્ય શક્તિ જ ભક્તિ પેદા કરે છે,
તેથી ભક્તિ વસ્તુતંત્ર બનીને આત્માનું જ્ઞાન કરાવે છે,
તેથી આત્મજ્ઞાન જ શ્રદ્ધાનું મૂળ છે.

૨૬/૫/૧૪, મહાબળેશ્વર, વૈ. વ. ૧૦/૨, સોમવાર

લક્ષ્મી સાથે આવવા જોઈતી સમૃદ્ધિ ચરિત...

કીર્તિ, મતિ, ધૃતિ, પુષ્ટિ, સમૃદ્ધિ, તુષ્ટિ, શ્રુતિ, સ્મૃતિ,
શ્રદ્ધા, બળ, મેધા, આરોગ્ય અને જય -
આ સૌ મહાલક્ષ્મીની દીકરીઓ છે.

જ્ઞાનીને ક્યારે સહજાનંદનો અનુભવ થાય?

યદ્યપિ શ્રુતજ્ઞાનીને કેવળજ્ઞાનીની જેમ પ્રત્યક્ષ
આત્માનું વિશદ જ્ઞાન નથી, તો ય શ્રુતજ્ઞાનના બળથી
પોતાની અંદર શ્રદ્ધા સહિત શુદ્ધાત્મા, સિદ્ધાત્મા તથા
પરમાત્માનો અનુભવ થાય છે, તે વખતે
સહજાનંદ, જ્ઞાનાનંદ, ચેતનાનંદનો અનુભવ થાય છે.

o

Devotion gives, faith receives. Greatest legacy one can pass it on is of faith. Clean your heart with faith and adorn your soul with love.

## શ્રદ્ધાનો જન્મ અંતરના ઊંડાણમાંથી થતો હોય છે અને ત્યાં જ તેનું પરિણમન થાય છે.

આત્મામાં પ્રેમથી થતી વૃત્તિ તે વાસ્તવિક વૃત્તિ છે.

શ્રદ્ધા, ભાસન, રમણતા આત્મામાં હોવા જોઈએ.

આપ્તવચન ઉપર શ્રદ્ધા એ એક પ્રકારનો અભ્યુપગમ છે,
આત્મની પ્રમાણ પ્રત્યક્ષ અનુભવ અને સાક્ષાત્કાર છે.
ધ્યેય પ્રત્યે અટલ શ્રદ્ધા, પ્રેમ, વિશ્વાસ ઇત્યાદિ રહે,
ધર્મશ્રદ્ધા જાગે, ત્યાર પછી અધર્મની પરિણતિ જાય.

## સમ્યક્ શ્રદ્ધાન કોને કહેવાય?

ઝેર મારશે જ, અગ્નિ બાળશે જ, પાણી ઠારશે જ,
અન્ન જીવાડશે જ, સૂર્ય તેનો પ્રકાશ આપશે જ,
અંધારને દીપ હરશે જ, તેમ પાપ ઝેર સમું મારશે જ,
પુણ્ય અન્નની જેમ જીવાડશે જ, ધર્મ અમૃતની જેમ
સર્જન કરશે જ, દેવની ભક્તિ વડે મુક્તિ મળશે જ,
ગુરુની ભક્તિ વડે જ્ઞાન મળશે જ...
ઇત્યાદિ શ્રદ્ધા ધારણા કરવી, તે સમ્યક્ શ્રદ્ધાન છે.

## શેનો ઉદ્યમ અહર્નિશ તથા અવિરત કરવો ?

મનનો સંયમ એટલો નહિ, એક દિવસમાં નહીં આવે...
એ માટે ઉત્સાહ અને અહર્નિશ અવિરત ઉદ્યમ કરવો.
શરૂઆતમાં આ બધા મથામણોમાં કષ્ટ લાગે છે, પરંતુ
અંતે આનંદના ફૂવારા છૂટે છે, એ આનંદ અલૌકિક છે.
એજ આપણી સંપત્તિ અને એજ આપણી મુક્તિ છે.

## અહર્નિશ મળે અનેક લાભ.

'નવકાર સમસ્ત પાપોનો નાશક, પ્રથમ કોટિનું મંગળ છે.
એની સાધના કરવી, એ જ આ જીવનનો સાર છે
અને જીવને એનું સ્મરણ અપૂર્વ સમાધિદાતા છે.'
ભાવ શ્રદ્ધા બનાવવા માટે જીવરાશિ ઉપર સ્નેહ
અને દુઃખિત પ્રાણીઓ ઉપર દયાભાવ હોવો જોઈએ.
નવકારનાં અર્થ ન જાણતો હોય, તો ય સૂત્રના અક્ષરો
ઉપર તીવ્ર શ્રદ્ધા રાખીને જો પાપનો પશ્ચાત્તાપ કરે,
તો રસહીન ક્રિયા કરનારને પણ તેટલી વખત
પાપથી બચી ઉત્તમ ક્રિયાના સંસ્કાર પાડવાનો લાભ મળે.

શ્રદ્ધા મસ્તક છે, જ્ઞાન અને ક્રિયા એ ખાંડા છે.

આગળ વધવામાં, મુશ્કેલીઓ ઓળંગવામાં અને
કાર્યસિદ્ધિ થતાં સુધી ટકી રહેવામાં
મનુષ્યના મનને બળ આપનાર સ્રોત શ્રદ્ધા જ છે.
શ્રદ્ધામાંથી આયોજન અને શ્રમ જન્મે છે.
પ્રયત્નની પાછળ ઇચ્છા જોઇએ અને
ઇચ્છાની પાછળ શ્રદ્ધાનું બળ જોઇએ.
જ્યાં સુધી કોઈ મહાન આદર્શ ઉપર શ્રદ્ધા અથવા
પ્રેમ નહીં હોય, ત્યાં સુધી પોતાની પ્રવૃત્તિઓને કે
શક્તિને સદાચરણના માર્ગે સંચાલિત કરી શકાશે નહીં.
વિવેકથી વાળેલા મનના વિચારને સ્થાયી રૂપ
આપવા માટે શ્રદ્ધા અને પ્રેમની ખાસ જરૂર છે.
સુંદર ચરિત્ર ઘડવા માટે મનુષ્યના મનમાં
ઉચ્ચ આદર્શો પ્રત્યે શ્રદ્ધાસ્પદ સ્થાયીભાવ અને
તેના અન્ય ભાવો તે શ્રદ્ધાસ્પદ સ્થાયીભાવ દ્વારા
અવશ્યમેવ રીતે નિયંત્રિત હોવા જ જોઇએ.

## વિશ્વની રચનામાં રાખીએ અપાર શ્રદ્ધા.

આ વિશ્વ સર્વોચ્ચ શિલ્પીની કલાકૃતિ છે.
એ શિલ્પી તે જ પ્રકૃતિની મહાસત્તા છે.
કોઈ એક વધુ ઉચ્ચ સત્તા છે, તેમાં શ્રદ્ધા ધરાવવાની છે.
ફક્ત વિચારો : જેણે નારિયેળમાં મિષ્ટ જળ ભરેલ છે,
કરોળિયાની જાળમાં પુનરાવર્તન પામતી
એકસરખી રચના કરેલી છે, દાડમમાં દાણા મૂક્યા છે,
આગિયામાં શીતળ પ્રકાશ મૂક્યો છે, અસંખ્ય છીપો અને
શંખલાઓમાં વિવિધ રંગો અને આકૃતિઓ રચેલ છે,
અદ્ભુત કારીગરીવાળા વિવિધ પુષ્પોમાં
વિવિધ રંગ, સુગંધ અને સુંદર આકૃતિઓ છે,
વિધવિધ ઋતુઓના ફળોમાં વિવિધ સ્વાદ રાખેલ છે
અને વિશાળ અવકાશમાં આકાશગંગા - દ્વીપ જેવા
પદાર્થો વિશ્વને ક્રમબદ્ધ ઉત્પન્ન કરાવે છે તથા
જેના ઉપર સમગ્ર વિશ્વતંત્ર ચાલે છે, એ
પ્રકૃતિના શાશ્વત નિયમોને શરણે આપણે જવું જોઈએ.

આ જાતિની શ્રદ્ધા એ જીવનનો પ્રાણ છે કે...

'વિશ્વની પાછળ અંધાધુંધી નહિ, અવિચળ નિયમ છે,
જીવોની પાછળ નિરાધારતા નહિ, યોગક્ષેમકર તત્ત્વો છે.
પરસ્પર વિદ્વેષની પાછળ અરાજકતા નહિ, કિન્તુ
ધર્મનું મહાસામ્રાજ્ય ઉત્તમ જીવોનું સદા રક્ષક છે.'

વિચાર કરતાં સમજ લાગશે છે કે – કુદરતના અફર નિયમાનુસાર કોઈપણ પ્રસંગ ન નિવારી શકાય, એવી એક શક્તિ આ વિશ્વમાં નિયમબદ્ધપણે કામ કરી રહી છે. આ વિશ્વશક્તિ વિશ્વવ્યાપી છે, જે અગાધ શક્તિએ આ બધું નિર્માણ કર્યું છે, તે અનુલ્લંઘનીય નિયમોને આધીન છે. આ દૈવી શક્તિમાં જેમણે શ્રદ્ધા અનુભવી અને તે શક્તિ સાથે જેમણે અનુસંધાન પ્રાપ્ત કર્યું છે, તેમને અનુસરવું, તે જ એક શાંતિ મેળવવાનો માર્ગ છે.

સારી ચાલનો અભ્યાસ કરતાં રહેશો,
તો ક્યારેક શ્રદ્ધાનો સ્પર્શ અની ભેટે થઈ જશે,
કુદરતને લગાવાને આપણો સ્વીકાર કર્યો છે.

## વિરાટ વિશ્વની ભવ્ય યોજનામાં આપણે નાના ચક્ર.

વિરાટ વિશ્વની ભવ્ય યોજનામાં એક નાનકડું મજાનું ચક્ર બનવામાં અને તેમાં પોતાના પૂરતો જ પાઠ સફળતાથી ભજવવામાં સાચી નમ્રતા અને સમર્પણભાવ પોષાય છે અને તે જ સુખનું કારણ બને છે.

'પ્રત્યેક પરિસ્થિતિ, પદાર્થ અને પાત્ર - આપણે જે પાઠ ભજવવાનો છે, તેમાં ઉપયોગી - કલ્યાણકારી - સહાયક છે' આવી મંગળ શ્રદ્ધા જેનામાં પ્રબળ છે, તેને કદાપિ દુઃખ સતાવતું નથી, ભય રહેતો નથી, દારિદ્ર્ય વળગતું નથી, તેને ઘેર કલ્પતરૂ છે, તેના વાડામાં કામધેનુ છે અને તેના મસ્તકના મુકુટમાં ચિંતામણિરત્ન ઝળકી રહેલ છે.

## શ્રદ્ધા શું ન કરી શકે?

શ્રદ્ધાગુણ કસોટીમાં પણ સ્થિર રખાવે છે.

શ્રદ્ધા એ અનુભવ અને પરિકલ્પના વચ્ચેનો પુલ છે. શ્રદ્ધા વડે પરિકલ્પનાને સાકાર કરી શકાય છે. અશુદ્ધ કે અવિશુદ્ધ પણ શ્રદ્ધાપૂર્વકનું કર્મ અવશ્ય ફળે છે.

## સમ્યક્ત્વના પાંચ લક્ષણો

**આસ્તિક્ય** = શ્રદ્ધાગુણનો વિકાસ.

**અનુકંપા** = દયાનો વિકાસ. **નિર્વેદ** = વૈરાગ્યનો વિકાસ.
**સંવેગ** = ભક્તિનો વિકાસ. **ઉપશમ** = ક્ષમાનો વિકાસ.
એ રીતે શ્રદ્ધા, દયા, વૈરાગ્ય, ભક્તિ અને ક્ષમા - એ પાંચ મળીને પણ સમ્યક્ત્વને ઓળખાવે છે. ઇતરો તેને 'ષટ્સંપત્તિ' પણ કહે છે. ષટ્સંપત્તિ એટલે શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન.

## ધ્યાનમાં શ્રદ્ધાનું પરમ સ્થાન

ધ્યાનસાધના દરમ્યાન શ્રદ્ધા એ તો અતૂટ દીપક છે. સાધકે સાધનામાં અતૂટ વિશ્વાસ રાખવો જોઇએ કે:
'ધર્મચક્રવર્તીના પાદપદ્મમાં મને સ્થાન મળ્યું, પછી મારી આત્માની દરિદ્રતા ક્ષણભર પણ ટકે નહીં'.
ધર્મની પ્રત્યેક ક્રિયા અતૂટ શ્રદ્ધાપૂર્વક થવી જોઇએ, જેમ કે દેવદર્શન, ગુરુવંદન, શાસ્ત્રનું શ્રવણ - મનન, નિદિધ્યાસન વગેરે જીવંત શ્રદ્ધાથી થવાં જોઇએ.

સં.2033, મહા સુદી ૨, ગુરુવાર, સૂર્યોદય સમય

20-1-77, Lunava

## શ્રદ્ધા એ દિવ્ય શક્તિનું વાહન છે.

શ્રદ્ધાથી સંકલ્પનું બળ વધે છે, દેવતા પ્રસન્ન થાય છે.
જેમ આરોગ્યનું વાહન રક્ત - શબ્દનું વાહન આકાશ,
તેમ સર્વ દેવતાનું વાહન શ્રદ્ધા છે.

તીવ્ર શ્રદ્ધાથી કરેલ સત્કર્મ નિયમા ફળે જ છે.
સંકલ્પાત્મક સૂક્ષ્મ શરીરને ધક્કો મારવા માટે પણ
શ્રદ્ધા એ વાહન છે અને શ્રદ્ધાનું વાહન વિધિ છે.
'यद् विद्यया करोति तदेव वीर्यवत्तरं भवति ।'
શ્રુતિ: જે જ્ઞાન વડે કરે, તે જ શક્તિશાળી થાય છે.
જે જાતની શ્રદ્ધા, તે જાતની વિધિ યા ક્રિયા અને
જે જાતની ક્રિયા, તે જાતનો આચાર.

વિધિ અને વિશ્વાસ વડે શ્રદ્ધા ફળવાન છે.
શ્રદ્ધા વડે પ્રભુનું સાંનિધ્ય અનુભવાય છે. પ્રભુનું
નામ - રૂપ પ્રભુના વિરહમાં પ્રભુતુલ્ય કાર્ય કરે છે.

## હિપ્નોટીઝમ (સંમોહન) અને મેસ્મેરીઝમ (વશીકરણ વિદ્યા)

બસ્સો વર્ષ પહેલાં Viennaના Dr. Mesmer રૂ
એક ધર્મગુરૂને અદ્દલ જ રોગનિવારણ કરતાં જોયાં.
ડૉ. મેસ્મેરે તે ઉપરથી auto-suggestionની દષ્ટ
અને મન ઉપરની અસરોનો ઊંડો અભ્યાસ કરીને
કેટલાક નિયમો નક્કી કરી મેસ્મેરીઝમનું વિજ્ઞાન રચ્યું.

આશરે સો વર્ષ પછી Dr. James Braidએ
નિદ્રા માટેના ગ્રીક શબ્દ Hypnos ઉપરથી
Hypnotism શબ્દની રચના માન્ચેસ્ટરમાં કરી.
સંસ્કૃતમાં તેને વશીકરણ વિદ્યા કે મૂર્છના શાસ્ત્ર કહેવાય.

કોઈ વ્યક્તિ ઉપર hypnotism થાય,
ત્યારે તે જાગ્રત પણ નહિ અને નિદ્રિત પણ નહિ.
તેનું બાહ્ય મન (conscious mind) નિદ્રિત છે તથા
તેનું આંતરમન (sub-conscious) જાગ્રત છે.
વ્યક્તિની આવી અવસ્થાને મૂર્છના (Trance) કહે છે.

શંકાને દૂર કરવા ઉપર તે ભાર મૂકે છે.

શ્રદ્ધા એ એક એવું medium છે કે જે દ્વારા
સૂક્ષ્મ વિચારની મહાશક્તિઓ પ્રગટ પામી શકે.
મહાપુરુષોના જીવન પ્રસંગોના જીવંત ચમત્કાર
આ સમ્યગ્ શ્રદ્ધા - આત્મશ્રદ્ધા તથા સ્વત્વની
શક્તિના જાગૃત ભાનમાંથી જ પ્રગટ્યાં હતાં.
આંતરસામર્થ્યને ઉપયોગમાં લેવાને માટે
શંકા દૂર કરવા સાથે સમ્યક્ શ્રદ્ધા પ્રગટાવવી જોઈએ.
'अश्रद्दधानः पापात्मा नास्तिकोऽच्छिन्नसंशयः।
हेतुनिष्ठश्च पञ्चैते न पूजाफलभागिनः ॥' અર્થાત્:
અશ્રદ્ધાળુ, પાપી, નાસ્તિક, શંકાશીલ તથા કારણ ઉપર
આધાર રાખનારો - આ ૫ પૂજાના ભાગી થતાં નથી.
અહંની નિવૃત્તિ કરવા અર્થે વિચારવું કે...
'કાર્ય કરાવનારો આંતર આત્મા છે, એના હાથમાં
આપણે માત્ર કાષ્ઠની પુતળી સમાન જ છીએ.'
તેથી શ્રદ્ધા દૃઢ કરવા માટે દરેક બાહ્ય ક્રિયાઓની
પાછળ રહેલું એક આંતરચૈતન્યનું અધિષ્ઠાન રાખવું!

## શ્રદ્ધાવાન અને જિતેન્દ્રિય કોણ?

જિનેશ્વર ભગવાન પ્રત્યે બાંધ્યું છે ભક્તિ જેણે, તે.

તીર્થંકરપદની પ્રાપ્તિનો ક્રમ આ રહ્યો:

(૧) બાહ્યભક્તિ (૨) સુસ્પષ્ટ વર્ણોચ્ચાર

(૩) શ્રદ્ધા તથા મનની પવિત્રતા (૪) પાંચે ઇંદ્રિયો અને દેહની પવિત્રતા (૫) ભવભયહર મંત્રનો જાપ

(૬) શ્વેત - સુગંધી ભાવ પુષ્પ વડે પૂજા

(૭) જિનેશ્વર ભગવંત અને સંઘની પૂજા તથા

(૮) જિનેશ્વર પદની પ્રાપ્તિ - એ ક્રમ છે.

૨૦ સ્થાનકો ઉપર પણ અનન્ય શ્રદ્ધા રાખવી.

શ્રદ્ધાળુ આત્મા જે કાંઈ ક્રિયા કરે છે, તે બીજાને હલકા પાડવા કે પોતાનો ઉત્કર્ષ સાધવા હોતી નથી.

શુદ્ધ વિચારકબુદ્ધિ અને અવલોકનશક્તિ - એ શ્રદ્ધા રૂપી અમૃતને પેદા કરે છે.

માનવદેહ તથા શ્રેષ્ઠ સાધનો હોવાં છતાં આપણામાં શ્રદ્ધાનો અભાવ હોવો, આથી વિશેષ દુઃખદ બીજું શું?

## ભવોભવનો અંત કોને કરવો છે?

'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?'
આ વાતનો વિચાર જેને અંતરથી જાગ્યો છે,
તેને ભવનો અંત કેમ ન થાય?

અનંત કાળની અશાંતિ તથા પરાધીનતાની જેને કાળજે વેદના લાગી છે, તેને પોતાના આત્માની દયા આવી છે અને પોતામાં પાત્રતા લાવી પોતાના શુદ્ધ સ્વરૂપ સન્મુખ પોતાને કરે જ છે.

જેને પરાશ્રય ઉપર શ્રદ્ધા છે, તેને સ્વશ્રદ્ધા જ નથી. પરાશ્રયનો નિષેધ કરે, તો જ સ્વતંત્રતાનું જોર પ્રગટે.

## સાચી શ્રદ્ધા કેવી રીતે ઓળખાય?

એક મ્યાનમાં બે તલવાર ન રહે, તેમ સ્વરૂપની શ્રદ્ધા રહે અને પુણ્યની રુચિ પણ રહે, એમ બને નહીં. પુણ્યની જેટલા અંશે રુચિ, તેટલા અંશે સ્વરૂપના સ્વભાવની અને સામર્થ્યની અશ્રદ્ધા. સાચી શ્રદ્ધા થયાં પછી શું કરવું, તેનો સંદેહ ન રહે.

દર્શન પ્રત્યે સંઘાતી દૃઢ શ્રદ્ધા પહેલું દર્શન જ છે.
શ્રદ્ધા અને વિવેકનું મિલન દર્શન તરફનો માર્ગ છે.
અહીં કાળ અને અહીં લોકમાં એક આત્માની જ શ્રદ્ધા
જ્યારે સ્થિર થાય, ત્યારે અંદરથી નિર્વિકલ્પતા અને
બહારથી પરમ અહિંસા સધાય છે.

એ બન્ને દૃષ્ટિ પૂર્ણ અહિંસામાં પરિણામ પામીને
પોતાની સાર્થકતા અનુભવે છે.

સ્વપર કે આત્મશ્રદ્ધાન હોય, ત્યાં સાતે તત્ત્વોનું અને
સાતે તત્ત્વોનું શ્રદ્ધાન હોય, ત્યાં સ્વપર કે આત્મ-
શ્રદ્ધાન સાચું હોય. પરસ્પર અવિનાભાવ સંબંધ છે.

આત્મશ્રદ્ધા એટલે...

અભિમાનને લીધે સ્વમાં સર્વસ્વ જોવાની વૃત્તિ નહીં.
આત્મશ્રદ્ધા તો એકલા ઊભા રહેવાની શક્તિ છે, તેથી
ભારસ્વરૂપ થવાને બદલે વૃક્ષરૂપ થવો.
બાળકો કરતાં ચઢીયાતાં થવાને બદલે પોતાના કરતાં
વધારે ઉત્તમ થવાનો પ્રયત્ન કરવાથી આત્મશ્રદ્ધા ખીલે છે.

## અશરણાનુપ્રેક્ષા એટલે અચલ શ્રદ્ધા કે...

સમ્યક્ત્વ સહિત જૈન ધર્મ એ

જન્મ - જરા - મરણનાં દુઃખ નિવારવા સમર્થ છે,

બાકી કોઈ જ શરણ સમર્થ નથી.

દુઃખનો કલ્પિત ભય જો આવા દુઃખનું કારણ થાય, તો

સુખની અકલ્પિત શ્રદ્ધા આવા સુખનું કારણ કેમ ન બને?

દુઃખનું સાચું કારણ બાહ્ય કોઈ વસ્તુનો અભાવ નથી,

અંતરમાં ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાના અભાવમાં રહેલું છે.

ઈશ્વરમાં અનન્ય શ્રદ્ધા છે, તેનાં દર્દો, દુઃખો અને

આપત્તિઓ એ પોતે આંખના પલકારામાં દૂર કરે છે.

વિજ્ઞાન અંધશ્રદ્ધાથી પર છે.

અનુભૂતિ અને પ્રાયોગિક સિદ્ધિને જ તે સ્વીકારે છે.

વિજ્ઞાન શંકાના માર્ગે આગળ વધે છે, જ્યારે

ધર્મ શ્રદ્ધાના માર્ગે આગળ વધે છે.

શ્રદ્ધા જ્યારે સંશય વિનાની બને છે,

ત્યારે જ તે અવિચલ સ્વાધીન તથા પૂર્ણ શુદ્ધ બને છે.

શબ્દ ઈશ્વરની શ્રદ્ધાને જોવા,

એ બહુ મોટી શક્તિને જોવા બરાબર છે.

જ્યાં સાક્ષાત્કૃતિ હોય, ત્યાં જેવી રીતે વિશ્વાસ બેસે,

એવી શબ્દશક્તિમાં પણ જો વિશ્વાસ અને શ્રદ્ધા હોય,

તો ઘણા સાક્ષાત્કારો થઈ જાય.

શ્રદ્ધા વિનાના શબ્દ નિશ્ચિત જ નિષ્ફળ છે.

આત્મસાક્ષાત્કાર - વિશ્વસાક્ષાત્કારથી આત્મવિશ્વાસ આવે.

'સૌમાં શ્રેષ્ઠ માનવ આત્મા છે અને

તે આત્માની કિંમત અસીમ જ છે.'

એ પાયાની શ્રદ્ધા છે તથા એનું જ નામ 'વેદાંત' છે.

માનવ આત્માની પવિત્રતાનું માપ

આપણે ઓછું - વધતું ન કરી શકીએ.

જો મનનું જોડાવું અટલ થવું જ ચિંતન - મનન કરવું

અને તેના જ સંકલ્પ - વિકલ્પ કરવા.

શ્રદ્ધાની જરૂર ત્યાં છે, જ્યાં ભગવાન અપ્રકટ છે.

જરૂર છે ભગવાન સાથે નાતો જોડવાની.

ભયમાં જ અજ્ઞાન અને અશ્રદ્ધા છે.

નમસ્કાર જાપ વડે બાહ્યમાં અને આભ્યંતરમાં રહેલા
દુશ્મનો અને ભયમાં દૂર ચાલ્યાં જાય છે.
નમસ્કારથી આત્મઅજ્ઞાન તો ટળે જ અને
તે ઉપરાંત પરમ તત્ત્વનું જ્ઞાન પણ થાય છે.
નમસ્કારથી જિનેંદ્રની અશ્રદ્ધા ટળે અને શ્રદ્ધા જાગે છે.

શુભ ભાવમાં ક્યા ત્રણ હોય નહિ ?

શુભ ભાવમાં અશ્રદ્ધા, અજ્ઞાન, અનાચાર હોય નહિ.
અવિશ્વાસ રાખવા કરતાં ઠગાવું સારું છે.
અશ્રદ્ધા - અવિશ્વાસ જ ખોટામાં ખોટું ઠગાવાનું છે.
શુદ્ધ હૃદયી શ્રદ્ધાળુ હંમેશા આધારની નિશ્રામાં જ છે,
તેને અશ્રદ્ધાળુઓના ઘોંઘાટની ચિંતા જ ન હોય !

Faith is power.

In the presence & power of God, faith gives us Peace of mind, strength of body and abundance for every need.

## આસ્તિક કોણ છે?

જે મહાપુરુષ પોતે છે, તે કરતાં વધારે ઉન્નત સ્થિતિ અસ્તિત્વમાં છે, એમ માને અને તેને મેળવવા માટે પ્રયત્ન કરવો જોઈએ, એમ જે કહે, તે આસ્તિક છે.

## નાસ્તિક વ્યક્તિ જલ્દી ભાંગી પડે છે.

આસ્તિક વ્યક્તિને આત્મશક્તિનો અધિકાર મળી રહે છે, જેથી તે દુ:ખમાં પણ સુખની અનુભૂતિ કરી શકે છે, દુ:ખોને પૂર્વ ભવના પાપનું ફળ માની સહન કરે છે, તે સત્કર્મો દ્વારા પુણ્યકર્મનું ઉપાર્જન કરે છે, શ્રદ્ધા વધારવા માટે તપ, જપ, સ્વાધ્યાય, ધાર્મિક ક્રિયાઓમાં નિમગ્ન રહી અનેકાંત દૃષ્ટિએ વિચારની શક્તિ કેળવે છે.

પરવશ એટલે અજ્ઞાન, અશ્રદ્ધા, અનાચરણને વશ.

વિકૃત શ્રદ્ધા તે રાગ છે અને અવિકૃત રાગ તે શ્રદ્ધા છે.

o

Faith = an assurance of things hoped for.

Fear is negative and faith is positive.

સત્યના નિર્ણય માટે શ્રુતિ, યુક્તિ, અનુભૂતિ માપદંડ છે.

માત્ર શ્રુતિ ઉપર આધાર રાખવાથી મનુષ્ય
ઘણીવાર અંધશ્રદ્ધાળુ અને અજ્ઞાની બની જાય છે.
માત્ર તર્ક ઉપર આધાર રાખનારો મનુષ્ય કશા નિર્ણય
પર આવી શકતો નથી અને સંશયવાદી બની જાય છે.
જે વસ્તુ શ્રુતિ, યુક્તિ અને અનુભૂતિ - એમ ત્રણેથી
સિદ્ધ હોય, તેમાં શ્રદ્ધા ન મૂકવી, તે અંધઅશ્રદ્ધા છે.

અશ્રદ્ધાથી બોલાયેલું અથવા તો
યાદ કરાયેલું નામ પણ જો ઘણું ફળ આપે છે,
તો ભાવને શ્રદ્ધાપૂર્વક યાદ કરનારને શું ન આપે?
અહીં 'શ્રદ્ધા વિના નામ બોલવાથી ફળ મળે છે,
તો શ્રદ્ધા રાખવાની જરૂર શી?' એ કુતર્ક ગણાય.

## જઘન્ય - અપાત્ર ચરિત્ર કેવા જીવો ?

ભક્તિ, વૈરાગ્ય, અનુકંપા, શ્રદ્ધા, સમભાવ અને
આત્માના અનુભવરહિત શુષ્ક નામસ્મરણીઓ,
નામજૈન અને સર્વ મિથ્યાદૃષ્ટિ જીવો.

'અંધશ્રદ્ધા' એટલે અંધકાર વિરુદ્ધ દર્શન.

ઈશ્વર કે શાસ્ત્ર ઉપર શ્રદ્ધા હોય,
તે અંધશ્રદ્ધા નહિ પણ કોઈ વ્યક્તિ ઉપર
સૂક્ષ્મ વિચાર વિના શ્રદ્ધા રાખવી, તે અંધશ્રદ્ધા છે.

દૃષ્ટિસંમોહ = શ્રદ્ધામાં મૂંઝવનાર.

'જગો (જગત) જૂઠું છે' એ શ્રદ્ધાથી ચારિત્રશુદ્ધિ થાય.

આત્માનું હિત અને અહિત શેમાં ?

અશ્રદ્ધા, વિપરીત શ્રદ્ધા, અસંયમ, પ્રમાદ, કષાયાદિને
'અહિત' કહેવાય છે તથા સમ્યક્ શ્રદ્ધા, સંયમ, અપ્રમાદ,
અકષાય અને શુભયોગ - એ સૌ 'હિત' કહેવાય છે.

અજ્ઞાની અને અશ્રદ્ધાળુ માનવીને
ક્યારેય કોઈ મહાન વસ્તુની પ્રાપ્તિ થતી નહિ.

પોતાના સ્વાર્થ કે હિત નિમિત્તે અથવા
અજ્ઞાન કે અંધશ્રદ્ધાને કારણે નિર્દોષ જીવને લેશ
પણ દુઃખ ન પહોંચાડવું એટલે પછી એનો વધ થાય,
એવા પ્રવૃત્તિને તો અવકાશ જ ક્યાંથી રહે?

અંધશ્રદ્ધા એ વ્યક્તિપૂજા કે વાદપૂજામાંથી જન્મે છે.

સાચી શ્રદ્ધા સક્રિયતામાંથી જન્મે છે અને

એમાં અનુભૂતિનો રણકો અવશ્યપણે હોય છે કારણ

શ્રદ્ધામાં અનુભૂતિનો રણકો છે અને

અનુભૂતિ એ આંતરિક સક્રિયતા વિના સંભવતી નથી.

સત્યની હોય તેટલી વધુ કિંમત આપી અંધશ્રદ્ધા ન ખીલવવી

અને ઓછી આપી અશ્રદ્ધા - નાસ્તિકતા ન દાખવવી.

અસીમ શ્રદ્ધાને નાસ્તિકો 'આંધળી શ્રદ્ધા' કહે, કિન્તુ

એ અવગુણ નથી જો તે ઈશ્વર કે સદ્ગુણવિષયક હોય.

પ્રેરણા કે વિવેકબળથી શ્રદ્ધાના કેન્દ્રને પસંદ કર્યા પછી

તેમાં શંકા - આશંકાને પ્રવેશ કરવા દેવો, તે અવગુણ છે.

રાઈના દાણા જેટલી જ અસીમ શ્રદ્ધા પર્વતને ખસેડે છે.

બાઈબલ પણ કહે છે કે:

શ્રદ્ધા તો નદી ઉપર ઉગેલા વૃક્ષને ય ઉખેડી શકે છે.

શ્રદ્ધાના બળે સમુદ્રોલંઘન પણ થઈ શકે છે તથા

શ્રદ્ધાના બળે સાદું પાણી પણ ઔષધ બની શકે છે.

## અશ્રદ્ધા, નિરાશા અને નાસ્તિકતા ટાળવા

ઈશ્વરને રોજ યથાશક્તિ પ્રાર્થના કરતાં રહેવું જોઈએ.

વર્તમાન કાળે સર્વધર્મ-સમભાવને સ્થાને સર્વધર્મ-અભાવ જેવી સ્થિતિ પ્રવર્તે છે. જીવનમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો પ્રત્યેની અશ્રદ્ધા ચિંતાકારક છે અને તેથી જીવનનૌકા સુકાનરહિત અથડાય છે. સ્વધર્મ પ્રત્યે શ્રદ્ધા ન હોય, તેને સર્વધર્મ-સમભાવ પણ ન હોય. સ્વધર્મને પોતાના જીવનમાં ઉતારી શકે, તે જ અન્ય ધર્મો પ્રત્યે આદર કેળવી શકે.

અશ્રદ્ધા ભવસાગરમાં ડૂબાડે, તેથી મૃત્યુસ્વરૂપ છે, જ્યારે શ્રદ્ધા ભવસાગરથી તારે, તેથી અમૃતસ્વરૂપ છે.

શાસ્ત્રોનો સાર છે...

હેયનું ત્યાગ અને ઉપાદેયનું આદાન.

એક આગમના આદરથી સર્વ જિનેશ્વરોનો આદર અને એના અનાદરથી તેને કહેનાર સર્વ તીર્થંકર-ગણધરોનો અનાદર, અબહુમાન, અવિશ્વાસ અને અશ્રદ્ધા થાય છે.

અશ્રદ્ધા અને અંધશ્રદ્ધા એ ઝેર છે.

ગમે ત્યાં વગર જોયે કૂદી પડવાની બાળકબુદ્ધિ અંધ-શ્રદ્ધા છે, એ પણ ઝેર છે. કેવળ ટીકાઓ જ કરવાની મનુષ્યત્વહીન લાગણીઓ એ અશ્રદ્ધા પણ વિષ જ છે.

વિચારવાન જીવોએ અંધશ્રદ્ધા છોડવી. કોઈ કહે માટે માની લેવું, એ અંધશ્રદ્ધા, અવિવેક અને અજ્ઞાન છે.

શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે
પ્રકાશ અને અંધકાર જેટલો મોટો ફેર છે.

વૈજ્ઞાનિકો કોલસા-હીરાને એક જ પદાર્થ માને છે,
છતાં બે વચ્ચે કેટલું બધું વૈષમ્ય છે જ ને?

અંધ અશ્રદ્ધા કરતાં અંધશ્રદ્ધા સારી છે,
જેમ અભવ્ય કરતાં મિથ્યાદૃષ્ટિ વ્યક્તિ ઊંચી છે.

અંધશ્રદ્ધાને આઘાત કરીને અશ્રદ્ધાને
ઉત્તેજન આપવાનો પ્રયાસ કોઈપણ રીતે હિતકારક નથી.
અશ્રદ્ધા કરતાં અંધશ્રદ્ધા એટલે અનંતગણી સારી છે,
કે તે અશ્રદ્ધા દેવ, ગુરુ અને ધર્મતત્ત્વ ઉપર છે.

'विभाएण सद्दहंतो छक्काए भावओ न सद्दहइ ।
हंदी अपज्जवेसु वि सद्दहणा होइ अविभत्ता' ॥२८॥

ભાવાર્થ: છ કાયોને વિભાગથી શ્રદ્ધતો પુરુષ
ભાવથી શ્રદ્ધા નહિ જ કરતો, કારણ કે
વિભાગો - પર્યાયોમાં પણ અવિભક્ત શ્રદ્ધા હોય છે.

o

Faith is the ability to see God.
It is a real trust in timing of Lord.
Faith in the omnipresent pure
substance precipitates the substance
in the body & we are transformed.
Faith is the vision of the Soul,
that power by which spiritual things
are apprehended just as the
material things are apprehended
by the physical senses.

## દર્શન - જ્ઞાન - ચારિત્રપદ શા માટે મૂક્યા ?

નવકાર મહામંત્રના પ્રથમ પાંચ પદોની મંગળમયતા,
આરાધ્યતમતા અને પરમોપકારિતા સમજ્યા, ઇચ્છે કોણ ?
જેના હૈયામાં શ્રદ્ધાનો પ્રદીપ પ્રજ્વલતો હોય તે જ.
તેથી દર્શનપદ મૂક્યું.

શ્રદ્ધા આવ્યા બાદ પણ સમજણમાં ન ઉતરે તો?
માટે જ્ઞાનપદ મૂક્યું.

શ્રદ્ધા - સમજણ આવ્યા બાદ છતાં આચરણમાં કશું જ
ન આવે તો? આચરણમાં મૂકાવનાર ચારિત્રપદ છે.
જીવનનું ઉત્થાન આચરણથી છે તથા
ચારિત્રને ઝળહળતું રખાવનાર છેલ્લું તપપદ છે.

આપણું જૈનશાસન શ્રદ્ધા અને આચરણમાં છે,
કોરા શાસ્ત્રજ્ઞાનમાં નહીં.

શ્રદ્ધાથી સત્યની નજીક જવાય, જ્ઞાનથી સત્યની પકડ
થાય છે, ચારિત્રથી સત્યનું આચરણ થાય છે તથા
તપરૂપી ક્રિયાનુષ્ઠાનથી સત્યની સાથે એકતા સધાય છે.

Imp

સાધનાના મુખ્ય બે પ્રકાર ગણાવતા શબ્દ:

એક તો 'એકે એક વસ્તુ પરિવર્તનશીલ છે'
એમ સમજી ગયો છે, તે જ્ઞાનીની સાધના અને
બીજી સાધના આ વિશ્વની પાછળ જે પરમ શક્તિ છે,
તેમાં અચળ શ્રદ્ધા રાખનાર ભક્તની સાધના !
પહેલો અર્થાત્ જ્ઞાન માટેની સાધના તે ત્યાગ અને
બીજો અર્થાત્ ભક્તિ માટેની સાધના એટલે શરણાગતિ.
બન્નેનું ધ્યેય તો એક જ હોય છે.
ફક્ત ફેર એટલો કે પહેલાં પ્રકારમાં શ્રદ્ધાની પહેલાં
જ્ઞાન અને બીજામાં જ્ઞાનની પહેલાં શ્રદ્ધા હોય છે.
ધર્મશાસ્ત્રો ઉપરની શ્રદ્ધા મોક્ષપર્યંત લઈ જઈ શકે.
ત્યાગ ટકાવવા વૈરાગ્ય, વૈરાગ્ય માટે ભક્તિ,
ભક્તિ માટે શ્રદ્ધા, શ્રદ્ધા માટે વસ્તુસ્વભાવનું ચિંતન,
એ ચિંતન માટે સદ્ગુરુ તર્ક અને
સદ્ગુરુ તર્ક માટે આપ્તવચન અને ધર્મશાસ્ત્રો જોઈએ.
Faith may touch a hope unaware.

જૈનશાસન એક માત્ર તારણહાર છે.

વિજ્ઞાનવાદ ધર્મશ્રદ્ધાનો ઘાતક છે અને
યંત્રવાદ ધર્મના આચરણનો ઘાતક છે.
યાંત્રિક વિજ્ઞાને માનવના ચારિત્રનો ઘાત કર્યો છે,
આધુનિક શિક્ષણે શ્રદ્ધાના પાયા ઢચમચાવી નાંખ્યા છે.
શ્રદ્ધા અને ચારિત્રહીન બનેલા આજના
માનવીનું જીવન જાણે કે નારકીનું જીવન બન્યું છે.
તેને પલટવા ધર્મ એ જ એક તરણ - તારણહાર છે.

શ્રાદ્ધ = શ્રદ્ધાપૂર્વક કરેલું સ્મરણ.

શ્રદ્ધાને સ્વરૂપ કરવા માટે પુરુષાર્થ જોઈએ.
શ્રદ્ધા એ પુરુષતંત્ર છે અને વિશ્વાસ એ વસ્તુતંત્ર છે.
શ્રદ્ધા એ ઇચ્છા યા રુચિ છે, તો પુરુષકાર એ પ્રયત્ન છે.
શ્રદ્ધા તત્ત્વકથિત ઉપર રાખવી, જ્ઞાન તત્ત્વકથિતનું ગ્રહવું
અને વર્તન તત્ત્વાનુસારી કરવું.
શ્રદ્ધા એ પ્રેરણા છે અને વર્તન એ આત્મા છે.
જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા ક્રોધાદિ કષાયોનો ધ્વંસ કરે છે.

## શ્રદ્ધા દર્શાવે મુક્તિનો માર્ગ.

'જૈનશાસનમાં ઉપયોગને સુધારનાર સદ્‌આલંબન છે'
એવી શ્રદ્ધા જિનદેવનું મૂળ અને નમસ્કાર લાભ છે.
મુક્તિએ પહોંચવા માટે કેટલાંયે જન્મો જોઈએ પણ
આરાધનાના પ્રથમ પગથિયે ચઢવા માટે તો
આ જન્મમાં જ પ્રયાસ શરૂ કરવો જોઈએ.
સૌ પ્રથમ તો કેવળજ્ઞાન વિષયક શ્રદ્ધા થવી જોઈએ,
તે વિના સત્ય મોક્ષમાર્ગ કોણ બતાવે?
જૈન એટલે જીતનાર. ઉભા અને વિકલ્પ અવસ્થાને
અખંડ દ્રવ્યના આશ્રયે જીતે, તે જૈન.
અખંડ દ્રવ્યની શ્રદ્ધા વગર જૈનપણું હોય નહીં.
પરવસ્તુ સંસાર નહિ, આત્માનો વિકલ્પ સંસાર છે.
'રાગાદિ મારા' એવી ઊંધી શ્રદ્ધા તે સંસાર છે.
જૈનશાસન કહે છે તેમ : 'અવસ્થામાં વિકલ્પ છે'
એ રીતે જાણવું, તે દોષ નહિ, પરંતુ
'વિકલ્પ મારું સ્વરૂપ છે' એમ માનવું, તે દોષ છે.

ભૂતકાળ મુખ્યત્વે શ્રદ્ધાપ્રધાન હતો, જ્યારે
વર્તમાનકાળ પ્રધાનતયા તર્કપ્રધાન છે.

શ્રદ્ધાનુસારી માટે શાસ્ત્રકથિત ભૂગોળ - ખગોળ આદિની
સઘળી ય વાતો કલ્યાણકર હેતુ માટે કહેલી છે.

તર્કાનુસારી આધ્યાત્મિક સત્યો તરફ વિશેષ ભૂખ રાખે.

શ્રદ્ધાનુસારી શ્રદ્ધાથી, તર્કાનુસારી તર્કથી સ્વકલ્યાણ સાધે.

તર્કાનુસારી સામે શ્રદ્ધાનુસારી વાતો રજુ કરવી,
તે શાસ્ત્ર પરિભાષામાં 'અનનુયોગ' કહેવાય છે.

ભાવનાનો પ્રાદુર્ભાવ તર્ક અને
વિચાર દ્વારા ઉત્પન્ન થતી શ્રદ્ધા ઉપર નિર્ભર છે.

તર્કથી તકરાર અને શ્રદ્ધાથી એકરાર થાય છે.

ધર્મ, આચાર, વિચાર - બંને શાંતિના અર્થીને ઉપાદેય છે.
વિચાર એ philosophy છે, આચાર Religion છે.
એકમાં તર્કની અને બીજામાં શ્રદ્ધાની પ્રધાનતા છે.
પૂર્વમીમાંસામાં કર્મ છે, તે શ્રદ્ધાપ્રધાન છે.
ઉત્તરમીમાંસામાં વિચાર છે, તેમાં તર્કની પ્રધાનતા છે.

# શ્રદ્ધાનું ફળ અપરિમિત અને અનંત છે.

દુનિયાભરના તર્ક - કુતર્ક - પ્રકુતર્કો તો
અધવચ્ચે જ પાણીમાં બેસી જાય છે અને
વ્યક્તિને ભ્રમમાં નાંખી માર્ગભ્રષ્ટ પણ કરે છે, કિન્તુ
ગમે તે પરિસ્થિતિમાં શ્રદ્ધાના કેન્દ્રને છોડવું ન જોઈએ.
બાકી બધી વાતો મૂકી શ્રદ્ધાના કેન્દ્રને લક્ષ્યમાં રાખજો.
તે નિરર્થક વિસંવાદી જુગારખાના છે.
એમાં આસ્તિક વિચારણા અને શ્રદ્ધાપૂર્ણ આરાધના
સફળ જીવનની ઉત્ક્રાંતિમાં ઉપયોગી છે. પ્રેમ = સંબુદ્ધિ.
સંબુદ્ધિ કે પ્રેમ એ મન અને બુદ્ધિ પરની સત્તા છે.
શ્રદ્ધા અને ભક્તિનું મૂળ સંબુદ્ધિ છે.
જેવું પ્રેમનું સત્ય, તેવી શ્રદ્ધા. જેવી શ્રદ્ધા, તેવું ફળ.
જેવું Being - તેવી Belief.
જેવી Belief - તેવું Behaviour.
'સત્ત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ।'
સમતાપૂર્વકની શ્રદ્ધા એ ઉત્તમ જીવનો પરિચય છે.

## સમતાની ૧૬ સરવાણી

(૧) સમતારૂપી અમૃતમાં સ્નાન કરવાથી વિષયની તૃષા, કષાયનો તાપ તથા ઔદ્ધત્યનો મલ નાશ પામે છે.

સમતા એક સુખદાયી છે,

તેમ કામ, ક્રોધ અને ઔદ્ધત્યનો નાશ કરનારી પણ છે.

ત્રીજી નહીં પણ જ્ઞાનની આંખે જોવું, એનું નામ સમતા.

તે સમતાભાવ કેળવવામાં અત્યંત ઉપકારક છે.

જેને બે આંખ છે, તેને ત્રીજી આંખે જોવું કઠણ લાગે.

જેને સમતારૂપી બે આંખો સરખી છે, તેને નિષ્પક્ષપાતપણે જોવું છે, તેવું જ જોવું, એ સહેલામાં સહેલી વાત છે.

શત્રુ - મિત્ર જનોને ભાલદાયક ગણવાથી સમતા થાય છે.

(૨) જરા - મરણરૂપી દાવાનળમાં સળગતાં ભવરૂપી અરણ્યમાં અમૃતના મેઘાની વૃષ્ટિ જેવી એક સમતા જ સુખનું કારણ છે.

(૩) સમતાનું જ અવલંબન લઈને ભરતાદિ નિર્વાણ પામ્યાં છે, તેમને બીજું કષ્ટ અનુષ્ઠાન કરવું પડ્યું નહિ.

(૪) સમતાને નરકદ્વારની અર્ગલા, મોક્ષમાર્ગની દીપિકા ઉપરાંત ગુણ રૂપી રત્નોની રોહણાચલભૂમિ કહી છે.

(૫) આત્મસ્વરૂપને જોવામાં અંતરાય કરનાર મોહ રૂપી આચ્છાદનને ભેદે અંજનની શલાકાની જેમ નેત્રના દોષનો નાશ કરનાર એક સમતા છે.

(૬) એક ક્ષણવાર જ ચિત્તને વશ કરી સર્વ જીવો સાથે સમત્વભાવનું સેવન કરતાં એવું સુખ થાય છે કે જે વચનો વડે જાણવાની અભાવ કહેવું અશક્ય છે.

(૭) પતિના ભોગાદિ થનારૂં સુખ જેમ કુમારી કન્યા ન સમજી શકે, તેમ યોગીઓના સમતાસુખને ભોગાભિરુ ન જાણી શકે.

(૮) શાસ્ત્રનો વ્યાપાર માત્ર દિશાસૂચન કરવા પૂરતો છે, એથી દૂર પહોંચી શકતો નથી, સમતાનો સ્વાનુભવ એ સામર્થ્ય નામનો મહાયોગ ભવથી પાર પમાડનાર થાય છે.

સમતા એ આત્માનું ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તત્ત્વ છે.
ચિત્તપ્રસાદ વડે તેને વિષે જ નિર્ભર થવું, એ કર્તવ્ય છે.

(૯) સમતાજળતરથી તૃપ્ત થયેલાંને નતિ, સ્તુતિ આદિ આશંસાથી થતી મર્મભેદક વેદનાની પીડા હોતી નથી.

આશંસા = આત્મલાભરૂપ પ્રાણો ભેદનાર મર્મવેધી વેદના.

તે વેદના નિરાશંસ લાભવાળાને ન હોય.

નિરાશંસલાભનો હેતુ આત્મસમદર્શિત્વરૂપ સમતાલાભ છે.

વ્યવહારના સ્થાને નિશ્ચયને અને નિશ્ચયના સ્થાને વ્યવહારને મુખ્ય બનાવવાથી આત્માની નિર્મળતા થતી નથી અને અંતઃકરણની મલિનતા ટળતી નથી.

<u>નતિ</u> : રાજાદિકનો નમસ્કાર.

<u>સ્તુતિ</u> : લોકો તરફથી સત્કાર-પ્રશંસા.

<u>સમતા</u> : ત્રસસ્થાવરાદિ ભેદવાળા સૌ જીવોમાં સુખ-પ્રિયત્વાદિ આત્મતુલ્ય છે, એવી પરિણતિ.

<u>વ્યવહાર</u> : પ્રવૃત્તિ - નિવૃત્તિરૂપ.

<u>શાંતિ સદ્‌ગુરુથી મળે છે, આનંદ સમત્વથી મળે છે.</u>

નવકાર એ સમતારસનો મહાસાગર, તેનું પ્રવેશદ્વાર.

શાસ્ત્રોના સારરૂપ સમતા રાગ-દ્વેષને તજવાથી મળે.

(૨૦) અન્ય લિંગાદિ સિદ્ધનો આધાર સમતાભાવ જ છે,
કેમકે ત્રણ રત્નોના આરાધનનું ફળ કોઈ હોય,
તો તે માત્ર એક સમતા જ છે અને
તે સમતાભાવ રૂપી જૈનત્વ
અન્ય લિંગ આદિ સિદ્ધોમાં અવશ્યપણે હોય છે,
તેથી સાચું ભાવજૈનપણું સમતામાં જ છે.
સમ્યગ્ દર્શન = સર્વને આત્મતુલ્ય જોવા.
સમ્યગ્ જ્ઞાન = સર્વને આત્મતુલ્ય જાણવા.
સમ્યગ્ ચારિત્ર = સર્વ સાથે આત્મતુલ્ય વર્તવું.
(૨૧) ચારિત્ર રૂપી વૃક્ષના પ્રાણ કોઈ હોય, તો
તે સર્વ જીવોને આત્મતુલ્ય લેખવારૂપી સમતાભાવ છે.
તે ચાલી ગયાં બાદ લોકોનો વંદન-નમસ્કારનો આવેશ
અથવા પરમાણુનો ઉત્સવ હોય, તેમ બની શકે છે.
(૨૨) એક સમતાભાવ છૂટી ગયાં પછી
જે કષ્ટ અનુષ્ઠાન થાય, તે વધુ ઉખરભૂમિમાં વાવેલાં
બીજની જેમ ઈચ્છિત ફળને આપનારું થતું નથી.

(૨૩) સૂર્યની પ્રભા જેમ અંધકારને ભેદી નાંખે,
તેમ કોટી જન્મોના એકત્ર કરેલાં પાપોને
સમતાભાવ એક ક્ષણવારમાં જ ભેદી નાંખે છે.

(૨૪) મોક્ષનો ઉપાય તો એક સમતાભાવ જ છે, જાણો સર્વ ક્રિયાનો સમુદાય તે તે પુરુષના સ્વભાવભેદથી તે સમતાભાવને જ સિદ્ધ કરવા માટે ઉપદેશાયેલો છે.

(૨૫) નરસ્થાનમાં અવતરનારું જ્ઞાન સમતાને છોડીને જાણતું કશું જ નહિ, તેથી તેને રાગ-દ્વેષ થતાં નહિ.

(૨૬) નયોને પોતપોતાના સ્થાનમાં સ્થાપન કરનાર જ્ઞાનનું ફળ પણ સમતા જ છે, પરંતુ તે જ્ઞાન અગ્નિ ઉશીર ચંદનની જેમ કદાગ્રહ વડે ભસ્મરૂપ થઈ જાય છે.

'નયોને પોતપોતાના સ્થાને સ્થાપવા' એટલે...
સ્યાદ્વાદ મર્યાદાથી યથાર્થ વસ્તુ-સ્વરૂપ તથા
મોક્ષના આરાધકપણાંને વિષે યોજવા - અવતારવા.
સમતાયુક્ત વક્તા જ નયોના જ્ઞાનને પોતપોતાના
સ્વરૂપમાં સ્થાપન કરવા સમર્થ થાય છે, જાણો નહીં.

## મિત્રમાં રાગ ન હોય અને
## શત્રુમાં દ્વેષ ન હોય, ત્યારે સમતા થઈ ગણાય છે.

અખંડ સુખના સાગર રૂપી સમતામાં શાશ્વત સુખ છે.

સમતા સરળ, સ્વાભાવિક અને મમતારહિત છે.

સુખ-દુઃખ તથા શત્રુ-મિત્ર ઉપર સમતાભાવ રાખો.

પારકી વસ્તુને પોતાની ન માનવાથી મમતા જાય.

જ્ઞાન, આનંદ, સુખ પોતાના છે, તેમાં મમતા કરવી.

અહિત મમતાથી પરવસ્તુમાં સમતા આવે છે.

## મમતાસહિત કરેલાં સર્વ ધર્મક્રિયાઓ
## સમતાથી મળનારા મોક્ષસુખને કેવી રીતે આપે ?

સમતા વિના દાન, તપ, જપ, નિયમનું કાંઈ ફળ નહિ.

સમતાપૂર્વક જે સમતા માટે કરાયેલાં તે ફળદાયી થાય.

મમતા સર્વ જીવોને અપકાર કરનારી છે, જ્યારે
સમતા સર્વ જીવોને સુખ આપનારી છે,
તેથી જે આત્મા સમતાને પામેલા હોય,
તેને નમવાની સર્વ મમતાધીન આત્માની ફરજ છે.

અહંતા સમતાની અને મમતા એ નમનતાની વિરોધી છે.

મમતાની તુચ્છતાનો સ્વીકાર તે નમસ્કાર છે.

સમતા એ ઉચ્ચતા-પૂજ્યતાને જણાવે, એથી અહંતા જાય.

અરિહંતના નમસ્કાર વડે સમતાનો લાભ અને મમતાનો નાશ થાય છે અને તેનો નાશ એ પાપનો પ્રણાશ છે.

સમતાનો લાભ એ સર્વ મંગળોમાં શ્રેષ્ઠ મંગળ છે, કેમકે એક સમતા વડે જ મોક્ષપ્રાપ્તિના સુખો મળે છે.

સર્વ દુ:ખોની જનની મમતા - સર્વ સુખોની જનેતા સમતા.

મમતાનો નાશ કરવા અને સમતાનો લાભ મેળવવા માટે પંચ પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવાનો છે.

તેઓને નમવાથી સદા બોધ - એવું ભાન થાય છે કે:

'સંસારમાં જે મળ્યું છે, તે ન + મમ = મારું નહિ' અને

'પરમેષ્ઠિ ભગવંતોને જે મળ્યું છે, તે મારું છે.'

સ + મમ = તે મારા છે.

પંચમંગળ રૂપ પંચ પરમેષ્ઠિ નમસ્કાર રૂપ ઔષધિ પીણાના અપકર્ષના બોધને અનુકૂળ પ્રવૃત્તિ કરાવનાર છે.

પંચમંગલનો ઉપદેશ સમ્યગ્ બુદ્ધિ પેદા કરે છે કે...

'સંસાર નથી, તેના સંબંધો એ મારાં નથી નથી,
પંચ પરમેષ્ઠિ અને તેમના ગુણસ્થાનકો એ મારાં છે.'
તેનાથી પોતાનો અપકર્ષ - મમતાનો અપકર્ષ અને
પરમેષ્ઠિઓનો ઉત્કર્ષ - સમતાનો ઉત્કર્ષ,
એવા બોધને અનુકૂળ વ્યાપાર થાય છે, જેથી મમતાની
તુચ્છતા - સમતાની ઉચ્ચતાનો બોધ સુસ્થિર થાય છે.
મમતાનો નાશ, તેની તુચ્છતાનો સ્વીકાર અને તેના
વિષયભૂત પદાર્થોની અપકારકતાનો નિર્ણય સુદૃઢ કરવા
સમતાને વરેલા પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવાનો છે.
તેથી સમતાની ઉચ્ચ, ભવ્ય, દિવ્ય, સ્વાભાવિકતા અને
સૌ જીવો ઉપરની ઉપકારકતાનો બોધ સુસ્પષ્ટ થાય છે.
જો તે રીતે ના કરવામાં આવે, તો મમતારૂપી રોગની
વૃદ્ધિ થાય અને સમતારૂપી આરોગ્ય દુર્લભ થાય.
મમતા એ રોગ છે, જેનું મૂળ અહંતા છે.
એ અહંતાનો નાશ અર્હંતાની ભાવનાથી થાય છે.

સ્વાર્થલક્ષ મમતારૂપ છે, પરાર્થલક્ષ સમતાસ્વરૂપ છે.

સ્વને પરથી અધિક માનવો, તે મમતા છે અને
પરને સ્વની સમાન માનવો, તે સમતા છે.
વળી પર એ સ્વના વિસર્જનમાં ઉપકારક હોવાથી
સ્વથી અધિક માનવો, તે પણ સમતા છે.
અરિહંતોના નમસ્કારથી સમતા સધાય છે.
'અરિ' એટલે સ્વ. તેને હણનારા અથવા
'અરિહં' એટલે પૂજ્ય અને સમતાલક્ષને વરેલા.
તેમને નમવાથી વીતરાગતાના હેતુરૂપ સમતા આવે છે.
પૂજ્યતાનો હેતુ વીતરાગતા અને તેનો હેતુ સમતા છે.
તે સમતાને પામેલા અરિહંતો છે,
તેથી તેમનો નમસ્કાર સમતાલક્ષ તથા
સર્વ જીવો સાથે તુલ્યતાનો - આત્મીયતાનો લક્ષ
ભાવ આપીને જીવનું મમતાલક્ષથી રક્ષણ કરે છે,
જે લક્ષ આત્માના દુર્ગતિપાતનો હેતુ છે અને
તેનું નિવારણ સમતાલક્ષથી થાય છે.

'સમતા' એટલે સંવર, તેનું સાધન જાપ છે.

મમતા પાપસ્વરૂપ છે,

કેમકે તેનાથી હિંસા અને ક્રોધાદિ પાપો પેદા થાય છે.

સમતા ધર્મસ્વરૂપ છે,

કેમકે તેનાથી અહિંસા - ક્ષમાદિ ધર્મો ઉત્પન્ન થાય છે.

મમતાનો નાશ અને સમતાનો લાભ

આત્મસમદર્શિત્વ ભાવથી સધાય છે,

આત્મસમદર્શિત્વ જીવો સાથે સમતા સાધી આપે છે.

સમતાના શરણે ગયેલો મમતાની વિડંબનાથી બચી શકે છે.

મમતારૂપી પિશાચીનીથી પરાભવ પામેલાને

આશ્વાસન આપનાર સમતાનો સમુદ્ર જ છે.

નવકારનું સાક્ષાત્ પ્રયોજન આત્મસમદર્શિત્વ છે,

કેમકે નવકાર એ સમતાનો પૂજક છે,

સમતાની પૂજ્યતા, ગ્રાહ્યતા, આદેયતાને માનનારો છે.

શ્રી નવકારથી સામાન્ય અને ભાવનારૂપ સમત્વ આવે,

શ્રી સિદ્ધચક્રથી વિશેષ અને સર્વજ્ઞતારૂપ સમત્વ આવે.

સમ + આય = સમતાની પ્રાપ્તિ. તે પ્રાપ્ત થવાથી
સમાધિ આવે અને શાંતિમય જીવન પસાર થાય છે.
આપણે સૌ ભિન્ન હોવા છતાં એક છીએ, એવો
હૃદયમાં વિશ્વાસ રાખીએ, તો જ સમતા અનુભવાશે,
નહીં તો આ દુનિયામાં વૃક્ષોના બે પાંદડાં વચ્ચે પણ
સમાનતા નથી, તેનો આપણે ખેદ અનુભવાશે!

શું કરવાથી સમતા મળે?

અભ્યાસથી સમજણ, અવલોકનથી દૃષ્ટિ,
અનુભવથી પ્રત્યક્ષ પ્રતીતિ, જ્ઞાનથી વિચાર,
દર્શનથી સત્યાનુભૂતિ અને ચારિત્રથી સમતા મળે છે.
સ્વરૂપરમણતા = તારામાં જ રમણ કરનારી પતિવ્રતાસ્ત્રી.
આત્માની સમતા = કેવળજ્ઞાન રૂપ પ્રભા - પતિવ્રતાસ્ત્રી.
સૂર્ય + પ્રભાની જેમ આત્મા + સમતા અભિન્ન છે.
સમતાપૂર્વકની તપસ્યા વડે કર્મને બાળીને
પછી ધ્યાન વડે તેની રાખ પણ ઉડાવી દેવી.
સમતાનો વર્ણ શ્વેત અને રોષનો રંગ રક્ત હોય છે.

મમતાથી દુઃખ, સમતાથી સુખ.

સમતાને વિસ્તારવાનું કાર્ય સુખને વધારે છે.

સમતા અને મમતાના કારણો શું છે?

મમતાનું કારણ કર્મ અને બીજું કારણ સાપેક્ષત છે.
સમતાનું કારણ ધર્મ અને બીજું કારણ નિરપેક્ષત્વ છે.
'સાપેક્ષત' એટલે કર્મના સંબંધમાં આવવાની યોગ્યતા.
'નિરપેક્ષ' એટલે ધર્મના સંબંધમાં આવવાની યોગ્યતા.
દાન ધનની, શીલ વિષયોની, તપ આહાર-શરીરની અને
ભાવ જાતની મમતા છોડાવીને જાતિની મમતા કરાવે.
જાતમમતા ક્લેશોત્પાદક છે, જાતિમમતા ક્લેશનાશક છે,
તેથી તેને 'સમતા' પણ કહેવાય છે.

સમતા, તુલ્યતા, તુલ્ય પદાર્થોમાં અભેદબુદ્ધિનો આભાસ
આત્મસ્વભાવને પ્રગટાવનાર હોવાથી 'ધર્મ' ગણાય છે.
ધર્મ જીવમાત્રનું મંગલ અને કલ્યાણ કરે છે.
'મંગલ' એટલે મમતા ગાળી દે છે તે.
'કલ્યાણ' એટલે સમતાભાવને ભાવ આપે છે.

'न साम्येन विना ध्यानं, न ध्यानेन विना च तत् ।
निष्कंपं जायते तस्माद् द्वयमन्योऽन्य-कारणम् ॥'

અર્થઃ સમતાથી ધ્યાન અને ધ્યાનથી નિષ્કંપ સમતા-
આમ પરસ્પર કાર્ય-કારણભાવ વર્તે છે.

મનની મમતા કાઢવાના પ્રથમ ઉપાય તરીકે નવકાર મંત્ર
અને પછી સમતારૂપ બનવા માટે સામાયિક છે.

સમત્વની સાધના એ જ જિનશાસનની સાધના છે.

જેમ જેમ સર્વ જીવો પ્રત્યે સમત્વ સધાતું જાય,
તેમ તેમ જીવોના શત્રુભૂત કર્મ અને
તેના ફળરૂપ ભવ આકરો લાગતો જાય.

જીવને શત્રુભૂત 'ભવ' = ૫ વિષયો અને ૪ કષાયો.

નમવાથી મમતાનો નાશ થઈ સમતાભાવ પેદા થાય છે.

વિષય-કષાયના વિપાકોનો વિચાર કરવાથી પ્રાપ્ત થતો સમતાભાવ લૌકિક છે. જીવો પ્રત્યેના મૈત્રીભાવથી થતો વિષય અને કષાયો પ્રત્યેનો શત્રુભાવ લોકોત્તર છે, તેથી તેનો અભ્યાસ અંતે અસંગપણામાં પરિણમે છે.

'સમ' એટલે સત્ય, આત્મા, શૌચ.

બધાંને સમાન ગણવા એ સત્ય છે, તેથી

'સમતા' એ સત્યનો જ પર્યાયવાચક શબ્દ છે.

અસમત્વ એ અસત્ય છે, અનાત્મ છે, અશૌચ છે.

સમત્વરૂપી સૈન્યથી કામ, ક્રોધ, લોભ, મોહ નાશ પામે.

સમત્વનો અભાવ એ મોહ છે.

સમતા એ જ્ઞાન છે અને એ જ ધ્યાન છે.

મનમાં ભરેલી મમતા કાઢવાનો એકમાત્ર ઉપાય સમતા છે.

સમતાનો આધાર નમ્રતા છે, જે નવકારથી કેળવાય.

સર્વ ઘટનાઓ તરફ અને સર્વ સ્થિતિમાં ચિત્તને શાંત-પ્રસન્ન રાખવાની શક્તિને 'સમત્વ' કહેવામાં આવે છે.

સમતાનાં બે અંગો: હકારાત્મક અને નકારાત્મક.

સંસારના સર્વ પદાર્થોને ક્ષણભંગુર વિચારી કર્મ અને તેના ફળમાં અનાસક્તિ કેળવવી, તે નકારાત્મક સમતા છે.

'સર્વ સંજોગોમાં પરમાત્માનું જ અસ્તિત્વ છે' એમ સમજી એકસરખો આનંદ અનુભવવો, એ હકારાત્મક સમતા છે.

## સમત્વનું યથાર્થ સ્વરૂપ = સમત્વ એ જ યોગ.

અંતઃકરણના બે વિભાગ : એક દ્રષ્ટા અને બીજો દૃશ્ય. બીજ ઉચ્ચતર ભૂમિકામાં કર્મપરાયણતા અને નૈષ્કર્મ્ય સિદ્ધિનો સમન્વય શક્ય છે, તેમ ચિત્તમાં નિરાકુળતા, શાંતિ અને નિષ્ક્રિય ઉદાસીનતાની સાથે સક્રિય પ્રેમ અને આનંદનું સહઅસ્તિત્વ તે સમત્વનું યથાર્થ સ્વરૂપ છે. અવિદ્યા આચ્છાદિત પ્રકૃતિમાંથી આપણે દિવ્ય પ્રકૃતિમાં પ્રવેશ કર્યો છે કે નહીં, તેની કસોટી સમતામાં છે.

સમતામાં સદા સર્વ સંજોગો - પદાર્થો - ઘટનાઓમાં
માત્ર આનંદનું જ આસ્વાદન રહેલ છે.

સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય ભાવ રાખ્યા વિના;
આત્મતુલ્ય સ્નેહના પરિણામ જગાડ્યા વિના;
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય તથા માધ્યસ્થભાવ લાવ્યા વિના
ચિત્તાશય ટકતો નથી અને તે વિના સમતા ટકતી નથી.

સમતા વિના વિરતિ ન ફળે અને
વિરતિ વિના સાધના વંધ્યા બને છે.

## સમતાનું જ્ઞાન અને સપ્તભંગીનું ગંભીર રહસ્ય

વ્યવહારમાં એક ભંગ ભાવવો અને બાકીના ભંગોને અવ્યક્ત મનમાં રાખવા, આ છે સમતાનું જ્ઞાન.

સપ્તભંગી : (૧) અસ્તિ પણું છે. (૨) નાસ્તિ પણું છે.
(૩) અસ્તિ પણું નહિ. (૪) નાસ્તિ પણું નહિ.
(૫) બંને પણું નહિ. (૬) બંને પણું છે, એક પણું નહિ.
(૭) અવક્તવ્ય પણું છે.

અસ્તિભંગ જેટલો જ સાચો નાસ્તિભંગ છે, પરંતુ જ્યારે નાસ્તિભંગ કહેવાથી સામાને દુઃખ લાગી જાય તેમ હોય, તો તે નાસ્તિભંગને તે વખતે વચનમાં પ્રવૃત્ત ન કરવો. સર્વ જીવોના ઉપકાર કે પોતાના અપકારના વિષયમાં ય સપ્તભંગી લાગુ પાડી શકાય. ઉદાહરણ તરીકે જોઈએ તો: કોઈ કહે કે : 'મારી બીમારીનું દુખાવું ડબલ છે; તો તેને કહેવું કે : 'ભાઈ, તમે જે કહો છો, તે તદ્દન સાચું છે.' એ વખતે વ્યવહારમાં અસ્તિભંગને જ આગળ કરવો રહી બાકીના ભંગોને અવ્યક્ત મનમાં જ રાખવા.

## સમતાભાવનું ભાન છે...

નમ્રતા - શૂન્યતા - પ્રકૃતિ - એકતા, જે સર્વ સમાધાન છે.
પરદૃષ્ટિએ શૂન્યતા, સ્વદૃષ્ટિએ પ્રકૃતિ, સામાન્યદૃષ્ટિએ એકતા,
ઉભયદૃષ્ટિએ અનિર્વાચ્યતા યુગપત।

સમતા સામાયિક વડે એક બાજુ રાગ-દ્વેષાદિ અને હર્ષ-શોકાદિ દ્વન્દ્વોનું નિરસન થાય અને બીજી બાજુ સ્વપર ભેદબુદ્ધિ અને હું-તુંનો ભેદભાવ ચાલ્યો જાય છે. ભેદમાં અભેદ ભાળનાર તિર્યક્ સામાન્યનો વિચાર છે અને હર્ષ-શોકાદિ દ્વન્દ્વોમાં સમત્વને ટકાવનાર ઊર્ધ્વતા સામાન્યનું ભાન છે. દ્રવ્યદૃષ્ટિએ આત્મા ધ્રુવ, ગુણદૃષ્ટિએ આત્મા એક તથા પર્યાયદૃષ્ટિએ આત્મા અન્ય છે. એ રીતે ધ્રુવતા, એકતા, અન્યતાનો બોધ સમતાભાવનું ભાન છે.

○

## સમતાનો એક અન્ય અર્થ

*Let God take possession of you,*
*for God is infinite love.*

## સમ = સમતા - સમભાવ, આય = લાભ.

સામાયિક = જે ક્રિયાથી સમતાની પ્રાપ્તિ થાય, તે ક્રિયા.
કહ્યું છે કે : 'સમતા ગંગા મગનતા, ઉદાસીનતા જાત.'
અર્થાત્ સમતા રૂપી ગંગામાં મગ્નતા થવાથી
જે ઉદાસીન ભાવ પ્રાપ્ત થાય, તે જ ખરું સામાયિક છે.
'સામાયિક' એટલે સર્વ પ્રાણીઓને વિષે સમતા,
ઇંદ્રિયોના પાંચે વિષયો પ્રત્યે સમતા,
સર્વ પદાર્થો અને સર્વ ચિત્તવૃત્તિઓ પ્રત્યે સમતા.

## સમતા એક આભૂષણ

સમતા = સામાયિક, આત્મસ્થિરતા, આત્મભાવમાં રમણતા.
આમ સમતા આત્મસ્થિરતારૂપ છે અને
આત્મસ્થિરતારૂપ ચારિત્ર સિદ્ધોમાં પણ હોય છે.
સમતા એ સાધ્ય અને સાધન - ઉભયરૂપ છે.
સમતા કે સમભાવ એ માનસિક શાંતિનું સૂચક છે.
'આયા સામાઇએ આયા સામાઇયસ્સ અટ્ઠે ।'
- ભગવતી સૂત્ર શતક - ૧, ઉદ્દેશો - ૯

(૧) સમતા સર્વભૂતેષુ = સામ પરિજ્ઞાનમાં
આપણા મન - વચન તથા કાયાની
દુષ્ટ પ્રવૃત્તિઓના ત્યાગ માટેનું સામર્થ્ય પ્રગટે છે.

(૨) સમ પરિજ્ઞાન એટલે...
રાગ-દ્વેષના નિમિત્ત ઉપસ્થિત થવા છતાં સમતાવાનને
જે જ્ઞાન વગેરે ગુણોનો લાભ થાય તે (સામાયિક).
સમતા અપકારી પ્રત્યે ઉપકારી જેવો ભાવ આપે.
સમતાને કષ્ટો કે સુખ વિચલિત ન કરી શકે,
દુઃખ વ્યગ્ર ન બનાવે તથા માનાપમાન - નિંદાસ્તુતિ -
ઉપરાંત લાભાલાભમાં સમાન ભાવ આવે.

(૩) સમ્યક્પરિજ્ઞાન = શ્રેષ્ઠ વર્તન.
મોક્ષસાધનામાં સરખી રીતિએ સામર્થ્ય ધરાવતાં એવા
જ્ઞાન - દર્શન - ચારિત્રગુણોનો જે લાભ, તે સામાયિક.
ચારિત્ર એટલે પાપવ્યાપારનું પરિવર્તન અને
નિષ્પાપ વ્યાપારનું પ્રતિસેવન.
જગ! અહીં જ સાધકમાં સમ્યક્પરિજ્ઞાન દર્શાવે છે.

સમતાભાવ યુક્ત ક્રિયાવાન શુદ્ધ આત્મા
મહાકર્તા, મહાભોક્તા અને મહાત્યાગી છે.
મનથી આર્તરૌદ્રનો તથા કાયાથી સાવદ્ય વ્યાપારોનો ત્યાગ
બે ઘડી માટે પણ કરવાથી સમતાભાવનો અનુભવ થાય.
'અપ્પા સો પરમપ્પા |' આત્મા એ જ પરમાત્મા.
આત્માને પૂર્ણ શુદ્ધિ તરફ લઈ જવાનું
સર્વોત્તમ સાધન છે જીવનમાં સમતાની પ્રતિષ્ઠા.
'સમયાએ સમણો હોઇ |'
સમતાથી સાચા જૈન શ્રમણ બની શકાય.
સમતાની પ્રાપ્તિ અહિંસા, સંયમ, તપ દ્વારા થાય છે.
સમતાનું સુખ તે સિદ્ધત્વની વાનગી છે.
સમતા એ મનુષ્યની સૌથી મોટી ગુણ છે.
મહાવીરના દિલમાં જો પ્રવેશ મેળવવો હોય, તો
ગુરુએ મસ્તક જઈ શકાય, તો અથડામણ નહીં થાય.
°
Infinite love = God. સમત્વ એટલે યોગ.

સર્વ જીવો અને ગુણીઓમાં સમાન ભાવ તે વિધાયક સમતા છે તથા તે વડે ઈંદ્રિયો - મન વશમાં આવે છે.

ષડ્ જીવનિકાયની રક્ષા રૂપી સંયમ પણ
જીવસમતા અને ગુણસમતા વડે વિસ્તાર પામે છે.

પરિસ્થિતિસમતા વડે outer poise જળવાય છે અને
ગુણસમતા વડે inner harmony જળવાય છે.

ગુણસમતા = એવી ભાવના કે:
ભાવાદિ ત્રણે ગુણીઓમાં મોક્ષ દેવાનું સરખું સામર્થ્ય છે.

પરિસ્થિતિસમતા = 'વિષમતા કર્મજન્ય છે' એમ વિચારીને
રાગદ્વેષનો નિગ્રહ અને મનઃસ્થિરતા કેળવવી તે.

'સર્વ પ્રાણીઓ પોતાના આત્માની તુલ્ય છે' અને
'પોતાનો આત્મા પરમાત્માની તુલ્ય છે' એવા
સત્યનું દર્શન પ્રકટ થતાં સૌમાં સુષુપ્ત રહેલા
પરમાત્મતત્ત્વનું યથાર્થ દર્શન થાય છે,
જે જીવનમાં વાસ્તવિક સમતા જન્માવે છે અને
આવી તાત્ત્વિક સમતા જ સામાયિકની ક્રિયાનો પ્રાણ છે.

સત્તાથી નહીં, પરન્તુ સમતાથી શાંતિ મળે છે.

'સમતા' એટલે પ્રસન્નતા, પ્રશાંતતા, સહૃદયતા, શાંતતા, સમાનતા, નમ્રતા, ક્ષમાશીલતા, નિયમિતતા ઉપરાંત સ્વચ્છતા અને સમર્પિતતા - એ સર્વ ગુણો છે.

સમતા = વિષયોથી વિમુખતા, વાસનાઓથી વિરક્તતા અને કષાયોથી વિમુક્તતા. સમતા કે ઉપશમ દ્વારા જ શાશ્વત રૂપથી સુખ - શાંતિ નિર્મિત થઈ શકે છે.

સમતાના બે લક્ષણ

જીવો પ્રત્યે મૈત્રી અને પુદ્ગલ પ્રત્યે માધ્યસ્થ્ય.

જડવસ્તુતાનો વિચાર મિથ્યાત્વનો પ્રતિરોધક છે.

'વૈભવ માત્ર કર્મકૃત છે' એ વિચાર
અનંતાનુબંધી કષાયોને રોકે છે.

સમતાની પ્રાપ્તિ માટે ત્રણ વસ્તુનો વિચાર કર્તવ્ય છે:

(૧) જીવનો પરમ પારિણામિકભાવ = સહજસ્વરૂપ
(૨) જગતનો ઔદયિકભાવ = કર્મ
(3) પ્રભુનો ક્ષાયિક-ક્ષાયોપશમિકભાવ = ધર્મ.

સમતા એ સર્વ ધર્મોએ ચીંધેલો દુઃખમુક્તિનો,
મોક્ષ - ઈશ્વરપ્રાપ્તિ - નિર્વાણસુખનો સામાન્ય માર્ગ છે.
માનસિક સમતોલન, કાળજાની ટાઢક તથા જૈનો જેને
'સમતા' કહે છે, એ જ રોગનિર્મૂલનનો અથવા ખરું
જોતાં સર્વ રોગોમાંથી મુક્ત થવાનો સર્વોત્તમ માર્ગ છે.

અતિ હર્ષ, અતિ લાભ, અતિ શોક વગેરે
શરીરરૂપી ત્રાજવાને ડામાડોળ બનાવે છે, કિન્તુ
સમતા અથવા 'સમમાં વસવું' એજ મન અને શરીરને
રોગમુક્ત કરવાનો સામાન્ય ઉપાય છે.

સ્વસ્થ થવું, મૂળ હોઈએ તેવા થવું, સાજા - નરવા,
સમતોલ અને શાંત થવું - બધા સમાર્થક વાક્યો છે.

દ્રવ્ય, ગુણ, પર્યાયરૂપે જીવાત્માઓમાં રહેલા
સામ્યનો વિચાર કરવો, તે 'બ્રહ્મવિચાર' છે,
જે સમતાભાવનો વિસ્તાર કરે છે, તેથી વૈષમ્ય ટળે છે,
સામ્ય પ્રગટે છે, દોષમુક્ત થવાય છે અને
વિશુદ્ધ બ્રહ્મ આવિર્ભાવ પામે છે.

મોક્ષનું અનંતર કારણ સમતા છે.

તેનો લાભ જે કોઈ ક્રિયાથી થાય, તેનું નામ સામાયિક.

પ્રભુએ સામાયિક ધર્મનો ઉપદેશ કર્યો છે તથા
સ્વયં તેને આચરીને અને તેનું ઉત્કૃષ્ટ ફળ મેળવીને
અન્યોને પણ સમતા ધર્મનો ઉપદેશ કર્યો છે,
સમતાનું પાલન થાય, તેવા તીર્થ અને તે ઉપરાંત
ગણધર ભગવંત આદિ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી છે,
તેમાં સામાયિક ધર્મને અંગીકાર કરનારને સ્થાન છે.
તીર્થંકર ભગવંતોએ તો માત્ર નવકાર ગણનારને પણ
સમકીત સામાયિકનો આરાધક કહ્યો છે.

શ્રુત સામાયિકની આરાધના એટલે...

જીવાદિ તત્ત્વોનું હેયોપાદેય વિભાગથી જ્ઞાન મેળવવું.

સમકીત સામાયિકની આરાધના એટલે...

જીવમાત્ર પ્રત્યે વૈરત્યાગ કરી મિત્રભાવ ધારણ કરવો.

શ્રુત સામાયિક તથા સમકીત સામાયિકમાં
દેવ, ગુરુ, સંઘ અને સાધર્મિકની ભક્તિ મુખ્ય છે.

## સમતા સાથે ગોઠડી

'દોડિયે માર્ગ શિવનગરનો, જેહ ઉદાસીન પરિણામ રે,
તેહ અણછોડતાં ચાલીયે, પામીયે જેમ પરમ ધામ રે...
- યતિન લાલ આજુવાળીઓ'

નિશ્ચય-વ્યવહાર ઉભયનય સમતાને મોક્ષમાર્ગ માને છે.
વ્યવહારનયની સર્વ ક્રિયા એક સમતાને સાધવા જ છે.
માર્ગાનુસારિણી ક્રિયા વડે જ સમતા સાધ્ય છે.
જિનેશ્વર રૂપી વૈદ્યે ભવરોગના ઔષધ તરીકે
અનેક પ્રકારની સામાચારી રૂપી ઔષધ બતાવ્યાં છે.
ચારિત્રધર્મ રૂપી રાજાની કન્યા તરીકે સમતાને કહી છે,
કારણકે સમતાથી મમતા નાશ પામે છે.

હૃદયરોગના હુમલાથી બચવા ચાર 'F'થી દૂર રહો:
Fuss (પંચાતખોર), Fatigue (થાક),
Fury (ક્રોધ) અને Fear (ભય).

સુખ-દુઃખ, લાભ-અલાભ અને જય-પરાજય, એ
બધામાં સમતા જાળવવા શીખે, તે હૃદયરોગથી બચી જાય.

સમતા = સામ્યસર્વસ્વ = ઉત્કૃષ્ટ ધર્મ = આર્હંત્ય.

સકલ અરિહંતોમાં રહેલ આર્હંત્ય સિદ્ધોનું અધિષ્ઠાન છે.

અહો અહો લોકનું તે આધિપત્ય ધરાવે છે.

તેની સત્તા નીચે સમગ્ર વિશ્વ છે.

જે કોઈ તેનું ઉલ્લંઘન કરે છે, તે શિક્ષા પામે છે.

જે કોઈ તેનું અનુસરણ કરે - કરાવે છે,

તેઓ સ્વર્ગાપવર્ગના ભોક્તા બને છે.

શ્રમણ સંસ્કૃતિએ પ્રબોધેલી સાધના પદ્ધતિના કેન્દ્રરૂપ

કોઈપણ વસ્તુ હોય, તો તે સમતા - સહનશીલતા છે.

'ઉવસમસારં ખુ સામણ્ણં !'

શ્રમણપણાંનો સાર ઉપશમ - ક્ષમા - રાગ-દ્વેષની નિવૃત્તિ.

જૈન ધર્મનો સાર - સાધનાનો પ્રાણ શું ?

'નાના - મોટાં બધા જીવો મારા મિત્ર છે,

મારે કોઈની સાથે વૈર કે વિરોધ નથી.'

આ સમતા જૈન ધર્મનો સાર છે, સાધનાનો પ્રાણ છે.

સમતાને સાધો અને મોક્ષને મેળવો.

અરિહંતોની શક્તિ તે આર્હંત્ય, જે સમતારૂપ છે અને
સમતા - સામ્ય એ જ અરિહંતોની આત્મા છે.

'આસ્રવો સર્વદા, હેય અને સંવર માત્ર ઉપાદેય છે'
એવી અરિહંતોની આજ્ઞાનું હાર્દ સામ્યભાવ છે.
પ્રભુઆજ્ઞાનું સ્વરૂપ એક જ શબ્દમાં કહેવું હોય, તો
તે 'સામ્ય' છે, સામ્યબુદ્ધિ યા સમત્વભાવની પ્રાપ્તિ છે.
એ સામ્યભાવ જ સકલ અરિહંતોનું પ્રતિષ્ઠાન, મોક્ષ-
લક્ષ્મીનું નિવાસસ્થાન અને સ્વર્ગ - મર્ત્ય - પાતાલરૂપ
ત્રિલોકીનું સ્વામિત્વ અપાવનાર સારતત્ત્વ છે.

વિશ્વની વ્યવસ્થા સામ્યભાવના આધારે છે.
વિશ્વમાં દેખાતી અવ્યવસ્થા સામ્યભાવનાં ભંગનું ફળ છે.
આર્હંત્ય યા સામ્યભાવ વિશ્વવત્સલ છે.

સમતાનું સ્વરૂપ એટલે...

ભેદભાવનો નાશ અને અભેદભાવની ઉત્પત્તિ.
ભેદભાવમાંથી હિંસા - ક્રોધાદિ આસ્રવો, અભેદભાવમાંથી
અહિંસાદિ અને ક્ષમાદિ સંવર ભાવો ઉત્પન્ન થાય.

સમતા અને શાંતિના પોષક ગુણો અટલ...

ભવનો ભય, પાપની અરૂચિ, તત્ત્વપ્રેમ, ધર્મક્રિયામાં દૃઢતા.

'સમયા ધમ્મમુદાહરે મુણી ।' સમતાનો આય તે સામાયિક.

વીતરાગતા, અપ્રમાદ, મુક્તાવસ્થા આદિ
સમતાના જ કાર્ય અને પર્યાય છે અને
સમતા જ સર્વ ધર્મ - કર્મનું સાધ્ય છે.

એ વિચાર સમત્વપોષક છે કે:

વિશ્વમાં બનતી સર્વ ઘટનાઓ ૫ કારણોને આધીન છે.

તાત્ત્વિક વિચારણા, આધ્યાત્મિક દૃષ્ટિ ઉપરાંત યથાસ્થિત પદાર્થોના બોધથી સમતાભાવને અસ્ખલિતપણે ટકાવાય.

સમતાભાવ એ જ સંવર અને શુભ અધ્યવસાય છે,
નિર્જરા અને મોક્ષનું અનન્ય કારણ છે.

સમતાની કાવડ લઈને વિચરનારા યાત્રાળુઓથી પાપ સ્વયં ભયભીત રહે છે, એ કાવડ રામનામ રૂપી અમૃતથી ભરેલી રહે છે. તેના પ્રભાવે કોઈ ભય રહેશે નહિ અને સર્વ દુઃખોનો હંમેશા માટે અંત આવ્યો છે.

## સમતાની પ્રાપ્તિના ત્રણ ઉપાય

જીવોનું જીવત્વ પ્રચ્છન્ન શિવત્વ છે.

તેની સાથે સહૃદયતાથી મૈત્રી કેળવવી,
તે સમતાની પ્રાપ્તિનો પરમ અને પ્રથમ ઉપાય છે.
મૈત્રી, તેનું ફળ અહિંસા અને તેનું ફળ સમતા છે.
કર્મકૃત અવસ્થાઓ જે વિયોગાંત, દુઃખપ્રદ, વૈભાવિક છે,
તેના પ્રત્યે સમભાવ કેળવવો, એ બીજો ઉપાય છે તથા
પ્રભુની આજ્ઞા સપ્તનયમય છે, તે સર્વ સદ્વસ્તુને
આવરી લે છે અને આત્મસ્વરૂપમાં મળી જાય છે,
તેથી તેનું અનુપાલન એ સમતાપ્રાપ્તિનો ત્રીજો ઉપાય છે.
સમતા = ચિત્ત, મન, આત્માના પરિણામની વિશુદ્ધિ.
તેનું સાધન તે મોક્ષમાર્ગ અને તેનું ફળ તે મોક્ષ.

સમતાને નિષ્પ્રકંપ બનાવવા ધ્યાન જોઈએ.
એના જેવું કશું મહત્ત્વનું નથી કે કશું સરળ પણ નથી.
દ્વૈતવાદમાં સ્વામી - સેવકભાવ, ભક્ત - ભગવાનવાદ છે.
અદ્વૈતવાદ અથવા સમતાવાદમાં સર્વત્ર સમતા છે.

કઠણાઈ અને સરળાઈ, શાતા અને અશાતા-

સમતાને કારણે સર્વ ભગવદ્ ભક્તને સરખાં જ છે.

'દેહ વિષે કઠણાઈ હોવી ઘટિત નહિ'

એમ ઉગતું હોય, તો તેનું કારણ એ જ છે કે

જ્ઞાનીના કહેવા પ્રમાણે તમે શરીર પ્રત્યે

નિઃસ્નેહ અને સમભાવી થઈ પ્રતિબંધરહિત થાઓ.

મમતાગ્રસ્ત માને છે કે 'શરીર મારું છે;'

પરન્તુ સમતાવાન માને છે કે...

'પ્રારબ્ધ રોગને ટાળવા આ કઠણાઈ આવેલી છે.'

જે વાટેથી અનંત કાળે ગ્રહાયેલ આગ્રહનો-પોતાપણાંનો

અને અસત્સંગનો નાશ થાય, તે વાટે વૃત્તિ ભાવવા,

એવું ચિન્તન અને પરભવનો દૃઢ વિશ્વાસ રાખવાથી

સમતા મેળવવામાં કેટલેક અંશે જય પમાશે.

'સર્વત્ર સમતા અયન |' સર્વ સાથે સમત્વભાવ ધારણ

કરનાર હોય, તે જ પ્રભુના ધર્મનો અધિકારી ગણાય.

પૂર્ણ વીતરાગની અનુસરણ નિરંતર મસ્તકે રહો.

## તીર્થંકરની માતા જે ૧૪ મહાસ્વપ્નો જૂએ છે,
## તેમાં... અગ્યારમું સ્વપ્ન સિંહાસન.



પરાક્રમના પ્રતિનિધિ એવા વનરાજના મુખથી શોભતું,
વિશાળ રત્ન-મણિ અને હીરા-મોતીજડિત
સુવર્ણ સિંહાસન આ સ્વપ્નના ફળરૂપે એમ સૂચવે છે કેઃ

આ બાળ સમસ્ત રાજ્યનો સ્વામી અને પ્રજાનો હિતચિંતક થશે.



: સાધનાના વૃક્ષને શ્રદ્ધાનું જળ સીંચતા રહો :
તેથી સિદ્ધિના અભિનવ પુષ્પો અવશ્ય ખીલે છે.
'तमेव सच्चं निःस्संकं जं जिणेहिं पवेइयं ।' અર્થાત્ઃ
તે જ સાચું અને શંકા વગરનું છે, જે ભગવાને કહ્યું છે.
એવી સમ્યક્ શ્રદ્ધા જ સમ્યક્ત્વનું કારણ છે.
સમ્યક્ત્વ અંતરાત્મભાવ કે આત્મતત્ત્વ તરફનું ખેંચાણ છે.
જીવને એ ખેંચાણ થાય, ત્યારે જ સમજવું કે સમ્યક્ત્વ આવી રહ્યું છે.

www.fiestadesigns.in